ચંદ્રાવલોકન

પ્રો. સી.ડી. મોદી
(ચંદ્રધન)

VISIT…

LANZAROTE Caliente.com

CHANDRAVLOKAN
ચંદ્રાવલોકન

પ્રત : ૫૦૦

આવૃતિ : પ્રથમ

મૂલ્ય : ૫૯૯.૦૦

પ્રકાશક
બીગફૂટ પબ્લીકેશન, ગુરુગ્રામ

મુદ્રક

લે આઉટ-ડિઝાઇન
ગુરુ ડિઝાઈન શોપ,
બીજો માળે ૩૩, બાકરોલ સ્કેવર,
વૈભવ સિનેમાની બાજુમાં,
બાકરોલ - વલ્લભ વિદ્યાનગર રોડ,
બાકરોલ ૩૮૮૩૧૫
મો ૯૮૨૫૬ ૪૪૨૧૫, ૯૬૬૨૪ ૪૫૪૪૩

અર્પણ



અ. સૌ. ઈન્દીરા સી. મોદી

મારા પરિવારમાં પૂર્ણિમાના ચંદ્રનો પ્રકાશ પાથરનાર
મારી પ્રિય ધર્મપત્ની ઈન્દીરાને પ્રેમપૂર્વક અર્પણ.

પૂર્વભૂમિકા

અંતાક્ષરી (અંતકડી) એ સમય પસાર કરવા માટે કે આનંદ મેળવવા માટે ખૂબ જાણીતી એવી સરસ મજાની રમત છે. પ્રવાસ દરમ્યાન રસ્તો તથા સમય પસાર કરવા માટે લોકો અંતાક્ષરી રમતા હોય છે. આશરે દોઢ દાયકા પેહલાં એક યુગલ મિત્ર સાથે ભાદરવી પૂનમના 'માં' અંબાજીના મેળા પ્રસંગે પગપાળા પ્રવાસ દરમિયાન, પૂનમની આલી રાતે- ચૌદશની રાતે ચૌધવીના ચાંદની ચાંદનીના અજવાળે પર્વતાળ માર્ગોમાં અમારી યાત્રા ચાલતા કે વિરામ કરતા કરતા આગળ વધતી હતી. રસ્તો કાપવા માટે અમે અંતાક્ષરી રમવાનું શરૂ કર્યું, પરંતુ ચૌદશના ખિલેલા ચંદ્રની નિખરેલી ચાંદનીથી પ્રભાવિત થઇને અમે ફક્ત ચંદ્ર-ચાંદની ના શબ્દો વાળા જાણીતા ગીતો ગાવાનું ચાલુ કર્યું. જેમ જેમ ગીતો ગવાતા ગયા તેમ તેમ વધુને વધુ ગીતો યાદ આવવા લાગ્યા. ચંદ્ર-ચાંદની પરના વિવિધ મૂડના ગીતો ગાવા સાંભળવાના આનંદપ્રદ અનુભવ પછી એવું વિચાર્યું કે આવા ગીતોનો વધુ સંગ્રહ કરી એકાદ લેખ લખવો.પછી તો ચંદ્રના ગીતોનો સંગ્રહ થતો ગયો. ઘરે બેઠક ખંડમાં કે ઓસરી ઓટલા પર બેઠા બેઠા ગીતો સાંભળતા સાંભળતા ચંદ્ર-ચાંદનીના ગીતોની યાદી બનતી ગઇ. પ્રથમ સો ગીતો થયાત્યારે લાગ્યું કે આ યાદી રોજ બરોજ સમયાંતરે લાંબી થતી જાય છે. એકલા કે કુટુંબ કે મિત્રો સાથે બેઠા, બેઠા ચાલતા ચાલતા, તેમજ કાર, બસ, ટ્રેન અને પ્લેનની મુસાફરી દરમિયાન ચંદ્ર-ચાંદની પરના ઘણા ગીતો સાંભળવા મળ્યા. રેડિયો, ટી.વી., સીડી પ્લેયર, ટેપ રેકોર્ડર, પેન ડ્રાઇવ જેવા વિવિધ ઓડિયો-વિડિયો માધ્યમોથી સાંભળે વધુને વધુ ગીતો નોંધાતા ગયા. આવા ગીતોના સંગ્રહમાં પત્ની, દીકરા દીકરી અને તેમનાં બાળકોનો ય સાથ મળતો રહ્યો.

હિન્દી ફિલ્મી ગીતોની જેમ બિન ફિલ્મી હિન્દી ગીત ગઝલોમાં પણ ચાંદ ચાંદનીનો સારો એવો ઉપયોગ થયો છે. વળી ચંદ્ર-ચાંદનીનો શેર-શાયરીમાં પુષ્કળ ઉપયોગ થયો છે. આવા બિનફિલ્મી ગીત-ગઝલ, શાયરીઓ પણ એકત્ર કરવા પ્રયાસ કર્યો. ઘણા ગુજરાતી ફિલ્મી તથા લોક ગીતો અને ગરબામાં પણ ચંદ્ર-ચાંદનીનો બહોળો ઉપયોગ જોવા મળે છે. આવા કેટલાક ગીતો પણ એકત્ર કરવામાં આવ્યા છે.

ચંદ્રનો પ્રભાવ ગીત-કવિતા જ નહિ પરંતુ ભાષા-વ્યાકરણ, કહેવત-મુહાવરા અને ગદ્ય પર પણ જોવા મળે છે. ચંદ્રનો વિશેષ પ્રભાવ તો વિવિધ પ્રકારાં નામો પર જણાય છે. ત્રી-પુરુષોના નામ, જાતિ-જ્ઞાતિના નામ, સ્થળ વિશેષના નામ (રહેઠાણ, ગામ, વેપાર-વાણિજ્ય એકમો, પર્વત, ડુંગર, નદી, વાવ, તળાવ તથા સાંસ્કૃતિક તેમજ વિશેષ નામો)માં ચંદ્ર, ચાંદ, ચંદા, ચંદર, ચંદ્રન, ચંદાની, ચાંદના, ચંદના, ચંદ વગેરેનો બહોળો ઉપયોગ થવા પામ્યો છે. વાર્તા, નવલકથા, પ્રવાસવર્ણનો, સામયિકો, સમાચારપત્રો, પત્રિકાઓ, તકતીઓ વગેરેમાં ચંદ્ર અને તેને સંલગ્ન શબ્દો સાથે જોડાયેલ કે તે પરથી બનેલા પુષ્કળ નામો જોવા મળે છે. આવા વિવિધ નામોની શક્ય તેટલી યાદી બનાવાઇ છે.

ચંદ્ર વિશે હિન્દુ- પૌરાણિક શાસ્ત્રોમાં ઘણી મીથ-માન્યતાઓ પ્રચલિતછે. હિન્દુ / ભારતીય તિથી તહેવારોમાં તેમજ જ્યોતિષ શાસ્ત્રમાં ચંદ્રનું વિશેષ મહત્ત્વ છે. ચંદ્રમાં કડવા ચોથની પ્રાર્થના, પૂર્ણિમાના પવિત્ર

તહેવારો, પ્રત્યેક તિથી સાથે જોડાયેલ ધાર્મિક સામાજિક ઉત્સવો તથા ઇદની ઇબાદત અને દુવા પણ છે.

ચંદ્ર એ પૃથ્વીનો એક માત્ર નરી આંખે જોઇ શકાય તેવો કુદરતી ઉપગ્રહ છે, જે આકાશમાં વિવિધ કલાઓ અને અદ્‌ભૂત દશ્યો સર્જે છે. ચંદ્ર સાથે ઘણી અદ્‌ભૂત ખગોળ શાસ્ત્રીય ઘટનાઓ સંકળાયેલી છે.

ચંદ્ર અને ચાંદની પૃથ્વી પરના માનવજીવન ઉપર ગાઢ અસર જન્માવે છે. ચંદ્ર અને તેની ચાંદની માનવીના મનને પ્રસન્ન કરવા સાથે પાગલપન- દીવાનાપનની હદ સુધી ઘેલું પણ લગાડે છે. ચંદ્ર સાહિત્યકારોનો પ્રેરણાસ્રોત છે. ચંદ્રના માધ્યમથી કવિઓએ મનુષ્યના વિવિધ મૂડ-ભાવ વ્યક્ત કર્યા છે. ચંદ્રના રૂપ (કળાઓ) અને મૂડ વૈવિધ્યપૂર્ણ છે. સળી જેવો પાતળો, આછો, વધતો, ઘટતો પૂર્ણ પણે ગાયબ થતો, વાદળોમાં લૂપાતો છૂપાતો, પૂર્ણતા તરફ વધતો જતો, પૂર્ણતાની નજીકતો ક્યારેક પૂર્ણ રૂપે પૂનમનો ચાંદ ! ચંદ્ર મેઘાવી-તેજોમય અટલ આકાશી પદાર્થ જે માનવીના ચિત્તને આકર્ષીને ઘેલું લગાડે છ, પાગલ બનાવે છે. પ્રેમીઓ માટે ચંદ્ર-ચાંદની ઉદ્દીપક રસાયણ છે, તો વિરહીજનોને વ્યાકૂળ બનાવતો વેરી છે. ચંદ્રની ઉપસ્થિતિ મિલનની ઝંખનાને તીવ્ર બનાવે છે. અને મિલનની પળોને અત્યંત રોમાંચક બનાવે છે. પ્રિય પાત્રની દૂરી કે વિરહની સ્થિતિમાં ચંદ્રની ચાંદની શીતળતાને બદલે આગ વરસાવે છે. રાત્રીના સમયે ચંદ્ર અનેકોનો સાથી, હમરાઝ, હમસફર, સાક્ષી અને સંદેશવાહક છે. ચંદ્ર એ સૌંદર્ય અને તેજસ્વીતાનું પ્રતીક છે. તેથી જ તો રૂપાળી સૌંદર્ય અને તેજસ્વીતાનું પ્રતીક છે. તેથી જ તો રૂપાળી સ્ત્રી અને પ્રતિભાવાન પુરુષોની ચંદ્ર સાથે તુલના કરાય છે. આવી તુલના કરતી વેળા ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા અને અતિશ્યોક્તિનો પણ પ્રયોગ થાય છે. ચંદ્ર જેવં ચંદ્ર જ જાણે ચંદ્ર અને ચંદ્રથીયે અધિક ! પ્રેમી-પ્રેમિકા ઉપરાંત માતા-પિતા-સંતાન, ભાઇબહેન, મિત્ર જેવા સંબંધોનો સેતુ રચવામાં પણ ચંદ્રનો ભરપૂર ઉપયોગ થાય છે. લોરી ગીતો અને બાળ ગીતોમાં પણ ચંદ્રનો બહોળો ઉપયોગ થયો છે. જીવનની ફિલસૂફી પણ ચંદ્રના માધ્યમથી ઘણા ગીતોમાં રજૂ કરાઇ છે. ચંદ્રના ગીતો આનંદી (પ્લેફૂલ) તેમ દુ:ખના ભાવ વાળા (શેડ) પણ હોય છે.

ચંદ્ર સ્ત્રી-લિંગ તેમ પુલ્લીંગ પણ છે!

ચંદ્ર, ચાંદો, ચાંદ, ચંદો, ચાંદલિયો, ચાંદા મામા એ ચંદ્રના પુલ્લીંગ નામો છે, તો ચંદ્રમા, ચંદા, ચંદ્રિમા, ચંદ્રિકા, ચંદના, પૂનમ, પૂર્ણિમા એ સ્ત્રીલિંગ નામો છે. ચંદ્ર દેવ તેમ ચંદ્ર દેવી સ્વરૂપ પણ છે. વિવધ માનવ સંસ્કૃતિમાં ચંદ્રને વિવિધ સ્વરૂપે કલ્પવામાં આવે છે. ચંદ્રની પૌરાણિક કથાઓથી માંડી ચંદ્ર પર જવાના માનવીના કાલ્પનિક તેમજ વાસ્તવિક પ્રયાસો અત્યંત રોમાંચક છે.

ચંદ્ર-ચાંદનીના ગીતો નોંધવામાં હંમેશાં મુસાફરીમાં મારી સાથે રહેતી જીવન સંગિની ઇન્દીરાનો અમૂલ્ય ફાળો રહ્યો છે. દીકરા-દીકરી અને પૌત્રો-પૌત્રીઓ તથા દોહિત્ર દોહિત્રીએ આવા ગીતો વોટ્સેપ કરીને ચંદ્રગીતોની યાદી લંબાવવામાં સહયોગ કર્યો છે. મુસાફરીમાં ઘણે ભાગે અમારી સાથે રહેતા અમારા કૌટુંબિક યુગલ મિત્ર શ્રીમતી લીલાબેન તથા શ્રી મહેન્દ્રભાઇ સ્વામીએ આ પુસ્તકના લેખનમાં અમને હંમેશા પ્રોત્સાહન આપ્યું છે.

ઇ.સ. ૧૯૩૭ થી ૨૦૧૯ ના વર્ષો દરમિયાનની હિન્દી ફિલ્મોના ચંદ્ર-ચાંદની વાળા આશરે એક હજારથી વધુ (૧૦૬૫) ગીતો એકત્ર થઇ શક્યા છે, તેમ છતાં આ યાદી અધૂરી છે. હજુ ઘણા ગીતો સામેલ થઇ શક્યા

નથી, શોધી શક્યા નથી. ઘણા બધા ગીતકાર, સંગીતકાર, ગાયક, અભિનયકાર, ચંદ્ર-ચાંદનીના ગીતો સાથે સંકળાયેલ છે, ભાગ્યે જ કોઇ કલાકાર તેમાંથી બાકાત હશે. સદર પુસ્તક વાચકો માટે ભાષા-સાહિત્ય, સંસ્કૃતિ તથા ફિલ્મો વિશે એક માહિતીપ્રદ રસપ્રદ પુસ્તક બની રહેશે તેવી આશા છે.

પુસ્તકની સુંદર પ્રસ્તાવના લખી આપવા બદલ ડૉ. હસિત મહેતા (પ્રિન્સીપાલ, સૂરજબા મહિલા કૉલેજ, નડીયાદ) પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું. પુસ્તક લેખન વિષે કિમતી સૂચનો કરવા તથા અભિપ્રાય લખી આપવા બદલ ગુજરાતના જાણીતા કેળવણીકાર અને સમાજસેવી અગ્રણી શ્રી ડૉ. મફતભાઈ પટેલ (તંત્રીશ્રી 'અચલા') તથા શ્રી મણીભાઈ પ્રજાપતિ (ડાયરેકટર ઓફ પબ્લીકેશન, કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર) નો હૃદયપૂર્વક આભાર માનું છું. પુસ્તકનું સુંદર મુદ્રણ કરી આપવા બદલ શ્રી ભરતભાઈ રાજ્યગુરુ તથા કેતનભાઈ રાજ્યગુરુ, ગુરુ ડિઝાઈન શોપ, વલ્લભ વિદ્યાનગર તથા ઝીણવટપૂર્વક પ્રૂફ રીડીંગ તથા ભાષા શુદ્ધિ કરી આપવા બદલ પ્રો. ગિરીશભાઈ ભટ્ટ (નિવૃત અધ્યાપક, આર્ટસ કૉલેજ, મહેસાણા અને તલોદ) પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું. પુસ્તકના પ્રકરણોને અનુરુપ રેખાંકન- ગ્રાફીકલ કરી આપવા બદલ અદિતી પ્રતીક મોદીના સહયોગની વિશેષ નોંધ લઉં છું.

- પ્રો. સી.ડી. મોદી

પુસ્તક અવલોકન

મારા સાત દાયકાથી વધારે સમયના સાહિત્ય તરફના પ્રેમ, વાંચન, લેખન અને અભ્યાસને કારણે ઘણાં વિષયો સંદર્ભે વાંચવાનું, લખવાનું થયું છે. સંશોધનના વિષયો અને તેની બાબતો પણ તપાસી છે, પણ તે બધામાં વળી ભાત પાડે તેવા વિષયવસ્તુ સાથે અભ્યાસુ અધ્યાપક પ્રો. સી. ડી. મોદી મારી પાસે આવ્યા. પાટણ. સ્થિત ટી.એસ.આર. કૉમર્સ અને એન.જી.ઈ.એસ. કૉલેજ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝના આચાર્ય તરીકે સેવાનિવૃત્ત થયેલા અભ્યાસુ અધ્યાપક પ્રો. સી. ડી. મોદીએ 'ચંદ્રાવલોકન' નામનો અતિ સુંદર અદ્‌ભુત ગ્રંથ પાઠકો સમક્ષ મૂકી કમાલ કરી છે.

પ્રો. સી. ડી. મોદી મૂળ અર્થશાસ્ત્રના અધ્યાપક હતા, પરંતુ વિવિધ વિષયોમાં ખેડાણ કરી સમારંભોનું આયોજન કર્યું છે. વિવિધ સામયિકોમાં અભ્યાસલેખો આલેખ્યા છે. તેમનું પુસ્તક 'ઉત્તર ગુજરાતમાં રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય ચળવળ તથા સ્વાતંત્ર્ય સેનાનીઓ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થયું છે. તે પણ તેમના સંશોધનની શૈલીનો સુંદર અને અભ્યાસપૂર્ણ પુરાવો છે.

ચંદ્ર પૃથ્વીનો માત્ર ગ્રહ નથી પણ વિવિધ સ્વરૂપો દ્વારા પૃથ્વી પરના માનવીઓ માટે પ્રેરણાસ્રોત બન્યો છે. ચંદ્ર નિર્જીવ હોવા છતાં તેની પ્રેમાળ ચાંદની પ્રેમીઓ, કવિઓ, સાહિત્યસર્જકોનું ઉદ્દીપક રસાયણ છે.

પ્રો. મોદીએ ચંદ્રનું અવલોકન અનેક સ્વરૂપોમાં કર્યું છે. ચંદ્ર હૃદય અને પ્રેમનું પ્રતીક છે. વૈજ્ઞાનિકોએ ચંદ્ર ઉપર જવાનો પ્રયત્ન કર્યો. વૈજ્ઞાનિકો તો માત્ર તેને એક ગ્રહ તરીકે સ્વીકારે છે, પણ જગતના લોકોએ ચંદ્રને જીવન સાથે જોડી દીધો છે. લેખક ૨૫ પ્રકરણોમાં ચંદ્ર જેને આપણે અનેક નામોથી સંબોધીએ છીએ, તેના વિવિધ સ્વરૂપોનું સાહિત્યિક, કાવ્યત્વ રૂપ આપીને ગ્રંથને વૈજ્ઞાનિક બનાવ્યો છે. ચંદ્રએ કવિઓનું સર્જન કર્યું છે. હજારો કવિઓએ ચંદ્રની પ્રભા ઉપર કાવ્યો લખીને પોતે કવિ બની ગયા છે. ચંદ્ર આપણો સાંસ્કૃતિક વારસદાર બન્યો છે.

પ્રો. મોદીએ પ્રસ્તુત ગ્રંથમાં ફિલ્મ જગતમાં ચંદ્રએ જમાવેલો પ્રભાવ, સાહિત્યજગતમાં ચંદ્રની ચાંદનીએ હજારો હૃદયોને પ્રેમથી તરબોળ બનાવી દીધા છે. ચંદ્ર સાથે સંકળાયેલી હજારો કાવ્યકંઠિકાઓ ગ્રંથની શોભા છે. લેખકે ખૂબ જ મહેત્તત કરી, સિનેજગત, કાવ્યજગતને પણ હિન્દી-ગુજરાતી સાહિત્યમાં પ્રચલિત-અપ્રચલિત કાવ્યોનું ગઠન કરીને ગ્રંથને સમૃદ્ધ પ્રમાણિક બનાવ્યો છે.

લેખકે ચંદ્ર-ચાંદનીથી સર્જાયેલા ફિલ્મી ગીતો, અભિનયકારો, ગાયક-ગાયિકાઓની લાંબી યાદી મૂકીને આશ્ચર્ય સર્જરયુ છે. ગ્રંથ જ સંશોધનનો વિષય છે. હજારો નામની સાથે ચાંદ, ચાંદની, ચંદ્ર સંકળાયેલ છે. માનવી એક પળ પણ ચંદ્રથી વિખૂટો પડી શકતો નથી.

ચંદ્રાવલોકન ગ્રંથ પહેલી નજરે એમ લાગે કે લેખકે ચંદ્ર ગ્રહની, ચંદ્રયાનની, તેના લોન્ચીંગની વાત કરી હશે, ને ચંદ્રની પણ વૈજ્ઞાનિક હકીકતો બતાવી હશે. અહી એવું નથી, ચંદ્રયાન અને લોન્ચીંગ તો મસ્તિષ્કની ઘટના છે. પણ અહીં તો હૃદયપક્ષને કેન્દ્રમાં રાખી લેખક ચંદ્ર ક્યાં ક્યાં છૂપાયો છે. ફક્ત વાદળોથી નહિ પણ માનવીના હૃદયના ઊંડાણમાં વિભિન્ન રસરૂપ ધારણ કરી ક્યાં છૂપાયો છે, તે કેવી નાટ્યકલાઓ ચિત્રાત્મક રીતે કરી રહ્યો છે, તેનું સ્પષ્ટ અવલોકન પ્રસ્તુત ગ્રંથની કથાવસ્તુ છે.

લેખકનું હૃદય કવિ છે, કલાપ્રેમી છે, લેખકને વૈજ્ઞાનિક ભૂમિકા રજૂ કરવામાં રસ નથી. જે તથ્યો લઈને લેખકે ગ્રંથનું નિર્માણ ક્યું છે, તે તમામ તથ્યો સમજવા છતાં કોઈએ આ પહેલાં કાવ્યોનું વિશ્લેષણ વૈજ્ઞાનિક સાથે કર્યું નથી. પ્રો. મોદીએ પોતાની કલમ દ્વારા ચંદ્રને ચારેબાજુથી ઉપર, નીચે અને અંદરથી કોતરી નાખ્યો છે. ચંદ્રની ચાંદનીની પ્રભા લેખકના માનસે અદ્ભુત રીતે અસર કરી ગઈ છે. લેખક કવિ નથી પણ કવિઓના માનસમાં પ્રવેશેલા ચંદ્ર-ચાંદનીના અદ્ભુત વિશ્લેષક છે.

ચંદ્ર વિશે તો આ સંશોધનાત્મક ગ્રંથ છે. ચંદ્રના તમામ પાસાંઓનું વૈજ્ઞાનિક ને હકીકતપૂર્ણ વિશ્લેષણ કર્યુ છે.

બાળપણમાં બા આપણને આકાશ તરફ આંગળી કરી અંગુલિનિદેશ કરે કે જો આકાશમાં 'ચાંદામામા' છે. ત્યારથી શરૂ થયેલો સંબંધ લગભગ ઘણી પેઢીઓના બાળકો આમાંથી પસાર થયા હશે. પણ તે અંગે ક્યારેય વિચાર્યું નથી. આપણે પ્રો. સી. ડી. મોદીજીના આભારી છીએ કે આપણને આવો સુંદર વિચાર આપ્યો અને માત્ર વિચાર જ નહી તે વિચાર ઉપર આટલો સમુદ્ધ ગ્રંથ ભેટ આપ્યો.

તેમના વિવિધ પ્રકરણોમાં નજર માંડીએ તો તેમની ઝીણવટપૂર્વકની મહેનતનો પરિચય થશે. કેટકેટલાં સંદર્ભોમાંથી પસાર થઈ આવું સુંદર કામ પ્રાપ્ત કરાવ્યું છે. આનંદની વાત તો એ છે કે, જે તે ફિલ્મનું ગીત, ફિલ્મનું નામ, વર્ષ તેમજ તેના પાર્શ્વગાયક અને પાર્શ્વગાયિકાનું નામ પણ સાથે લખ્યું છે. ૪૪૪ પૃષ્ઠનો આ 'ચંદ્રાવલોકન' ગ્રંથ વાચકો, અધ્યાપકો, અભ્યાસુઓ તેમજ સૌ કોઈ માટે અનોખો સાહિત્યથાળ બની રહેશે જેની મને સંપૂર્ણ શ્રદ્ધા છે.

આવો સુંદર ગ્રંથ આપણને ઉપલબ્ધ કરાવવા બદલ પ્રો. ડૉ. સી. ડી. મોદીજી આપણા સૌના અભિનંદનના અધિકારી છે. તેમને હાર્દિક અભિનંદન. આ ગ્રંથ વધુને વધુ વાચકો સુધી પહોંચે તેવી શુભકામનાઓ.

શુભમ્ ભવતુ।

- ડો. મફતલાલ પટેલ

તંત્રી: "અચલા'

મામાના મોસાળનો અનોખો પ્રવાસ

બ્રહ્માજીએ બ્રહ્માંડની રચના કરી ત્યારે માનસિક સંકલ્પથી માનસપુત્રો રચ્યા. તેમાંના એક તે ઋષિ અત્રી. તેમના લગ્ન કંદર્પ ઋષિના પુત્રી અનસૂયા સાથે થયા. તે બંનેને દુર્વાસા, દત્તાત્રેય અને સોમ એમ ત્રણ પુત્રો થયા. સોમ ચંદ્રનું જ એક નામ છે.

અગ્નિપુરાણ

બ્રહ્માએ તેમના માનસપુત્ર અત્રીને બ્રહ્માંડનો વિસ્તાર કરવાનો આદેશ આપ્યો. તેથી અત્રીએ અનુત્તર નામની તપસ્યા કરી. તે દરમ્યાન તેમની આંખમાંથી પાણીના ટીપાં ટપક્યાં, જે ખૂબ તેજસ્વી હતાં. દિશાઓએ સ્ત્રીના રૂપમાં આવીને પુત્રપ્રાપ્તિ માટે એ ટીપાંને ગ્રહણ કર્યાં. પરંતુ તેજના એ ટીપાંને દિશાઓ ગર્ભમાં ખમી શકી નહીં. તેથી તેનો ત્યાગ કર્યો. ત્યજી દેવાયેલા એ ગર્ભને બ્રહ્માએ જે પુરૂષ સ્વરૂપ આપ્યું તે ચંદ્ર.

પદ્મપુરાણ

દેવતાઓ અને દાનવોએ સમુદ્રમંથન કર્યું ત્યારે તેમાંથી ચૌદ રત્નો નિકળ્યા. ચંદ્ર એ ચૌદ રત્નોમાંથી એક છે. ભગવાન શંકરે લોકોના કલ્યાણ માટે તેને પોતાના માથા પર ધારણ કર્યો છે.

સ્કંધપુરાણ

ચંદ્રના લગ્ન દક્ષ પ્રજાપતિની નક્ષત્ર રૂપી સત્યાવીશ પુત્રીઓ સાથે થયા હતા. જેમના થકી ઘણાં પ્રતિભાશાળી પુત્રોનો જન્મ થયો હતો. આ સત્યાવીશ નક્ષત્રોના ભોગથી જ એક ચંદ્રમાસ પૂર્ણ થાય છે.

ઋષિ ગર્ગાચાર્ય

ચંદ્ર પૃથ્વીનો એકમાત્ર કુદરતી ઉપગ્રહ છે. તેનો વ્યાસ ૩૪૭૬ કિલોમીટર (૨૧૬૦ માઇલ) છે. તે પૃથ્વીથી ૩,૮૪,૪૦૧ કિ.મી.ના (૨,૩૮,૮૫૭ માઇલ) અંતરે આવેલો છે. સૂર્યના પ્રકાશને ચંદ્રની સપાટી પરથી પરાવર્તીત થઇને પૃથ્વી સુધી પહોંચતા ૧.૩ સેકન્ડ લાગે છે. વ્યાસ અને કદના માપમાં ચંદ્ર સૌરમંડળના અન્ય ઉપગ્રહોમાં પાંચમા સ્થાને આવે છે.

વિકીપીડીયા

પૃથ્વીના વાતાવરણની અસરનો વ્યાપ એટલો વિશાળ હતો કે તે એક મોટા કદની એરબેગની જેમ વર્તતી હતી. પરિણામે ચંદ્ર તેની અસરમાંથી છટકીને ઉપગ્રહ તરીકે ગોઠવાઇ ગયો.

હેરોલ્ડ ઉર

પૃથ્વીની વય જ્યારે નાની હતી, એટલે કે તેની ઉત્પત્તિને વધારે વર્ષો નહોતા થયા ત્યારે તે પોતાની ધરી આસપાસ બહુ ઝડપથી ફરતી હતી. તેથી તેનો એક ભાગ છૂટો પડીને અવકાશમાં ગયો, જે ચંદ્ર તરીકે ઓળખાયો. પેસિફીક મહાસાગર પણ આ દ્વિભાજનનો એક ટૂકડો હોઇ શકે.

ચાર્લ્સ ડાર્વિનના પુત્ર જ્યોર્જ

ચંદ્રની સપાટી પૃથ્વીની જેમ ક્યાંક ખરબચડી છે, ક્યાંક પર્વતો છે, તો ક્યાંક સપાટ છે. તે પૃથ્વીના ગુરુત્વાકર્ષણ બળને કારણે તેની આસપાસ પરિભ્રમણ કરે છે.

ગેલેલિયો – ઈ.સ.૧૬૦૦

ચંદ્ર વિશેની આવી આવી કેટલીયે ધાર્મિક, પૌરાણિક કે વૈજ્ઞાનિક માન્યતાઓ કે સંશોધનો ભલે આપણને આજે ઉપલબ્ધ હોય, પરંતુ હજુ હમણાં સુધી એટલે કે ૧૯૭૦ના દાયકા સુધી ચંદ્રને કોઇએ જોયો ન હતો. એ પછી જ ખગોળ વિજ્ઞાનીઓએ ત્યાં જવાની શરૂઆત કરી. તો પણ છેક ૨૦૧૫ સુધી માત્ર૧૨ જ વિજ્ઞાનીઓ ચંદ્રની ધરતી ઉપર પહોંચી શક્યા હતા. જો કે છેલ્લાં દશકમાં આ ચંદ્રયાત્રા માલેતુજારો માટે ખુલ્લી મુકાઇ ગઇ છે.એ ઉપગ્રહ ઉપર હવે તો માનવ વસવાટની શક્યતાઓ વિજ્ઞાનીઓ શોધી રહ્યા છે.

આપણે જેને ચાંદનીમાં ખીલતો જોઇને ખુશ થઇએ છીએ, કે પછી અમાસે ડૂબતો જોઇને અંધારામાં ગરકાવ થઇએ છીએ, એ ચંદ્ર અને તેની ચાંદની ડાહ્યાજનોને પણ ગાંડા કરી મૂકે એટલી મોહક, શિતળ અને આહ્લાદક છે. પરંતુ આ પુસ્તક વાંચતા નવાઇની વાત એ અનુભવાય છે કે અર્થશાસ્ત્રના એક અધ્યાપકને પણ તે કોઇપણ અર્થના, ગણિતના કે વિજ્ઞાનના વ્યવધાન વગર સીધેસીધી સ્પર્શી ગઇ, અને તે ચંદ્રાવલોકનની સંશોધનાત્મક યાત્રાએ નીકળી પડ્યા, જેના ફળરૂપે આ પુસ્તક પ્રાપ્ત થયું છે.

શ્રી સી.ડી.મોદીનું આ ચંદ્ર-અવલોકન ‘જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ’ના ન્યાયે થયું છે. અહીં ચંદ્રની કવિતા, ગુજરાતી કવિતા અને હિન્દી ગઝલો, ફિલ્મી ગીતો અને બિનફિલ્મી ગીત-ગરબા, મનોરંજન અને ફિલસૂફી જેવા અનેક ક્ષેત્રમાં વિસ્તર્યું છે. મજાની વાત તો એ કે જ્યાં કવિ પહોંચ્યા તેથી એ આગળ આ અનુભવી મોદી પહોંચ્યા છે. આ મોદી પાસે સીડી છે, ચંદ્ર સુધી પહોંચવાની. એટલે કે તેઓ સી.ડી. મોદી છે. તેમણે જીવન આખું ભલે પાટણ મધ્યે અર્થશાસ્ત્ર ભણાવ્યું હોય, અર્થશાસ્ત્ર વિષયમાં ૨૦ સ્કોલર્સને પી.એચ.ડી.ની ડીગ્રી અપાવી હોય, ૫૦ રીસર્ચ પેપર, ૨૦૦ અભ્યાસ લેખો અને અગણિત રેડિયો વાર્તાલાપો આપ્યા હોય, પણ એમનો જીવ તો કાવ્યરસિક. એટલે ચંદ્રઘેલા બન્યા અને એક સામાન્ય પગપાળા ધાર્મિક પ્રવાસમાંથી શરૂ થયેલી તેમની ચંદ્રઘેલછા આખરે આ પુસ્તકમાં સંશોધનની શિસ્ત સાથે સર્જનઘેલછા રૂપે પ્રગટી છે.

કહેવાય છે કે જ્ઞાન અને કળા કદી ક્યાંય બંધાતા નથી, કોઇના મહોતાજ રહેતા નથી. “ઉત્તર ગુજરાતની રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય ચળવળ અને સ્વાતંત્ર સેનાનીઓ” જેવા સંશોધન પુસ્તકના લેખક,નડિયાદ નિવાસી અને પાટણના કર્મયોગી ડૉ. ચંપક મોદીએ ચંદ્રાવલોકનના સંશોધન અને સંપાદન માટે આજથી નહીં, પરંતુ છેક ૧૯૩૭થી ધુળ ધોયાનું કાર્ય કર્યું છે. તેથી જ તેઓ ચંદ્ર વિશેના એક હજારથી વધારે ગીતો તથા સંદર્ભો એકઠા કરી શક્યા છે. ધ્યાનપાત્ર બાબત એ છે કે આ કાર્ય તેમણે નિજાનંદે કર્યું હોવા છતાં તેને ગજવે ઘાલવાને બદલે ગુલાલ કરીને વહેંચ્યું છે. વળી મૂળે તો શિક્ષક જીવ. એટલે જે કાંઇ માણ્યું અને જે કાંઇ મેળવ્યું તે બધું જેમને તેમ આપી ન દીધું. એટલે કે અહીંથી લઇને-તહીંથી લઇને ટપાલીકર્મથી કર્યું નથી. પરંતુ શબરીકર્મથી વહેંચ્યું છે. અર્થાત્ ચંદ્ર વિશેની જાતભાતની માહિતીઓ, પછી તે પૃથ્વીના ઉપગ્રહ તરીકેની હોય કે ધાર્મિક

માન્યતાઓ વિશેની હોય, ઉત્સવો વિશેની હોય કે ખગોળ કે જ્યોતિષ શાસ્ત્ર વિશેની હોય, ભાષા સાહિત્યમાં હોય કે લોકસાહિત્યમાં હોય, પદ્યમાં હોય કે ગદ્યમાં હોય, સૌંદર્યની ઉપમા રૂપે હોય કે માનવજીવનના પાસાંઓની અભિવ્યક્તિરૂપે હોય, મિલનની રોમાંચક અનુભૂતિ હોય કે વિરહની વ્યથામાં હોય, એ બધી જ વિગતોને ઝીણવટથી તપાસીને યોગ્ય ખંડમાં અને યોગ્ય ક્રમમાં મુકી છે. આવા ચોવીસથી વધારે ખંડોમાં ચંદ્રની વિવિધ છટાઓ, કલ્પનાઓ, રૂપકો અને રૂપોનું સંકલન એક મસમોટા સંશોધનની અને સંપાદનની કેડી બતાવે છે.

પુસ્તકની સૌથી રસપ્રદ બાબત ફિલ્મી અને બિનફિલ્મી ગીતોમાં ચંદ્રના વર્ણનો અને ઉપયોગોને નિરૂપવામાં છે. વાચકને અહીં ઉતારેલા આખેઆખા ગીતો, મુક્તકો,વિચારપ્રેરક પદ અને શેર એક જ સામટા વાચવા મળે તેમાં રસના ડૂબકા અનુભવાય તેમ છે. વળી એક જ વિષયને, કહો કે એક જ વિષયના એક રૂપકને જુદા જુદા ભાવો અને અભિગમો સાથે સાંકળીને યુક્તિપૂર્વકની ડિઝાઇનમાં રજૂ કરીને ભાવકના રસપ્રવાહને જાળવી રાખવાનો કિમીયો લેખકે બુદ્ધિપૂર્વક અજમાવ્યો છે. પુસ્તકના અંતે ચંદ્ર અને ચાંદનીના ગીતોની વર્ષવાર યાદી આપીને પુસ્તકની શ્રદ્ધેયતા કે શાસ્ત્રીયતા માટે જરૂરી એવી સૂચિકરણની શિસ્તને પણ ખપમાં લીધી છે. આ કારણે આ પુસ્તક એકતરફ વિવેચકોને, બીજી તરફ સંશોધકોને અને ત્રીજી તરફ રસિકજનોને એકસરખી રીતે સ્પર્શી શકે તેવું બન્યું છે.

આ ચંદ્ર – સંપાદનમાં સૌથી મહત્વની બાબત ઉદ્દેશ-પ્રયોજન વિશેની છે. કોઇપણ સંપાદન ત્યારે જ સફળ થાય જ્યારે તેનો સંપાદક પહેલેથી જ પોતાના પ્રયોજન-માર્ગ બરાબર નક્કી કરી શકે. અહીં પણ પ્રવાસમાં સમય પસાર કરવા માટે શરૂ કરેલી અનંતકડીની રમતમાંથી ઉભું થયેલું આખું સંપાદન આખરે કોઇપણ ચંદ્ર- વિષયક માહિતી યા ફિલ્મી-ગેરફિલ્મી ગીતોનો, એક (અધૂરો) કોશ બની રહે છે. એ શ્રદ્ધેય કોશ તો ખરો જ.

આ ‘ચંદ્રાવલોકન’ને આપણે ચયનલક્ષી સંપાદન કહી શકીએ. કોઇપણ ચયનલક્ષી સંપાદનમાં ચયનનો પડકાર ઘણો કપરો હોય છે. અહીંથી-તહીંથી મેળવેલું, લેખકે પ્રસ્તાવનામાં કહ્યું છે તેમ પરિવારજનોએ પણ એકઠું કરવામાં મદદ કરેલી, એ બધી સામગ્રીનો ઢગલો ખૂબ ભારેખમ હોય છે. એને જો પ્રયોજનલક્ષી અને ચયનલક્ષી શિસ્તના સહારે ચૌક્કસ ભાતમાં ઢાળવામાં ન આવે, તો ઉત્તમ સામગ્રી પણ બોઝીલ બની શકે. ‘ચંદ્રાવલોકન’ના સંપાદક આ ગૂંચવાડામાંથી સુપેરે પાર ઊતરી ગયા છે. કારણ કે અહીં ચંદ્ર વિશેના ગીતોને ભાષાવાર, વિષયવાર, માધ્યમ પ્રમાણે, મૂડ પ્રમાણે.....એમ જુદા-જુદા વિભાજનોમાં વહેંચવાની સુંદર ડિઝાઇન કરી છે. વળી ચંદ્ર-ગીતો ઉપરાંત ચંદ્ર વિશેની વૈજ્ઞાનિક, ધાર્મિક,ખગોળીય, સાહિત્યિક જેવી અનેક માહિતીઓ પૂરી પાડીને આ ગ્રંથને એકવિધતાની નિરસતામાં સરકી પડતો અટકાવ્યો છે.

ચાલો, આપણે પણ આ ગ્રંથના ચંદ્રયાનમાં બેસીને નીકળી પડીએ આ મનમોહક ઉપગ્રહના પ્રવાસે. આમેય મોસાળીયા ચંદામામાને ઘેર તો લાડ જ મળે ને? રસભર્યા લાડ-લાડવાં મળી રહેશે આ ‘ચંદ્રાવલોકન’ના વાચકને, એવી આશા-શુભેચ્છા. સંપાદકશ્રીને ખોબલે ખોબલે અભિનંદન.

- ડૉ. હસિત મહેતા

પ્રિન્સીપાલ, સૂરજબા મહિલા કૉલેજ, નડીયાદ

અનુક્રમણિકા



૧
પૃથ્વીનો કુદરતી ઉપગ્રહ- ચંદ્ર

પૃથ્વીવાસીઓ માટે આકાશમાં મુખ્યત્વે ત્રણ પ્રકારનાં પદાર્થો પરિચિત છે. સૂર્ય, ચંદ્ર અને તારા-ગ્રહો. સૂર્ય એ પૃથ્વીવાસીઓના જીવનનો આધાર છે. તારા અને ગ્રહો તો ગણ્યા ગણાય નહિં ને વીણ્યા વીણાય નહીં એટલાં બધા અતિ દૂર અને ખૂબ જ નાનાં જે માત્ર ટીમ ટીમાતા દેખાય છે. ચંદ્ર અલબત્ત દિવસે દેખાતો હોવા છતાં સૂર્યના પ્રકાશમાં ઝાંખો હોય છે, પરંતુ રાત્રે પ્રકાસિત હોય છે અને વળી વધતો ઘટતો રહે છે. પૃથ્વી વાસીઓના મન ઉપર ચંદ્રનું સામ્રાજ્ય પ્રવર્તે છે.

ચંદ્ર ઘણા નામોથી ઓળખાય છે. ચંદ્ર, ચાંદો, ચાંદ, ચંદો, ચંદા, ચાંદલિયો, ચંદ્રમા, ચાંદામામા એ બધા શબ્દો સૌર મંડળના જીવંત ગ્રહ પૃથ્વી (Earth)ના એક માત્ર પરિચીત કુદરતી ઉપગ્રહ (Natural Sattelite) ચંદ્ર- Moon માટે વપરાય છે. પૃથ્વી પરથી દેખાતા સૌથી તેજસ્વી એવાસૂર્ય પછી ચંદ્ર એ બીજા ક્રમનો તેજસ્વી પદાર્થ છે.

અબજો વર્ષ પહેલાં સૂર્યમાંથી ગ્રહો છૂટા પડ્યા તેમાં બુધ અને શુક્ર પછીનો ગ્રહ એ આપણી પૃથ્વી, અને તેમાંથી છૂટો પડેલો કે તેની સાથે જ છૂટો પડેલો અને તેની આસપાસ ફરતો ઉપગ્રહ એટલે ચંદ્ર

પૃથ્વીને આપણે સૌ ધરતી માતા તરીકે અને સૂર્યને સૂરજ દાદા તરીકે ઓળખીએ છીએ, તેમ ચંદ્રને ચંદ્રમા, ચંદામામા, ચંદામામા, ચંદારાજા, ચંદારાણા ચાંદલિયો એવા જુદા જુદા નામે ઓળખીએ છીએ. પૃથ્વીવાસીઓના જન્મ સમયે બુધ, શુક્ર, મંગળ, ગુરૂ, શનિ જેવા ગ્રહો તેમજ ચંદ્ર-એ બધાની આકાશમાં સ્થિતિ સંદર્ભે જાતકની જન્મ કુંડળી દ્વારા જાતકના જીવન ઉપર અસરકર્તા ભાગ્યવિધાતા-ભાગ્યનિર્માતા તરીકે ઓળખાય છે.

ચંદ્રની ઉત્પત્તિ વિશે હિન્દુ શાસ્ત્રોની એક દંતકથા અનુસાર સમુદ્રમંથન પ્રસંગે સમુદ્રમાંથી નીકળેલ ચૌદ રત્નો પૈકીનું એક રત્ન ચંદ્ર છે. પૃથ્વીની જેમ ચંદ્રની ઉત્પત્તિ વૈજ્ઞાનિકોના મંતવ્ય મુજબ આશરે ૪૬૦ કરોડ વર્ષો પહેલાં થઇ હોવાનું મનાય છે. ચંદ્ર પૃથ્વીની આસપાસ પરિક્રમા કરે છે. તેમજ પોતાની ધરી

ઉપર પરિભ્રમણ પણ કરે છે. ચંદ્રને પૃથ્વીની આસપાસ પરિક્રમા કરતાં જેટલો સમય લાગે છે. તેટલો જ સમય પોતે ધરી ઉપર ફરતાં-પરિભ્રમણ કરતાં લાગે છે, તેથી પૃથ્વી ઉપરથી ચંદ્રની એક જ બાજુ દેખાય છે. ચંદ્રનો ભ્રમણકાળ ૨૭.૩૨૨ સૌર દિવસ અર્થાત્ ૨૭ દિવસ, ૭ કલાક, ૪૩ મિનિટ, ૧૧.૬ સેકન્ડ જેટલો છે. ચંદ્ર ઉપરનો આખો દિવસ - અહોરાત્ર પૃથ્વીના ૨૯.૫ અહોરાત્ર જેટલો હોય છે, તેથી પૃથ્વીના એક પખવાડિયા જેટલો ચંદ્રનો દિવસ અને એક પખવાડિયા જેટલી ચંદ્રની રાત હોય છે.

પૃથ્વીથી ચંદ્રનું અંતર, ચંદ્રની પૃથ્વીની ફરતે થતી પરિક્રમા અનુસાર, ૩,૫૬, ૪૦૦ કિલો મીટરથી ૪,૦૬,૭૦૮ કિલોમીટર અને સરેરાશ અંતર ૩,૮૪,૪૦૩ કિલો મીટર દર્શાવાય છે. ચંદ્ર પૃથ્વી કરતાં કદમાં ઘણો નાનો છે. ચંદ્રનો વ્યાસ ૩,૪૭૬ કિલોમીટર છે અને તેનું દ્વ્યમાન ૭,૩૪૯ $૧૦^{૨૨}$ કિલોગ્રામ છે. જે પૃથ્વીનાં દ્વ્યમાનનો ૦.૦૧૨૩મો અંશ છે. ચંદ્ર ઉપર ગુરૂત્વાકર્ષણ પૃથ્વી કરતાં લગભગ છઠ્ઠા ભાગનું છે.પૃથ્વી પરથી ચંદ્ર જેટલો દેખાય છે તેના કરતાં પૃથ્વી ચંદ્ર ઉપરથી આશરે ૧૩ ઘણી મોટી દેખાય છે.

ચંદ્રની સપાટી ઉપરના તાપમાનની સીમા તેના વિષુવવૃત્ત (મધ્યભાગ) પર દિવસે મહત્તમ ૧૨૭° સેન્ટી ગ્રેડ અને રાત્રે માઇનસ ૧૭૩° સેન્ટીગ્રેડ જેટલું હોય છે. આમ ચંદ્ર ઉપર અતિશય ગરમી અને અતિશય ઠંડી એટલે કે ખૂબ જ વિષમ તાપમાન હોય છે. વળી ચંદ્ર ઉપર હવા કે પાણી નથી, તેથી ત્યાં વનસ્પતિ કે સજીવ સૃષ્ટિનું અસ્તિત્વ નથી.

ચંદ્ર સખત ખડકોનો બનેલો છે. ચંદ્ર ઉપર સપાટ જમીન, ખાડા ટેકરા અને પર્વતો છે. ખડકો અને પર્વતોના રંગને કારણે ચંદ્રમાં હરણ જેવો આછા કાળા રંગનો આકાર દેખાય છે, જેને ચંદ્રમાં કલંક કહેવાય છે.

સૂર્ય ચંદ્રના નક્ષત્ર ભ્રમણ મુજબ ચંદ્રની કળાઓ થાય છે. એકમથી પૂનમ અને અમાસ એ સોળ કળાઓ જે અમૃતા, માનદા, પૂષા, તૃષ્ટિ, પુષ્ટિ, રતિ, ધૃતિ, શશિ-ચંદ્રિકા, કાંતિ, જ્યોત્સ્ના, શ્રી, પ્રીતિ, અંગદા, પૂર્ણા અને પૂર્ણામૃતા નામોથી ઓળખાય છે.

જ્યોતિષશાસ્ત્ર (એસ્ટ્રેલોજી)માં બધા ગ્રહ ફલાદેશ ચંદ્ર રાશિ મુજબ જોવાય છે. પૃથ્વી અને ચંદ્રની ગતિ સંદર્ભે રચાતા ક્રાંતિવૃત અને ચંદ્રકક્ષાના બે પાન બિંદુઓને રાહુ અને કેતુ કહે છે. આ રાહુ કેતુની સ્થિતિ જાતકની જન્મકુંડળીમાં જે રીતે હોય તની ગાઢ અસર જાતકના જીવન ઉપર દર્શાવાય છે.

સૂર્ય ફરતે પૃથ્વી અને પૃથ્વી ફરતે ચંદ્રની પરિક્રમા એ ખગોળશાસ્ત્રીય (એસ્ટ્રોનોમી) ઘટના છે, જેને માવનીના ભાગ્ય ઉપર થતી અસર સ્વરૂપે જ્યોતિષશાસ્ત્ર (એસ્ટ્રોલોજી) સાથે જોડવામાં આવે છે. વળી ચંદ્ર પૃથ્વીથી સૌથી નજીકનો આકાશી પદાર્થ છે, જેની ગુરુત્વાકર્ષણ અસર પૃથ્વી ઉપર ખાસ કરીને સમુદ્રની ભરતી ઓટ ઉપર થતી હોવાનું મનાય છે. પુનમે ચંદ્રની અસરરૂપે સમુદ્રમાંવધુ પ્રબળ ભરતી હોય છે અને વધુ ઊંચા મોજાં ઊછળે છે. અમાસ હોય ત્યારે સમુદ્રમાં વધુ ઓટ હોય છે અને મોજાં ઓછા ઉછળે છે.

ચંદ્ર સ્વયં પ્રકાશિત નથી, પરંતુ સૂર્ય પ્રકાશથી ચંદ્ર પ્રકાશિત થાય છે. ચંદ્રના પ્રકાશિત ભાગ પૈકી જેટલો ભાગ પૃથ્વી તરફ હોય તેટલો પ્રકાશિત ચંદ્ર પૃથ્વી ઉપર દેખાય છે.

પૃથ્વીની પરિક્રમા કરતા કરતા ચંદ્ર જ્યારે પૃથ્વી અને સૂર્યની વચ્ચે આવે ત્યારે ચંદ્રનો પ્રકાશિત ભાગ સૂર્ય તરફ હોય છે અને પ્રકાશ વિનાનો ભાગ પૃથ્વી તરફ હોય છે, તેથી ચંદ્ર પૃથ્વી ઉપરથી દેખાતો નથી. આ વખતે પૃથ્વી ઉપર અમાસ-અમાવાસ્યા હોય છે. અમાસ પછી ચંદ્રનો પ્રકાશિત ભાગ પૃથ્વી તરફ આવે છે અને એકમથી પૂનમ સુધી ચંદ્રનો પ્રકાશિત ભાગ વધતો જોઇ શકાયછે, અને પૂનમના દિવસે સૂર્ય અને ચંદ્રની વચ્ચે પૃથ્વી હોવાથી ચંદ્રનો બધો પ્રકાશિત ભાગ પૃથ્વી તરફ હોય છે. આ વખતે પૂર્ણ ચંદ્ર દેખાય છે. જે પૂનમ કે પૂર્ણિમા કહેવાય છે. પૂનમ પછી ચંદ્રનો પ્રકાશિત ભાગ પૃથ્વી તરફ ઓછો થતો જાય છે. અને અમાસની રાત્રીએ ચંદ્રનો પ્રકાશિત ભાગ પૃથ્વી તરફ બિલકુલ ન હોવાથી ચંદ્ર દેખાતો નથી. એકમથી પુનમ સુધી રાત્રે અજવાળું વધતું જાય છે, જેને અજવાળિયું કે શુક્લ પક્ષ કહે છે જ્યારેપૂનમ પછીની એકમથી અમાસ સુધી રાત્રે અજવાળું ઘટતું જતું હોવાથી તેને અંધારિયું અથવા કૃષ્ણ પક્ષ કહે છે. એકમથી પૂનમની તિથીઓ સુદ ૧ થી સુદ ૧૫ (પૂનમ) કહેવાય છે. જ્યારેપૂનમ પછીની તિથીઓ વદ ૧ થી વદ ૧૪ અને બે ૩૦ (અમાસ) કહેવાય છે. અજવાળિયા દરમિયાન ચંદ્ર પ્રકાશ તેજોમય હોવાથી આકાશમાં તારા આછા દેખાય છે. જ્યારે અંધારિયામાં ચંદ્ર ઓછો પ્રકાશિત થતો જવાથી તારા વધુ ચમકતા દેખાયછે. પૂનમ એટલે પૂર્ણ પ્રકાશિત રાત્રિ અને અમાસ એટલે ઘોર અંધારીરાત. ચંદ્રનો પ્રકાશ ચાંદની કહેવાય છે, જે શીતળ, પ્રકાશિત અને મધુર - મનોરમ્ય હોય છે.

સૂર્ય, પૃથ્વી અને ચંદ્ર પૈકી સૂર્યની આસપાસ પૃથ્વી તેમ પૃથ્વીની આસપાસ ચંદ્ર ફરે છે. આથી સૂર્ય અને પૃથ્વીની વચ્ચે ચંદ્ર આવે ત્યારે ક્યારેક સૂર્યનો કેટલોક ભાગ ઢંકાય છે. અને પૃથ્વી ઉપરથી સૂર્યનો કેટલોક ભાગ દેખાતો નથી, તેને સૂર્યગ્રહણ કહે છે. સૂર્યગ્રહણ અમાસના દિવસે થાય છે. સૂર્યગ્રહણ ખંડગ્રાસ હોય તો સૂર્યનો કેટલોક ભાગ દેખાતો નથી. અને પૃથ્વી ચોક્કસ ભાગ ઉપર સૂર્યપ્રકાશ- તડકો આવતો નથી. સૂર્યગ્રહણ વેળા સૂર્યની બરાબર વચ્ચે ચંદ્ર આવી જાય તો સૂર્ય કંકણની જેમ ગોળ વર્તૂળાકારમાં દેખાય છે, જેમ કંકણ આકૃતિ કહે છે. સૂર્ય અને ચંદ્રની વચ્ચે પરિભ્રમણ દરમ્યાન પૃથ્વી આવે ત્યારે પૃથ્વીનો પડછાયો ચંદ્ર ઉપર પડવાથી ચંદ્ર ઢંકાય અને ચંદ્રનો કેટલોક ભાગ અથવા પૂરેપૂરો ચંદ્ર ન દેખાય ત્યારે ચંદ્રગ્રહણ થાયછે. ચંદ્રગ્રહણ પૂનમની રાત્રે થાય છે. ચંદ્રગ્રહણ જેમાં ચંદ્રનો કેટલોક ભાગ ઢંકાય તો તે ખંડગ્રાસ ગ્રહણ કહેવાય છે અને જો પૃથ્વીના પડછાયાથી ચંદ્ર આખો ઢંકાઇ જવાથી ચંદ્ર બિલકુલ ન દેખાય તો ખગ્રાસ ગ્રહણ કહેવાય છે.

ચંદ્રગ્રહણ જોવાથી આંખને કે માનવશરીરને કોઇ પ્રતિકૂળ અસર થતી હોવાનું મનાતું નથી. જ્યારે સૂર્યગ્રહણ નરી આંખે કે સાદાં કાચ-ચશ્માથી જોવાથી આંખને નુકશાન થવાની શક્યતા રહે છે. વળી સૂર્યગ્રહણ જીવસૃષ્ટિ, ખાસ કરીન ગર્ભવતી સ્ત્રીઓ ઉપર પ્રતિકૂળ અસર કરતું હોવાની માન્યતા પ્રવર્તે છે. હિન્દુ ધર્મમાં ગ્રહણને, વિશેષ કરીને સૂર્યગ્રહણને ધાર્મિકરૂપ આપવામાં આવ્યું છે. અને રાહુકેતુ સૂર્યચંદ્રને ગળીજતા હોય તેમ કલ્પવામાં આવ્યું છે. સૂર્યચંદ્રને ગળી જતા હોય તેમ કલ્પવામાં આવ્યું છે. સૂર્યચંદ્રને જલ્દીથી છોડાવવા માટે સ્નાન, ભક્તિ, ઉપવાસ,દાન-પૂણ્ય વગેરે કરવાની પ્રથા પ્રવર્તે છે. ચંદ્રગ્રહણ એ ભૌગોલિક-ખગોળશાસ્ત્રની અવકાશી ઘટના હોવા છતાં તેને ધાર્મિક સ્વરૂપ આપવામાં આવ્યું છે.

ચંદ્ર પૃથ્વીની આસપાસ પરિક્રમા કરે છે. તેથી આકાશમાં ચંદ્રની નજદીકી-દૂરી તથા ચંદ્રગ્રહણ સૂર્યગ્રહણ સંદર્ભે ચંદ્રના આકાર, કદ, રંગ વગેરેમાં ફેરફાર થતા હોય છે, જેને આધારે ચંદ્રના વિવિધ નજારાઓને વિવિધ નામો આપવામાં આવ્યા છે.

Moon -ચંદ્ર - કુદરતી ઉપગ્રહ કે જે ગ્રહની આસપાસ ફરતો હોય અને તે ગ્રહ પરથી નરી આંખે જોઇ શકાય તેવો હોય.

શનિના ચંદ્ર: શનિ ગ્રહ ગુરૂ પછી સૌથી મોટો છે, જેને ૬૦ જેટલા ઉપગ્રહ છે. સૌથી મોટો ઉપગ્રહ ટાઇટન જે શુક્ર ગ્રહથી પણ મોટો છે અને જ્યાં બરફ આચ્છાદિત પહાડો તથા મિથેન પ્રવાહીના સમૂહ છે. સમગ્ર સૌર મંડળમાં સપાટી ઉપર પ્રવાહી હોય તેવો આ એક જ ચંદ્ર મનાય છે. શનિના બીજા એક ઉપગ્રહ એન્સલેડ્સ (Enceladus)ની સપાટી ઉપર બરફનું પડ છે . જેનો ઉપર કોઇક પ્રકારના જીવ (જીવન)ની શક્યતા દર્શાવાય છે. સમગ્ર સોલર સિસ્ટમમાં ફક્ત આવો એક જ ઉપગ્રહ હોવાનું મનાય છે.

Moonlets- નાના ચંદ્ર (Small moons, કુદરતી અથવા કુત્રિમ એવા નાના ઉપગ્રહને Moonlet કહે છે. શનિગ્રહને અસંખ્ય નાના ચંદ્ર (Moonlets) છે જેના વડે શનિના વલય બને છે.

Moonlit- ચાંદનીથી સભર, ચંદ્ર પ્રકાશ (ચાંદની)થી જોઇ શકાય તેવું.

Moonrise- ચંદ્રોદય સૂર્યાસ્ત પછી આકાશમાં ચમકતો જોઇ શકાય તેવો ચંદ્ર.

Moonset- સૂર્યાસ્ત રાત્રિ પુરી થયેથી સૂર્ય ઉગતા પહેલાં ઝાંખો થતો ચંદ્ર.

Lunar eclipse- ચંદ્રગ્રહણ પૂનમની રાત્રે ચંદ્ર અને સૂર્ય વચ્ચે પૃથ્વી આવવાથી પૃથ્વીનો પડછાયો ચંદ્ર ઉપર પડવાથી ચંદ્ર થોડો કે પૂર્ણ પણે ન દેખાય તે સ્થિતિ- ચંદ્ર પૂર્ણ પણે ઢંકાઇ જાય (પૃથ્વીના પડછાયાથી) તો ખગ્રાસ ચંદ્ર ગ્રહણ કહેવાય અને પૂર્ણ કરતાં ઓછો ઢંકાય તો તેને ખંડગ્રાસ ચંદ્રગ્રહણ કહેવાય છે.

Moon Graze/ Moon Grazing- ફરતો ચંદ્રમાં ચંદ્રગ્રહણ વેળા પૃથ્વીની ફરતે ચંદ્રની ભ્રમણ કક્ષામાં આકાશી પદાર્થ તારા-ગ્રહ ચંદ્રની નજીક આસપાસ દેખાય, છૂપાય તે નજારો મુનગ્રેઝ કહેવાય છે.

Full Moon- પૂર્ણ ચંદ્ર, પૂનમ, પૂર્ણિમા સુદ (શુક્લ) પક્ષ પખવાડિયાના ૧૫માં દિવસે ચંદ્ર પૂર્ણ રૂપે ખિલે છે અને અન્ય તિથિઓ કરતાં સુદ પૂનમે ચંદ્ર પૂર્ણ ખિલેલો અને વધુ પ્રકાશિત હોય છે. આ વેળા રાત્રે આખો ચંદ્ર દેખાય છે. ચંદ્રની આમતો વિવિધ કળાઓ છે, જે પૈકી પૂર્ણરૂપ તેની સૌથીવધુ આકર્ષક અને સૌથી સુંદર કળા છે. પૂનમનો ચાંદ ગોળ થાળી જેવો વધુ પ્રકાશમય હોય છે, જે ચાંદ-ચંદા-ચંદ્રની સૌથી સહજ કલ્પના છે. પ્રતિમાસ એક જ વાર પૂનમની રાત્રિએ ચંદ્ર પૂર્ણરૂપે દેખાય છે અને તે માનવ ચિત્તને સૌથી વધુ પ્રસન્ન કરે છે, વધુ આકર્ષિત કરે છે. પૂનમનો દિવસ-રાત્રી ધર્મ સાથે-સામાજિક ઉત્સવ સાથે જોડાયેલ છે, જે પૈકી શરદપૂનમે ચંદ્ર વધુ પ્રકાશિત હોય છે તેથી જ તો શરદ પૂર્ણિમાએ રાત્રે સૌ ગરબાની રમઝટ માણે છે, ચાંદનીનો પ્રકાશ માણે છે, ચાંદની રાત્રે સ્વૈર વિહાર કે નૌકા વિહાર માણે છે, દૂધ-પૌંઆની મોજ માણે છે. પૂર્ણ ચંદ્ર પણ જ્યારે મહાચંદ્ર- Super Full Moon અને ત્યારે તે પૃથ્વીની સૌથી વધુ નજીક હોવાથી અત્યંત

પ્રકાશિત તેજોમય અને લઘુકોણ કરતાં ૧૪ ટકા મોટો દેખાયછે. આવા નજારા વર્ષો પછી આવતા હોય છે. ચંદ્રના બીજા ઘણા વિવિધ રૂપો છે જે આગળ દર્શાવ્યા છે.

New Moon- પૃથ્વી પરથી દેખાતા ચંદ્રની પાછળની બાજુ, જે પૃથ્વી પરથી જોઇ શકાય નહિં. પૃથ્વી અને સૂર્યની બરાબર વચ્ચે ચંદ્ર આવે ત્યારે પૃથ્વી પરથી ચંદ્રની ચમકતી બાજુ જોઇ શકાતી નથી તેથી તેની સૂર્ય પ્રકાશ વિનાની બાજુ પૃથ્વી પરથી જોઇ શકાતી નથી, તેને અમાસ કહે છે જે મહિનાં એકવાર આવે છે. અમાસની રાત્રિએ ચંદ્ર પ્રકાશ હોતો નથી. ચાંદની હોતી નથી, અને ન્યૂમુન કહે છે.

ન્યૂ મૂનના બીજા દિવસે ચંદ્ર પાતળી રૂપેરી રેખા સ્વરૂપે જોઇ શકાય તેને Waxing Crescent Moon કહે છે.

Micro moon - (Micro Full moon) નાનો-સુક્ષ્મ પૂર્ણ ચંદ્ર જ્યારે ચંદ્ર પુનમની રાત્રે પૃથ્વીથી મહત્તમ દૂરીએ હોય ત્યારે પૂનમનો ચંદ્ર નાનો દેખાય છે. જે મહત્તમ ચંદ્ર કરતાં ૧૪ ટકા જેટલો નાનો દેખાય છે. અને ઓછો ચમકતો દેખાય છે.પૃથ્વીથી ચંદ્રની મહત્તમ દૂરી ૪,૦૫,૦૦૦ કિ.મી.હોય છે.

ચંદ્ર પૃથ્વીની સામાન્ય દૂરી ૩,૮૨,૫૦૦ કિ.મી. જેટલી હોય છે. માઇક્રો મુન વેળા દરિયાઇ ભરતીમાં ૫ સેન્ટીમીટર જેટલો ઘટાડો થાય છે. કારણ કે પૃથ્વીથી વધુ દુરી ને કારણે ગુરૂત્વાકર્ષણ ઘટે છે.

Super Moon - સુપર મુન

પૃથ્વીથી ચંદ્રની ઓછામાં ઓછી દૂરી ૩,૬૦,૦૦૦ કિ.મી. હોય છે તેથી ચંદ્ર - પૃથ્વીની ઓછામાં ઓછી દુરી તે ચંદ્રને સુપર મુન કહે છે. સુપરમુન લઘુત્તમ ચંદ્ર કરતાં ૧૪ ટકા મોટો દેખાય છે તથા વધુ પ્રકાશિત દેખાય છે. પૃથ્વીથી ચંદ્રની દૂરી ઓછી થવાથી ગુરુત્વાકર્ષણ વધતું હોવાથી દરિયાઇ ભરતી પર લઘુત્તમ કરતાં ૨૩ ટકા વધુ અસર જણાય છે.

ઇ.સ. ૧૯૪૮ પછી વર્ષ ૨૦૧૬માં નવેમ્બર માસમાં સુપર મુન દેખાયો હતો. પૃથ્વીના પરિઘ-પેરીફરીમાં ચંદ્ર ક્યારેક વધુ નજીક આવતો હોય છે. સુપર મુન કોઇ મોટા ડીઝાસ્ટર માટે કારણરૂપ હોતો નથી. મનુષ્યો ઉપર તેની અસર ભૌતિક કરતાં મનોવૈજ્ઞાનિક વધુ હોય છે.

Black Moon

બ્લેક મુન માટે અલગ અલગ ખ્યાલો અને વ્યાખ્યાઓ છે. પૂર્ણ ચંદ્રની ગેરહાજરી અથવા ન્યુ મુન. કોઇ મહિના કે સીમાનમાં વધારાનો ન્યૂ મન આવે તે અથવા કોઇ મહિનામાં પૂર્ણ ચંદ્ર કે ન્યૂમુનની ગેરહાજરી હોય તેને બ્લેક મૂન કહે છે. વર્ષમાં ત્રણ માસની સીઝન પ્રમાણે ચાર સીઝન હોય. એક કેલેન્ડર વર્ષમાં બીજો ન્યૂ મૂન બ્લેકમૂન કહેવાય છે. એક સીઝનમાં ત્રણ ન્યૂમૂન હોય છે. જે સીઝનમાં ચાર ન્યૂમૂન આવે ત્યારે ત્રીજો ન્યૂમૂન બ્લેક મૂન કહેવાય છે.

દર વીસ વર્ષે ફેબ્રુઆરી માસમાં કોઇ ન્યૂમૂન (અમાસ) હોતો નથી. જાન્યુઆરી અને માર્ચને એક ન્યૂમૂન ને બદલે બે ન્યૂ મૂન હોય તેવું ૨૯ થી ૩૩ મહિને એકવાર બને છે.

પૂર્ણ સૂર્યગ્રહણ વેળા ચંદ્ર દેખાતો નથી. તેને પણ બ્લેક મુન કહે છે. અમાસનું પણ હિન્દુ ધર્મમાં વિશેષ મહત્ત્વ છે.

Blue Moon

બ્લ્યુ મુનના પણ અલગ ખ્યાલો અને વ્યાખ્યાઓ છે. વાતાવરણમાં ડસ્ટ-ધૂમાડાને કારણે ચંદ્ર આછો દેખાય તેને બ્લ્યૂ મૂન કહેવાય છે.

એક કેલેન્ડર મહિનામાં બે પૂર્ણચંદ્ર (પૂનમ) પૈકી બીજો પૂર્ણચંદ્ર બ્લ્યુ મુન કહેવાય છે.

એક સીઝનમાં ત્રણ પછી ચોથો પૂર્ણ ચંદ્ર (પૂનમ) આવે ત્યારે ત્રીજી પૂનમ (ત્રીજો ફૂલ મુન) બ્લ્યુ મુન કહેવાય.

આના ઉપરથી એક શબ્દ પ્રયોગ મુહાવરો બન્યો છે. Once in a Blue Moon એટલે કે rare - ક્યારેક જ વર્ષમાં બારને બદલે તેરપૂર્ણિમા આવે ત્યારે પણ આ શબ્દ પ્રયોગ થાય છે.

ચંદ્રગ્રહણની તદ્દન શરૂઆતમાં તેમજ ચંદ્રગ્રહણ પછી તરત પૃથ્વીના વાતાવરણમાંથી બ્લ્યુ કલરનું રીફ્લેકશન વધુ તીવ્ર હોય છે તેથી ચંદ્ર તેટલાપૂરતો બ્લ્યુ દેખાય છે, તેને પણ બ્લ્યુ મુન કહે છે.

Red Moon/ Blood Mon(લાલ ચંદ્ર)

પૂર્ણ ચંદ્રગ્રહણ વેળા ચંદ્ર લાલ રંગની આભાથી ઘેરાય છે. તેને રેડ મુન કહે છે. ચંદ્ર અને સૂર્ય વચ્ચે પૃથ્વી ભ્રમણમાં આવેત્યારેચંદ્રની સપાટી પર પડછાયો પડ છે ત્યારે પૃથ્વીના ઘણા ભાગો પરથી ચંદ્ર લાલ દેખાય છે. આના માટે પૃથ્વીનું વાતાવરણ જવાબદાર હોય છે. પૂર્ણ ચંદ્રગ્રહણ વેળા દેખાતા લાલરંગવાળા ચંદ્રને બ્લ્ડ મુન પણ કહે છે, જે લોકોના લાલ રંગ સાથે જોડાયેલ છે.

ક્યારેક ઘણા વર્ષો પછી અદભૂત આકાશી ઘટનાઓ બને છે. તેને આધારે જુદા જુદા શબ્દ પ્રયોગો વપરાય છે. યુએસએમાં ૧૮૬૬ પછી ૧૫૦ વર્ષ ૨૦૧૫માં Super Blue Blood Moon જોવા મળ્યો હતો જ્યારે બ્લ્યુ મૂન, સુપર મુન અને પૂર્ણ ચંદ્રગ્રહણ યોગ થયો હતો.

ચંદ્ર સાથે બીજા ઘણા નામો પણ જોડાયેલ છે. Hunter Moon અથવા Harvest moon, Travel moon દર ત્રણ વર્ષે ઓક્ટોબર માસના Full Moon (પૂનમ) વખતે આવે છે. ખગોળશાસ્ત્રીય આકાશી ઘટનાઓ જે ચંદ્ર સાથે સંકળાયેલ હોય છે. તેની ટેકનીકલ વિવિધતા કે વિશેષતા મુજબ અલગ અલગ નામો આપવામાં આવે છે. લેન્ટનમુન, ઇસ્ટરમુન : પાશ્ચલ મુન જેવા નામો પણ સીઝન અનુસાર વપરાય છે.


મુન બો / લ્યુનર રેઇન બો (ચંદ્રધનુષ)

મેઘ ધનુષકે ઇન્દ્ર ધનુષ (રેઇન બો) એ આકાશમાં જોવા મળતો અદભૂત પરંતુ સહજ-સામાન્ય નજારો છે. ખાસ કરીને વર્ષાઋતુમાં સૂર્યપ્રકાશ વડે આકાશમાં વિવિધ રંગોનો ધનુષ આકારનો વિશાળ કર્વ ઘણી વાર જોવા મળે છે. આવો જ ભવ્ય-અદભૂત પરંતુ અત્યંત જૂજ (Rare) એવો નજારો મુન બો અથવા લ્યુનર બો (Moon Bow/ Lunar Bow)નો હોય છે. જે રાત્રે ચંદ્રપ્રકાશમાં ક્યારેક જ જોવાય છે. મુન બો માત્ર રાત્રે

દેખાય છે. તે નદી, ધોધ, સરોવર જેવા પાણીના નિર્મળ સ્વચ્છ સ્રોતો આગળ દેખાય છે. વિશેષ રહીને ધોધના પાણીમાંથી ઉડતા ટીપાંઓ પર પડતા ચંદ્ર પ્રકાશને લીધે મુનબો દેખાય છે. મુન બો જ્યારે પૂર્ણ ચંદ્ર (Full Moon) અથવા પૂર્ણતાની તદ્દન નજીકનો ચંદ્ર (ચૌદશનો ચંદ્ર) near Full moon હોવો જરૂરી છે. ચંદ્ર આકાશમાં ઘણો નીચો હોય અને તે ક્ષિતિજથી ૪૨ ડિગ્રીથી વધુ ઊંચે ન હોય ત્યારે મુન બો દેખાય છે. આકાશમાં તદ્દન અંધકાર હોય અને ચંદ્ર સિવાયનો અન્ય કોઇનો પ્રકાશ ન હોય તો જ મુન બો જોઇ શકાય. વળી પાણીના ટીપાં કે સપાટી ચંદ્રની સામેની બાજુએ હોય તે જરૂરી છે. મુનબો નરી આંખે જોવા મળતો નથી. તે વિશેષપ્રકારના કેમેરા વડે જ જોઇ શકાય છે.

મુન બો અત્યાર સુધીમાં પૃથ્વી પર છ જગ્યાએ જોવામાં આવ્યા હોવાનું મનાય છે. અમેરિકામાં ત્રણ, યુરોપમાં એક, આફ્રિકામાં એક અને ભારતમાં એક એમ કુલ છ સ્થળોએ મુનબો દેખાયા છે. નદી, સરોવર અને ધોધ હોય ત્યાં મુનબો દેખાવાની શક્યતા હોય છે, પરંતુ અત્યાર સુધી ધોધ ના ઉડતા પાણી-ટીપાંઓ પર જ મુન બો જોવામાં આવ્યાં છે.

ભારતમાં નવેમ્બર ૨૦૧૬ સુધી મુન બોનું દૃશ્ય કોઇએ જોયું હોવાનું પ્રમાણ નથી. કર્ણાટક રાજ્યના ઉત્તર કન્નડ જિલ્લાની અઘનાશીની નદીના સૌંદર્ય અને વિવિધતાની ડોક્યુમેન્ટરીના એક પ્રોજેક્ટ ઉપર કામ કરતા ફોટોગ્રાફરો શ્રીહર્ષ ગંજમ, અશ્વિનીકુમાર ભટ્ટ અને અનિલકુમાર રંગનાથે ઊંચલ્લી ફોલ્સ (Unchalli Falls) -સિરસી પાસે, ઉત્તર કન્નડ જિલ્લા, કર્ણાટક પાસે કેમેરા લેન્સમાં મુન બોની ફોટોગ્રાફી - મુવી કરી હતી. ઉચલ્લી ધોધ પરના મુનબોનું ડોક્યુમેન્ટેશન એ એશિયાની સૌ પ્રથમ મુનબો ઘટના તરીકે નોંધાઇ છે. આ ધોધની ઊંચાઇ ૧૧૬ મીટર (૩૮૧ ફૂટ) છે, જ્યારે ભારતમાં આંધ્રપ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, મેઘાલય, સિક્કીમ, ઉત્તરાખંડ જેવા રાજ્યોમાં તેમજ કર્ણાટકમાં બીજા ઘણા મોટા અને ઊંચા પ્રસિદ્ધ ધોધ છે, જેના ઉપર પણ મુન બો થતા જ હશે. ઘણી નદીઓના ઉછળતા પાણી પર પણ મુનબો સર્જાતા હશે. પરંતુ પૂનમની રાત્રે ચોક્કસ સ્થિતિમાં જ ખાસ કેમેરા વડે જોઇ શકવાને કારણે બીજે શક્ય તેવા મુન બોનું ડોક્યુમેન્ટેશન હજી સુધી થયું નથી. આમ મુનબોએ જવલ્લે જ જોવા મળે તેવી કુદરતી ઘટના છે.





૨
ચંદ્ર વિશે ધાર્મિક મીથ-માન્યતાઓ

ચંદ્ર એ સૂર્યમાળાનો એક ભાગ છે, જેની ઉત્પત્તિ લગભગ પૃથ્વીની સાથે આશરે ૪૬૦ કરોડે વર્ષ પહેલાં થઇ હોવાનું વૈજ્ઞાનિકોનું મંતવ્ય છે. ચંદ્રએ પૃથ્વીનો ઉપગ્રહ છે અને હવા પાણી વિનાનો ખડકો અને માટીનો બનેલો છે.

હિન્દુ શાસ્ત્રોમાં જુદા જુદા ગ્રહોની ઉત્પત્તિ વિશે દંતકથાઓ- ધાર્મિક માન્યતાઓ પ્રવર્તે છે, તેમ ચંદ્રની ઉત્પત્તિ વિશે પણ કેટલીક માન્યતાઓ પ્રવર્તે છે. ચંદ્ર વિશેની દંતકથાઓ મુખ્યત્વે પુરાણોમાં વર્ણવાઇ છે.

એક દંતકથા અનુસાર સમુદ્રમંથન પ્રસંગે સમુદ્રમાંથી નિકળેલા ચૌદ રત્નો પૈકીનું એક રત્ન ચંદ્ર છે. આમ ચંદ્ર એ પૃથ્વી માંથી છૂટો પડેલો એક ઉપગ્રહ છે. તેવી માન્યતા આ દંતકથામાંથી ફલિત થાય છે.

ચંદ્રની ઉત્પત્તિ તથા ચંદ્રમાં કલંક હોવા અંગે એક દંતકથા એવી છે કે વૃત્ર નામના રાક્ષસને અમર થવાની ઇચ્છા થતાં તેણે ઇન્દ્રદેવને પ્રસન્ન કરવા માટે કઠોર તપ કર્યું અને અમરત્વ બક્ષવા માટે પ્રાર્થના કરી. ઇન્દ્રએ પ્રસન્ન થઇને વૃત્ર રાક્ષસનાશરીરમાંથી અમુક ભાગો કાઢીને ચંદ્ર બનાવ્યો અને તે રીતે વૃત્ત રાક્ષસ ચંદ્ર સ્વરૂપે અમરત્વ પામ્યો.

ચંદ્રને વૃત્ર રાક્ષસના અંશ તરીકે ભોગવિલાસી ચિતરવામાં આવ્યો છે અને બીજી એક દંતકથા પ્રમાણે બૃહસ્પતિની પત્ની તારા સાથે વ્યભિચાર કરવાને પરિણામે ચંદ્ર કલંકિત થયો. સફેદ ચંદ્રમાં કાળા કલંક -ધબ્બા દેખાય છે તે દર્શાવવા માટે આવી દંતકથા રચાઇ છે.

ઇન્દ્રએ ચંદ્રને અમર બનાવ્યો તેનું ઋણ ચૂકવવા માટે ચંદ્રએ ઇન્દ્રને અવૈદ્ય સંબંધમાં મદદ કરી હતી એવી એક દંતકથા છે. ગૌતમ ઋષિની પત્ની અહલ્યા સાથે ઇન્દ્રને અવૈદ્ય સંબંધ હતો તેથી રાત્રિ મિલન માણવા માટે ઇન્દ્રની તીવ્ર ઇચ્છા હતી. ગૌતમ ઋષિને વહેલી પરોઢે નદીએ સ્નાન કરવા જવાનો નિત્ય ક્રમ હતો. એક રાત્રે ચંદ્ર મધ્યરાત્રિએ જ આથમી ગયો. અદશ્ય થઇ ગયો. એટલે ચંદ્રનું અજવાળું જતું રહેતાં ગૌતમ ઋષિ અડધી રાત્રે જ નદીએ નહાવા નીકળ્યા અને ઇન્દ્રનું અહલ્યા સાથે રાત્રિ મિલન થઇ શક્યું. ગૌતમ ઋષિને આ

કપટની જાણ થતાં તેમણે ચંદ્રને શાપ આપ્યો અને ચંદ્ર હંમેશને માટે કલંકિત થઇ ગયો.

ચંદ્રના કલંક વિશેની દંતકથા એ વાસ્તવમાં બોધ કથા છે. અત્યંત સુંદર અને સૌમ્ય ચંદ્ર પણ તેના ખોટા કાર્યોને લીધે કલંકિત થયો, તેમ કોઇપણ સુંદર, પ્રભાવશાળી કે વિદ્વાન વ્યક્તિ પણ અયોગ્ય કાર્યોને લીધે કલંકિત બને છે.

બુધ ગ્રહની ઉત્પત્તિ પાછળ ચંદ્રનો હાથ હોવાનું જણાવતી એક દંતકથા છે. કશ્યપ મુનિને ધનગૌરિ નામની પત્ની હતી. અને તેમનો રજ નામે પુત્ર હતો. રજના લગ્ન વરુણાની પુત્રી સાથે થયા હતા. રજની પત્ની એકવાર નદીમાં કૂદી પડી. ચંદ્રએ તેને પાણીમાંથી બહાર કાઢી પરંતુ તે સ્ત્રીને બદલે પરુષ તરીકે બહાર આવી (આવ્યો) અને તે બુધ તરીકે ઓળખાયો.

હિન્દુ ધર્મ શાસ્ત્રોમાં પ્રકૃતિનાં ઘણાં તત્વોને દેવ-દૈવી તત્ત્વ સ્વરૂપે માનીને તેમના વિશે ઘણી દંતકથાઓ રચાઇછે, તે પૈકી ચંદ્ર વિશે પણ કેટલીક દંતકથાઓ પ્રચલિત છે.

જ્યોતિષશાસ્ત્ર મુજબ ચંદ્રના રથને હરણો જોડેલાં છે, જે મનની ચંચળતા સૂચવે છે. આથી જન્મકુંડળીમાં ચંદ્રનું સ્થાન જાતકના મનમાં ચંચળથા લાવે છે.

ચંદ્રને અત્યંત પ્રકાશિત અને રૂપેરી ધરતીવાળા પરીઓના દેશ તરીકે કલ્પવામાં આવ્યો છે. પ્રાચીન શાસ્ત્રોમાં ચંદ્રની વૃદ્ધિ અને ક્ષય સંદર્ભે પણ એક કથા છે.

દક્ષ પ્રજાપતિની ૨૭ દિકરીઓ જે આકાશમાં નક્ષત્રો સ્વરૂપે છે તેમને ચંદ્રદેવ- સોમ સાથે પરણાવી હતી. ચંદ્રદેવ સૌથી સ્વરૂપવાન રોહિણી પ્રત્યે વધુ ભાવ રાખી અન્ય પત્નીઓની ઉપેક્ષા કરતો હતો. આથી યક્ષકન્યાઓએ દક્ષને ફરીયાદ કરતાં દક્ષે ચંદ્રને સમજાવ્યો અને ચેતવણી આપી. પરંતુ ચંદ્રના વર્તનમાં સુધારો ન થતાં દક્ષે ચંદ્રને શ્રાપ આપ્યો કે તેનો (ચંદ્રનો) ક્ષય થશે. શ્રાપ અનુસાર ચંદ્રનો ક્ષય થતાં દેવોએ મધ્યસ્થી કરી, દક્ષને શ્રાપ પાછો ખેંચવા સમજાવ્યા. યક્ષે શ્રાપ પાછો ખેંચવા માટે ત્રણ શરતો મૂકી.

૧. બધી જ પત્નીઓ સાથે ચંદ્ર સમાન ભાવ અનેવર્તન રાખે,

૨. ચંદ્ર પ્રભાસ તીર્થમાં સમુદ્રસ્નાન કરો, અને

૩. ચંદ્ર પ્રભાસ તીર્થમાં મહાદેવની આરાધના કરે.

ચંદ્ર આ શરતો પૂર્ણ કરશે તો તે ૧૫ દિવસ ક્ષય પામશે અને ૧૫ દિવસ વૃદ્ધિ પામશે.

ચંદ્રએ પ્રભાસમાં સમુદ્રસ્નાન કરવું અને મહાદેવની આરાધના કરી તેથી અહીં મહાદેવજી ચંદ્રના નાથ-સોમનાથ કહેવાયા.

શ્રી ગણેશ (ગજાનન)ના જન્મ દિવસ ગણેશ ચતુર્થીના દિવસે ચંદ્ર જોવાથી, ચંદ્ર દર્શન કરવાથી જૂઠા આરોપનો ભોગ બનવું પડે છે તેવી એક માન્યતા પ્રચલિત છે. ગણેશજીના જન્મ દિવસે બાલગણેશે ભરપેટ લાડુનું જમણ કર્યું. અને મુશક પર સવારી કરીને ઘર તરફ જતા હતા તે દરમિયાન રસ્તામાં એક મોટો સાપ આવતાં મુશક ગભરાઇને ભાગ્યો અને ગણેશજી નીચે પડી ગયા, તેમનું ભારેખમ પેટ જમીન પર દબાઇ ગયું. આ જોઇને ચંદ્રને હસવું આવ્યું અને તે જોરથી હસવાલાગ્યો. ગણેશજીએ ઊભા થઇ સર્પને મારીને પેટ પર

બાંધી દીધો અને ચંદ્રની પાછળ ગુસ્સાથી દોડ્યા. ચંદ્ર ગભરાઇને તેના મહેલમાં સંતાઇ ગયો. દેવતાઓએ મધ્યસ્થી કરી ગણેશજીને મનાવ્યા. ચંદ્ર ગણેશજીની માફી માગવા લાગ્યો. પરંતુ ગુસ્સે ભરાયેલ ગણેશજીએ ચંદ્રને શ્રાપ આપ્યો કે તું ચોરની જેમ સંતાઇ ગયો, ગણેશચતુર્થીએ (ગણેશજીના જન્મ દિવસે) જે કોઇ ચંદ્રના દર્શન કરશે તેના ઊપર જૂઠો આરોપ લાગશે. શ્રી કૃષ્ણે ગણેશચતુર્થીએ ભૂલમાં ચંદ્રદર્શન કર્યું તો તમના પર પણ ચોરીનો જૂઠો આરોપ લાગ્યો હતો. આથી ગણેશ ચતુર્થીને દિવસે ચંદ્રદર્શન નહિં કરવાની માન્યતા હિંદુઓમાં પ્રવર્તે છે. ગણેશચતુર્થી એ ચંદ્રદર્શન કરે તે ગણેશજીની કૃપાથી વંચિત રહે છે.

નવ ગ્રહના ભાગરૂપે એક ગ્રહ દેવતા તરીકે ચંદ્ર પૂજાય છે અને ભારતના બધા જ ભાગોમાં નવગ્રહના મંદિરો-પૂજા સ્થાનો છે. ચેન્નાઇમાં ચંદ્રન ક્ષેત્રમ્ છે. તથા થિંગલૂર (તામિલનાડુ)માં ચંદ્રસ્થલમ છે જ્યાં ચંદ્ર દેવતા તરીકે પૂજાય છે.

દક્ષિણ ભારતમાં ચંદ્ર હોરા એ શુભ સમય ગણાય છે, જે શુભ ચોઘડિયા સમાન છે. ચંદ્રદેવના મંદિર ખાતે નાના બાળકોને ભાતનો પ્રસાદ ખવરાવવાની પરંપરા છે.

વિશ્વની ઘણી પ્રાચીન સંસ્કૃતિઓ જેવી કે મય, ઇન્કા, મ્યુઇસ્કા વગેરેમાં ચંદ્રને રાત્રિની દેવી તરીકે ગણવામાં આ છે અને સુખદાયિની દેવી તરીકે ચંદ્રના મંદિરો, પેરૂ, મેક્સિકો, કોલમ્બિયા જેવા દક્ષિણ અમેરિકા ખંડના દેશોમાં અત્યંત પ્રાચીન કાળમાં બન્યા હતા.

ગ્રીક અને રોમન સંસ્કૃતિમાં ડાયના, જ્યુપીટર, એપોલો જેવા શક્તિશાળી પાત્રો ચંદ્ર સાથે જોડાયેલા છે. પ્રાચીન ઇજીપ્શીયન સંસ્કૃતિમાં ચંદ્રને જાદુ અને ડહાપણના દેવ તરીકે કલ્પવામાં આવેલ છે. ચીન, જાપાન, કોરિયા વગેરેમાં ચંદ્ર પરના સસલાનાં નિશાન અ સસલાના રહેઠાણ તરીકે ચંદ્ર દર્શાવાયો છે. ચંદ્રને ગોડેસ યાંગે કલ્પી તેના મહત્ત્વ માટે સસલું દવાઓ તૈયાર કરતું હોવાનું માનવામાં આવે છે.

ચંદ્રગ્રહણ સંદર્ભે તો વિશ્વની વિવિધ પ્રજાઓમાં વિવિધ માન્યતાઓ પ્રવર્તે છે.

મેસોપોટેમીયન સંસ્કૃતિમાં ચંદ્રહગ્રહણ એ રાજા પરનો સીધો હુમલો મનાય છે. તેથી અસલી રાજા ચંદ્રગ્રહણ દરમ્યાન છૂપાઇ જાય અને નકલી રાજા ખૂલ્લામાં રાખવામાં આવે જેથી અસલી રાજા બચી જાય.

અમેરિકાની આદિજાતિઓ હપા અને લુઇસેના માને છે કે ચંદ્રગ્રહણ વેળા ચંદ્ર ઘાયલ થાય છે અને તેના ઘા રૂઝવવા માટે મહિલાઓ ગીતો ગાય છે.

આફ્રિકાની આદિજાતિઓ રોગો અને બિમારી માને છે કે સૂર્ય અને ચંદ્ર આકાશમાં ભયાનક લડાઇ થાય છે ત્યારે ચંદ્રગ્રહણ થાય છે અને બે વચ્ચે સુલેહ કરાવવા માટે લોકો ગીતો ગાય છે.

હિન્દુ માન્યતા અનુસાર સમુદ્રમંથન વેળા અમૃત પીવા દેવતાના વેશમાં આવેલ રાક્ષસો રાહુકેતુ પકડાઇ જાય છે પરંતુ તેમના માતા અમરત્વ પામી આકાશમાં જતા રહે છે, જે ક્યારેક ચંદ્રને ગળી જવા પ્રયત્ન કરે છે ત્યારે ચંદ્રગ્રહણ થાય છે. આ સમયે મંદિરો બંધ રહે છે અને લોકો ઉપવાસ રાખી, દાન-પુણ્ય કરી ચંદ્રને જલ્દીથી છોડવવા માટે પ્રયાસ કરે છે.

ઇસ્લામ ધર્મની માન્યતા અનુસાર સૂર્ય ચંદ્ર ગ્રહણ વેળા અલ્લાહની સર્વોપરિતા સ્થાપિત થાય છે અને

ચંદ્ર સૂર્યને ગ્રહણ મુક્ત કરવા માટે ખાસ પ્રાર્થના કરવામાં આવે છે જેમાં અલ્લાહની માફી માંગવામાં આવે છે તથા મહાનતા સ્વીકારવામાં આવે છે.

ચંદ્ર એ કુદરતી આકાસી પદાર્થ તરીકે લોકો માટે ગૂઢ રહસ્યમય શક્તિ છે અને પ્રાચીન સમયથી જ વિશ્વના વિવિધ ભાગોમાં વિવિધ સંસ્કૃતિઓમાં ચંદ્ર વિશે વિવિધ માન્યતાઓ ચાલી આવે છે.

હિન્દુ ધર્મમાં ચંદ્રનો અનેરો મહિમા છે અને ચંદ્રને દેવ પણ માનવામાં આવે છે. ચંદ્રદેવની આરતી તથા મંત્રજાપ પણ કરવામાં આવે છે. જૈન ધર્મમાં આઠમા તીર્થંકર તરીકે ચંદ્રપ્રભ/ચંદ્રપ્રભુના નામથી ચંદ્રચાલીસા પ્રચલિત છે, જેમાં ચંદ્રપ્રભમાં ચંદ્ર જેવા તેજની કલ્પના કરાઇ છે.

ચંદ્ર દેવની આરતી

ઓમ જય સોમ દેવા સ્વામી જય સોમ દેવા
દુખ હરતા સુખ કરતા જય આનન્દકારી
રજત સિંહાસન રજજ્ઞ જ્યોતિ તેરી ન્યારી
દીન દયાલ દયાનિધિ ભવ બંધન હારી
જો કોઇ આરતી તેરી પ્રેમ સહિત ગાવે
સકલ મનોરથ દાયક નિર્ગુણ સુખરાશિ
યોગીરાજ હ્દય મેં તેરા ધ્યાન ધરે
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ સંત કરે સેવા
વેદ પુરાણ વખાણત જાય પાતક હારી
પ્રેમ ભાવ સે પૂજે સબ જગ કે નારી
શરણાગત પ્રતિપાલક ભક્ત ન હિતકારી
ધન સંપત્તિ ઔર વૈભવસહજે સો પાવે
વિશ્વ ચરાચર પાલક ઇશ્વર અવિનાશી
સબ જગ કે નર નારી પૂજા પાઠ કરે
ઓમ જય સોમ દેવા સ્વામી જય સોમ દેવા.

ચંદ્રમા નો વૈદિક મંત્ર

ઓમ ઇમં દેવા અસપત્નં ગ્વં સુવધ્યં
મહતે ક્ષત્રાય મહતે જ્યૈશઠાય મહતે
જાન રાજ્યાયેન્દસ્યેન્દ્રિયાય ઇમમ મુધ્ય પુત્રમ મુહ્યૈ
પુત્રમસ્મૈ વિશ વોડમી રાજઃ સોમોડસ્માકં
બ્રાહ્મણાના ગ્વં રાજા

તંત્રોક્ત મંત્ર

ઓં એં કલીં સોમાય નમઃ

ઓં શ્રીં શ્રીં શ્રૌં ચન્દ્રમસે નમઃ
ઓમ શ્રીં શ્રીં ચન્દ્રમસે નમઃ

ચંદ્રમા નામ મંત્ર

ઓં સોં સોમાય નમઃ

ચંદ્રપ્રભુ ચાલીસા

જૈન ધર્માવલંબિઓમાં ચંદ્ર પ્રભુ ચાલીસા પ્રચલિત છે.

વિતરાગ સર્વજ્ઞ જિન, જિનવાણી કો ધ્યાય
લિખને કા સાહસ કરૂં ચાલીસા સિર નાય ૧

દેહરે કે શ્રી ચંદ્ર કો પૂજૌ મન વચ કાય
ઋદ્ધિ સિદ્ધિ મંગલ કરે વિઘ્ન દૂર હો જાય ૨

જય શ્રી ચંદ્ર દયા કે સાગર
દેહરે વાલે જ્ઞાન ઉજાગર ૩

શાંતિ છવિ મૂરતિ અતિ પ્યારી
ભેષ દિગમ્બર ધારી ભરી ૪

નાસા પર હૈ દૃષ્ટિ તુમ્હારી
મોહિની મૂરતિ કિતની પ્યારી ૫

દેવો કે તુમ દેવ કહાવો
કષ્ટ ભક્ત કે દૂર હટાવો ૬

સમંત ભદ્ર મુનિવરને ધ્યાયા
પિંડી ફરી દર્સ તુમ પાયા ૭

તુમ જગ મેં સર્વજ્ઞ કહાવો
અષ્ટમ તિર્થંકર કહલાઓ ૮

મહાસેન કે રાજદુલારે
માત સુલક્ષણા કે હો પ્યારે ૯

ચંદ્ર પુરી નગરી અતિ નામી
જન્મ લિયા ચંદ્રપ્રભુ સ્વામી ૧૦

પોષ વદી ગ્યારસ કો જન્મે
નર નારી હરષે તબ મન મેં ૧૧

કાળ ક્રોધ તૃષ્ણા દુખકારી

ત્યાગ સુખદ મુનિ દીક્ષા ધારી ૧૨

ફાલ્ગુન વદી સપ્તમી ભાઇ
કેવલ જ્ઞાન હુઆ સુખદાયી ૧૩

ફિર સમ્મેદ શિખર પર જા કે
મોક્ષ ગયે પ્રભુ આપ વહાં સે ૧૪

લોભ મોહ ઔર છોડી માયા
તુમને માન કષાય નસાયા ૧૫

રોગી નહીં નહીં તૂ દ્વેષી
વીતરાગ તૂ હિત ઉપદેશી ૧૬

પંચ કાલ મહા દુખદાયી
ધર્મ કર્મ ભૂલે સબ ભાઇ ૧૭

અલવર પ્રાંત મેં નગર તિમારા
હોવે જહાં પર દર્શન પ્યારા ૧૮

ઉત્તર દિશા મેં દેહરા માંહી
વહાં આકર પ્રભૂતા પ્રગટાયી ૧૯

સાવન સુદી દશમી શુભ નામી
પ્રગટ લીયે ભૂવન કે સ્વામી ૨૦

ચિહ્ન ચંદ્ર કા લખ નર નારી
ચંદ્ર પ્રભુ કી મૂરતિ માની ૨૧

મૂર્તિ આપકી અતિ ઉજ્યાલી
લગતા હીરા ભી હૈ જાલી ૨૨

અતિશય ચંદ્ર પ્રભુ કા ભારી
સુનકર આતે યાત્રી ભારી ૨૩

ફાલ્ગુન સદી સપ્તમી પ્યારી
જુડતા હૈ મેલા યહાં ભારી ૨૪

કહલાને કો તો શશિધર હો
તેજ પૂંજ રવિ સે બઢ કર હો ૨૫

નામ તુમ્હારા જગમેં સાંચા
ધ્યાવત ભાગત ભૂત પિશાચા ૨૬

રાક્ષસ ભૂત પ્રેત સબ ભાગે
તુમ સુમિરન ભય કભી ના લાગે ૨૭

કીર્તિ તુમ્હારી હૈ અતિ ભારી
ગુણ ગાતે નિત નર ઔર નારી ૨૮

જિસ પર હોતી કૃપા તુમ્હારી
સંકટ ઝટ કટતા હી ભારી ૨૯

જો ભી જૈસી આશ લગાતા
પૂરી ઉસે તુરત કર પાતા ૩૦

દુખિયા દર પર જો આતે હૈ
સંકટ સબ ખો કર જાતે હૈ ૩૧

ખુલા સભી હિત પ્રભુ દ્વાર હૈ
ચમત્કાર કો નમસ્કાર હૈ ૩૨

અંધા ભી યહિ ધ્યાન લગાવે
ઉસકે નેત્ર શીઘ્ર ખુલ જાવે ૩૩

બહરા ભી સુનને લગ જાવે
પગલે કા પાગલપન જાવે ૩૪

અખંડ જ્યોતિ કા ધૃત જો લગાવે
સંકટ ઉસકા સબ કર જાવે ૩૫


ચરણોં કા રજ અતિ સુખકારી
દુખ દરિદ્ર સબ નાશન હારી ૩૬

ચાલીસા જો મન સે ધ્યાવે
પુત્ર પૌત્ર સબ સમ્પતિ પાવે ૩૭

પાર કરો દુખિયોં કી નૈયા
સ્વામી તુમ બિન કૌન ખિવૈયા ૩૮

પ્રભુ મૈં તુમસે કુછ નહીં ચાહું
દર્શ તિહારા નિશ દિન પાઉં ૩૯

કરૂં વંદના આપકી શ્રી ચન્દ્ર પ્રભુ જિનરાજ
જંગલ મેં મંગલ કિયો રખો સુરેશ કી લાજ ૪૦







૩
તિથિ-વર્ષ, ધાર્મિક ઉત્સવો અને ચંદ્ર

પૃથ્વીનો કુદરતી ઉપગ્રહ ચંદ્ર પૃથ્વીની પરિક્રમા કરે છે. તેને આધારે ચંદ્રની કળાઓ થાય છે, તે મુજબ ભારતીય તિથી-વર્ષ રચાયું છે. એક વર્ષના ૩૬૦ દિવસ (૧૨ મહિના) અને એક મહિનાના ૩૦ દિવસ હોય છે. એક મહિનાના ચાર સપ્તાહ અર્થાત્ બે પખવાડિયા જે પૈકી પ્રથમ પખવાડિયું એ અજવાળિયું (શુક્લપક્ષ) અને બીજું પખવાડિયું છે. અંધારિયું (કૃષ્ણ પક્ષ) તરીકે ઓળખાય છે. પ્રથમ પખવાડિયું એ સુદ અન બીજું પખવાડિયું વદ તરી પણ ઓળખાય છે. સુદ એકમથી પૂનમ એ અજવાળિયા અને વદ એકમથી અમાસ એ અંધારિયું હોય છે.

હિન્દુ ભારતીય સંસ્કૃતિમાં, ધાર્મિક-સામાજિક ઉત્સવોમાં ચંદ્ર ઘનિષ્ઠપણે વણાયેલો છે. સુદ એકમ પૂનમ અને વદ એકમથી અમાસ સુધીના ૩૦ દિવસોની બધી જ તિથિઓ કોઇને કોઇ ધાર્મિક-સામાજિક ઉત્સવ પરંપરા સાથે જોડાયેલ છે, જે નીચે દર્શાવેલ છે.

જુદા જુદા મહાન પ્રસંગો અને સમ્રાટો સાથે જુદા જુદા ભારતીય વર્ષો જોડાયેલા છે અને તેમની શરુઆત અલગ અલગ માસથી થાય છે, તેમ છતાં તિથિ ગણના બધામાં લગભગ સરખી હોય છે.

- એકમ એટલે કે પડવાના દિવસે ગુડી પડવો, નૂતનવર્ષ, ધૂળે જેઠ સુદ એકમે ગંગા દશહરા.
- બીજના દિવસે ભાઇબીજ, અષાઢી બીજ.
- ત્રીજના દિવસે અક્ષય તૃતીયા (અખાત્રીજ), તીજ પૂજા (ગૌરી પૂજા કેવડા ત્રીજ.
- ચોથના દિવસે સંવત્સરી, ગણેશ ચતુર્થી, કડવા ચોથ, સંકટ ચોથ, ઘઉંલા ચોથ, બોળ ચોથ, વેપારી ચોથ.
- પાંચમના દિવસે લાભ પાંચમ, વસંત પંચમી, નાગ પાંચમ, ઋષી પંચમી (સામા પાંચમ).
- છઠના દિવસે છઠ પૂજા, રાંધણ છઠ.

- સાતમના દિવસે શિતળા સાતમ, વૈશાખ સુદ સાતમે ગંગા અવતરણ.
- આઠમના દિવસે કૃષ્ણ જન્માષ્ટમી (ગોકૂળાષ્ટમી) ધરો આઠમ, દુર્ગાષ્ટમી (દુર્ગાપૂજા).
- નોમના દિવસે રામ નવમી, નવમું નવલું નવરાત્ર.
- દશમના દિવસે પીંપળા દશમ, વિજયા દશમી (દશેરા), ગંગા દશમી.
- અગિયારસના દિવસે નિર્જળા એકાદશી (ભીમ અગિયારસ) દેવ દિવાળી, દેવ પોઢી અગિયારસ, દેવ દેવ ઉઠી અગિયારસ, તુલસી વિવાહ, ભગવદગીતા જયંતિ, મોક્ષદા એકાદશી.
- બારસના દિવસે વાઘ બારસ, રેંટિયા બારસ (ગાંધી જન્મ)
- તેરસના દિવસે શિવરાત્રી, ધન તેરસ.
- ચૌદસના દિવસે કાળી ચૌદસ.
- પૂનમના દિવસે નાનક જયંતિ, કાતોક, પોષી પૂનમ, હોળી, ચૈત્રી પૂનમ, વટ સાવિત્રી (જેઠ સુદ પુનમ) બુદ્ધ પૂર્ણિમા, નાળિયેર પૂર્ણિમા (રક્ષા બંધન- બળેવ), શરદ પૂર્ણિમા.
- અમાસના દવિસે સોમવતી અમાસ, મૌની અમાસ, દિવાસો, શ્રાવણી અમાસ દિવાળી, વળી દેવી દેવતાઓ, મહા પુરૂષો, ધર્મ પ્રવર્તકો, ઋષિ મુનિઓ વગેરેની જયંતી.
- જન્મ જયંતિ જેમ કે હનુમાન જયંતિ, વિશ્વકર્મા જયંતિ, ધન્વન્તારિ જયંતિ, પરશુરામ જયંતિ, મહાવીર જયંતિ, બુદ્ધ જયંતિ, નાનક જયંતિ, વગેરે તથા કેટલાક વ્રત તહેવારો જેવા કે ગંગા અવતરણ, ગંગા દશહરા, ચંદ્રપૂજા, ગૌરી પૂજા, ગૌરી વ્રત, જય પાર્વતી, ગોરો, તુલસી વિવાહ, લોઢી, ઓણમ, પોંગલ જેવાતહેવારો પંચાગ- તિથિ વર્ષ, અનુસાર ચોક્કસ, દિવસોએ- તિથે ઉજવાય છે. ઘણા બધા સ્થાનિક તહેવારો અને ઉત્સવો-મેળાઓ પણ ભારતીય કેલેન્ડર મુજબ યોજાય છે.

આસો વદ ચોથને દિવસે કડવા ચોથનો તહેવાર પતિ-પત્નીના અમર સંબંધનો તહેવાર છે. પતિના દીર્ઘાયુ અને મંગલ માટે પત્ની ઉપવાસ કરી રાત્રે ચાયણીમાંથી ચંદ્રને જોઇને, ચંદ્રની પૂજા કરી પતિના મુખના દર્શન કરે છે અને પતિ પત્નીને ઉપવાસના પારણાં કરાવે છે. એજ રીતે ત્રીજ પૂજા, છઠ પૂજા, કેવડા ત્રીજ જેવા તહેવારોનું ભારતીય સમાજમાં ભારે મહત્ત્વ છે. પોષ પૂજાનો તહેવાર પણ ચંદ્રોદય અને ચંદ્રદર્શન તથા ચંદ્ર પૂજા સાથે સંકળાયેલો છે.

ચંદ્ર આધારિત તહેવારોમાં ચૈત્રી તેમજ આસો માસની સુદ એકમથી સુદ નોમ સુધી નવરાત્રિ મુખ્ય છે. આ ચૈત્ર સુદ ૧ થી૮ દરમ્યાન ચૈત્રી નવરાત્ર હોય છે. જ્યારે આસો સુદ ૧ થી ૯ શારદીય નવરાત્ર હોય છે. શારદીય નવરાત્રમાં બંગાલમાં દુર્ગાપૂજાનો મોટો તેહવાર હોય છે. ચૈત્રી નવરાત્રમાં ગુજરાતમાં-ગુજરાતી કુટુંબોમાં ધાર્મિક હેતુથી માતાજીના ગરબા યોજાય છે. જ્યારે શારદીય નવરાત્રમાં ગુજરાત-ગુજરાતી કુટુંબોમાં (અને મુંબઇમાં પણ) માતાજીની પૂજાના ધાર્મિક ગરબા ઉપરાંત સામાજિક મહોત્સવ પણ ધામધૂમથી ઉજવાય છે.

દીવાળીનો તહેવાર આસો વદ-૧૩ થી કારતક સુદ-૫ (પાંચમ) સુધી એક અઠવાડિયા દરમિયાન ઉજવાય છે. રાજસ્થાનમાં હોળી, સૌરાષ્ટ્ર અને વ્રજભૂમિમાં જન્માષ્ટમી (ગોકૂળાષ્ટમી), મહારાષ્ટ્રમાં ગણેશોત્સવ ગુજરાત અને મુંબઇમાં નવરાત્રિ, આસમમાં બિહુ, પંજાબમાં લોઢી અને વૈશાખી કેરાલામાં ઓણમ, તામિલ નાડુમાં પોંગલ, કર્ણાટકમાં દશેરા, ગુજરાતમાં શરદોત્સવ, બિહારમાં છઠ પૂજા, ભારે ધામધૂમથી ઉજવાય છે. સિંધી લોકો ચેટી ચાંદનો તહેવાર ઉજવે છે. શ્રાવણ માસ કાવડિયાઓનો પવિત્ર મહિનો છે.


ભાદરવા સુદ -૧૫ (પૂનમ)થી ભાદરવા વદ ૩૦ (અમાસ)ના સોળ દિવસો દરમિયાન શ્રાદ્ધ પક્ષ હોય છે. અને ભારતભરમાં હિંદુઓ આસ્થા પૂર્વક પોતાના પૂર્વજોને સ્નેહી મૃતાત્માઓને શ્રાદ્ધ અર્પણ કરે છે.


આસો માસની પૂનમ એટલે શરદપૂર્ણિમા. આસો માસની પૂર્ણિમાની રાત્રીએ ચંદ્ર સૌથી વધુ તેજસ્વી-પ્રકાશિત દેખાય છે. અને ચંદ્રની ચાંદની પૃથ્વી ઉપર શીતળતા વર્ષાવે છે. શરદ પૂર્ણિમાએ શરદોત્સવની ઉજવણી વિવિધ રીતે થાય છે. પૂર્ણિમાના પ્રકાશમાં લોકો સોયમાં દોરો પરોવીને આંખોના તેજની ક્ષમતા ચકાસે છે. સાહસિક લોકો નદી-સરોવરમાં નૈકા વિહાર કરે છે. રંગ રસિયા લોકો ગરબા ગાઇ- ગરબે રમીને શરદોત્સવ ઉજવે છે. ધાબા ઉપર, નદી કિનારે, સાગર કિનારે કે મેદાનમાં લોકો એકત્ર થઇ ગીતો ગાય છે, મહેફિલ જમાવે છે અને પીકનીક મનાવે છે. ચંદ્રના પૂર્ણ તેજસ્વી રૂપથી નીતરતી ચાંદનીમાં નહાવાનો, ચાંદનીને આંખોથી પીવાનો, ચમકતી ચાંદનીમાં મનના મીતના સૌંદર્ય અને સાથને માણવાનો લહાવો લેવા સૌ કોઇ આતુર હોય છે. દૂધ-પૌંઆ-સાકરના મિશ્રણમાં ચાંદનીની શીતળતા ઉમેરીને ચાંદની યુક્ત અમૃત આરોગીને તન-મનને શીતળ બનાવવાનો રોમાંચ સૌ કોઇ અનુભવે છે.


આપણું વ્યાવસાયિક અને નાણાંકીય વર્ષ પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવહેઠળ ભલે અંગ્રેજી કેલેન્ડર (ઇસુ ખ્રિસ્તના જન્મ સંલગ્ન) સાથ જોડાયું હોય, પરંતુ આપણા ધાર્મિકૃ-સામાજિક ઉત્સવો તો ચંદ્ર આધારિત ભારતીય તિથિ-ગણના (કેલેન્ડર) અનુસાર જ ઉજવાય છે.

ભગવાન શંકર પોતાની જટામાં અર્ધચંદ્ર ધારણ કરે છે એટલે તો તેઓ ચંદ્ર મૌલિશ્વર કહેવાય છે વળી દક્ષની શરતપૂર્ણ કરવા ચંદ્રએ પ્રભાસ ખાતે ભગવાન શિવજીની આરાધના કરી અને ભગવાન શિવજી ચંદ્ર પર પ્રસન્ન થયા તથા ચંદ્ર ક્ષયના શાપથી મુક્ત બન્યો. આ સ્થળે ભગવાન શિવજી સોમનાથ ચંદ્રના નાથ કહેવાયા. એકમથી પૂનમ અને અમાસ સુધી બધી જ તિથિઓનું કોઇને કોઇ ધાર્મિક મહત્ત્વ છે અન ઘણી તિથીઓએ હિંદુ સમાજના તહેવારો ઉજવાય છે. કડવા ચોથ ઉપર તો પરિણિતા સ્ત્રી આખો દિવસ વ્રત રાખી પતિના દીર્ઘાયુની પ્રાર્થના કરે છે. પૂજા કરીને ચાયણીમાંથી ચંદ્રને જોઇને પતિનું મુખ જુએ છે ને પછી જ ઉપવાસ તોડે છે પોષી પૂનમે કન્યાઓ ઇષ્ટ વર મેળવવા માટે ચંદ્રની પૂજા કરે છે. અષાઢી બીજનું તો વિશેષ મહત્વ છે. આસો સુદ પૂનમે શરદપૂનમે તો આકાશ તેમજ ધરતી પર ચંદ્રનું જ સામ્રાજ્ય જામે છે. અષાઢી પૂનમ એટલે ગુરૂપૂર્ણિમા-ગુરૂવંદનાનું પર્વ ખારવા જાતિ તો ચંદ્રને દેવ તરીકે પૂજે છે. મુસ્લીમો દૂજકા ચાંદ જોઇને રોજા તોડે છે. ભારતીય સંસ્કૃતિમાં માનવ જીવન ધાર્મિક-સામાજિક ઉત્સવોને લીધે તો હર્યું ભર્યું છે, એ અર્થમાં આપણું જીવન ચંદ્રમય છે.

પ્રથમ ભુવન
કાલપુરુષની કુંડલી









૪
ખગોળશાસ્ત્ર, જ્યોતિષ શાસ્ત્ર અને ચંદ્ર

ખગોળશાસ્ત્ર (એસ્ટ્રોનોમી) એ બ્રહ્માંડમાં સૂર્ય, તારા, ગ્રહો અને ચંદ્ર-ઉપગ્રહોની સ્થિતિ, ગતિ વગેરેનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે, જે સ્પેશ કે અંતરીક્ષ વિજ્ઞાન છે. ખગોળશાસ્ત્રીય ઘટનાઓ પૃથ્વીવાસીઓ અવારનવાર જુએ છે તેમાં સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ મુખ્ય છે. સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ એ સૂર્ય ફરતે પૃથ્વી અને પૃથ્વી ફરતે ચંદ્રની પરિક્રમાનું પરિણામ છે. અને આ ખગોળશાસ્ત્રીય ઘટનાઓ સાથે ચંદ્ર સંકળાયેલ છે.

પૃથ્વીની પરિક્રમા કરતા કરતા ચંદ્ર જ્યારે પૃથ્વી અને સૂર્યની વચ્ચે આવે ત્યારે ક્યારેક સૂર્યનો કેટલાંક ભાગ ઢંકાય છે. અને પૃથ્વી ઉપરથી સૂર્યનો કેટલોક ભાગ દેખાતો નથી, તેને સૂર્યગ્રહણ કહે છે. સૂર્યગ્રહણ અમાસને દિવસે થાય છે. ક્યારેક સૂર્યનો અમૂકભાગ ન દેખાય ત્યારે ખંડગ્રાસ સૂર્યગ્રહણ થાય છે અને જ્યારે ચંદ્ર બરાબર સૂર્યની મધ્યમાં આવી સૂર્યના મધ્યભાગને ઢાંકી દે ત્યારે સૂર્ય કંકણ જેવો દેખાય છે.

સૂર્ય અને ચંદ્રની વચ્ચે પૃથ્વી આવે ત્યારે પૃથ્વીનો પડછાયો ચંદ્ર ઉપર પડવાથી ચંદ્રનો કેટલાક ભાગ ન દેખાય ત્યારે ખંડગ્રાસ ચંદ્રગ્રહણ થાય છે અને જો પૂરેપૂરો ચંદ્ર ઢંકાઇ જાય તો ખગ્રાસ ચંદ્રગ્રહણ થાય છે. ચંદ્રગ્રહણ પૂનમની રાત્રે થાય છે.

પૃથ્વીની પરિક્રમા કરતા ચંદ્ર જ્યારે પૃથ્વી અને સૂર્યની વચ્ચે આવે ત્યારે ચંદ્રનો પ્રકાશિત ભાગ સૂર્ય તરફ હોય છે. અને પ્રકાશ વિનાનો ભાગ પૃથ્વી તરફ હોય છે, તેથી ચંદ્ર પૃથ્વી ઉપરથી દેખાતો નથી. આ વખતે પૃથ્વી ઉપર અમાસ હોય છે. અમાસ પછી ચંદ્રનો ચળકતો ભાગ પૃથ્વી તરફ આવે છે અને એકમથી પૂનમ સુધી ચંદ્રનો પ્રકાશિત ભાગ વધતો જોઇ શકાય છે, અને પૂનમના દિવસે સૂર્ય અને ચંદ્રની વચ્ચે પૃથ્વી હોવાથી ચંદ્રનો બધો પ્રકાશિત ભાગ પૃથ્વી તરફ હોય છે. આ વખતે પૂર્ણ ચંદ્ર દેખાય છે જે પૂનમ-પૂર્ણિમા કહેવાય છે. પૂનમ પછી ચંદ્રનો પ્રકાશિત ભાગ પૃથ્વી તરફ ઓછો થતો જાય છે. અને અમાસની રાત્રિએ ચંદ્ર બિલકુલ દેખાતો નથી.

શુક્લ પક્ષ (અજવાળિયું), કૃષ્ણપક્ષ (અંધારિયું), પૂનમ, અમાસ, તિથિઓ, માસ અને વર્ષ એમ ભારતીય તિથી-વર્ષ પૃથ્વી ફરતે ચંદ્રની પરિક્રમાને આધારે રચાયું છે.

જ્યોતિષશાસ્ત્રમાં ચંદ્રનું મહત્ત્વ:

જેમ ખગોળશાસ્ત્રીય ઘટનાઓ સાથે ચંદ્ર સંકળાયેલ છે તેમ જ્યોતીષશાસ્ત્રમાં (એસ્ટ્રોલોજી)માં પણ ચંદ્રનું મહત્ત્વ છે. જ્યોતિષ શાસ્ત્રની મૂળ વિભાવના એવી છે કે આકાશ-અંતરીક્ષમાં સૂર્ય, ગ્રહો, તારામંડળ-નક્ષત્રો વગેરે પૃથ્વી ઉપર-પૃથ્વીના માનવીઓના મન અને ભાગ્ય ઉપર અસર કરે છે. જાતક જન્મ સમયે ચોક્કસ દિવસેજાતકના જન્મ સ્થળ-અક્ષાંશ-રેખાંશ સંદર્ભે આકાશમાં ગ્રહો-નક્ષત્રોની જે સ્થિતિ હોય તને આધારે જાતકની જન્મકુંડળી બને છે અને આ જન્મકુંડળી આધારે જાતકનું ભાગ્ય નિર્ધારિત થાય છે. જ્યોતિષશાસ્ત્રમાં નક્ષત્રોનું મહત્ત્વ છે, જે તારાસમૂહોથી બનેલાછે. સત્તાવીસ નક્ષત્રો તથા બાર રાશિ અને નવગ્રહોની સ્થિતિનું જ્યોતિષફળમાં ઘણું મહત્ત્વ છે. નવગ્રહો આ પ્રમાણે દર્શાવાય છે. સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ. આ પૈકી ચંદ્ર એ પૃથ્વીનો ઉપગ્રહ છે અને તે પૃથ્વીથી સૌથી નજીક છે, તેથી ચંદ્રની અસર અન્યગ્રહોની જેમ જ જ્યોતિષમાં દર્શાવાઇ છે. જો કે રાહુ અને કેતુ એ બે ગ્રહો ખગોળશાસ્ત્રમાં શોધાયા કે દર્શાવાયા નથી, પરંતુ ભારતીય પુરાણકથાઓમાં તેની દંતકથાઓ છે. ભારતીય પુરાણકથાઓમાં તેની દંતકથાઓ છે. જોકે ખગોળશાસ્ત્રની રીતે, પૃથ્વી અને ચંદ્રની ગતિ સંદર્ભે રચાતા ક્રાંતિવૃત્ત અને ચંદ્રકક્ષાના બે પાત બિંદુઓને રાહુ અને કેતુ કહેવામાં આવે છે. આમ ચંદ્ર તથા ચંદ્રકક્ષાના પાતબિંદુસ્વરૂપે રાહુ અને કેતુ જાતકના ભાગ્ય ઉપર અસર કરે છે.

નામકરણ:

જાતકના નામકરણ નક્ષત્રોના ચરણ પરથી પાડવામાં આવતા હતા. હવે સૂર્ય જે રાશિમાં હોય તેરાશિને આધારે નામરાશિ રાખવામાં આવે છે. અથવા ચંદ્રની રાશિ પરથી નામકરણ કરવામાં આવે છે. જ્યોતિષશાસ્ત્રમાં ગ્રહોનાં પ્રકૃતિ અને સ્વભાવ દર્શાવવામાં આવ્યા છે તે મુજબ,

ચંદ્રની પ્રકૃતિ અને પ્રભાવ આ પ્રમાણે છે:

ચંદ્ર એ સ્ત્રી જાતિ, શ્વેત વર્ણ, ચંચળ, જલીય પ્રકૃતિ અને વાયવ્ય દિશાનો અધિષ્ઠાતા છે. ચંદ્ર એ મન ચિત્તવિત્ત, સ્વાસ્થ્ય, સંપત્તિ, અનુગ્રહ અને માતૃસુખનું કારક છે. એના દેવતા જળ અને ઋતુ વર્ષા છે. ચંદ્રથી જલીય રોગો, કફ, પાંડુરોગ, માનસિક રોગ, ઉદર તથા મસ્તકનો વિચાર થાય છે.

રાશિના સ્વામી:

જ્યોતિષશાસ્ત્રમાં વિવિધ રાશિના સ્વામી અને રાશિશ્વર કે અધિશ્વર દર્શાવવામાં આયા છે, તે મુજબ ચંદ્ર એ કર્કરાશિનો સ્વામી છે. જદા જુદા ગ્રહો એક રાશિમાં જુદા જુદા સમયગાળાં હોય છે તે અનુસાર ચંદ્ર એક રાશિમાં સૌથી ઓછા સમય માટે રહે છે અને તે સમય છે ફક્ત સવા બે દિવસ.

ભાવ અને કારક:

જન્મકુંડળીના બાર ભાવ છે, જે પૈકી ચતુર્થ ભાવ સુહૃદય, સુખગ્રહ, તુર્ય, હિંબુક, વાહન, યાન, નીર, અમ્બુ, વગેરેનો વાહક ચંદ્ર છે.

ઉચ્ચ અને નીચના ગ્રહ:

જ્યોતિષશાસ્ત્રમાં ગ્રહ સ્થિતિમાં ગ્રહોને ઉચ્ચનો અને નીચનો ગ્રહ એમ દર્શાવાય છે, આ પૈકી ચંદ્ર એ વૃષભ રાશિમાં ઉચ્ચનો અને વૃશ્ચિક રાશિમાં નીચલા ગ્રહ ગણાય છે.

ગ્રહોના બળ:

ગ્રહોના છ પ્રકારનાં બળ દર્શાવાયા છે. એક કે વધુ ગ્રહો રાશિ અને ભાવ સંદર્ભે જુદા જુદા બળ ધરાવે છે. ચંદ્ર પણ વિવિધ સ્થિતિમાં અલગ અલગ બળ ધરાવે છે.

૧. ચંદ્ર અને શુક્ર સમ રાશિમાં વૃષભ, કર્ક, કન્યા, વૃશ્ચિક, મકર અને મીન રાશિમાં હોય તો બળવાન થાય.

૨. બુધ અને ગુરૂ પ્રથમ ભાવમાં હોય તો ચંદ્ર અને શુક્ર યતુ ભાવમાં દિંગ્બલી (દિશાબળ) હોય છે.

૩. જાતકનો જન્મ રાત્રિમાં થયો હોય તો ચંદ્રમાં શનિ અમંગળ કાળબલિ હોય છે.

૪. શનિ, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, ચંદ્ર, સૂર્ય ઉત્તરોત્તર એક બીજાથી બળવાન હોય છે તેને નૈસર્ગિક બળ કહે છે. ચંદ્ર એ નૈસર્ગિક રીતે શનિ, મંગળ, બુધ, ગુરૂ અને શુક્ર કરતાં બળવાન છે, જ્યારે સૂર્ય, ચંદ્ર કરતાં વધુ બળવાન છે.

૫. મકરથી મિથુન રાશિ સુધી કોઇપણ રાશિમાં હોતાં સૂર્ય અને ચંદ્ર ચેષ્ટાબલિ હોય છે. વળી મંગળ, બુધ, ગુરૂ, શુક્ર અને શનિ ગ્રહ ચંદ્રના સાથી હોતા ચેષ્ટાબલિ હોય છે.

૬. વદ છઠથી સુદ દશમ સુધીનો ક્ષીણ ચંદ્ર પાપગ્રહ મનાય છે જ્યારે અન્ય તિથિઓમાં તે શુભ મનાય છે. જે જે પાપગ્રહો પર શુભ ગ્રહોની દૃષ્ટિ પડે તે દૃષ્ટિનું ... પામીને તે દગ્બલી બને છે.

ગ્રહોની ગતિ- માર્ગી અને વક્રી:

ચંદ્ર એક રાશિમાં સવા બે દિવસ રહે છે જ્યારે સૂર્ય એક રાશિમાં એક માસ રહે છે. ચંદ્ર અને સૂર્યની ચાલ-એક સરખી હોવાથી તે માર્ગી કહેવાય છે, જ્યારે અન્ય ગ્રહોની ચાલ એકસરખી ન હોવાથી તે વક્રી હોય છે.

મિત્ર-શત્રુ અને સમ ગ્રહો:

૧. સૂર્યના મિત્રચંદ્ર, મંગળ અને ગુરૂ છે.

૨. ચંદ્રના મિત્ર સૂર્ય અને બુધ છે, ચંદ્રને કોઇ ગ્રહ શત્રુ નથી જ્યારે મંગળ, ગુરુ, શુક્ર અને શનિ ગ્રહ ચંદ્ર માટે સમ છે. જોકે કેટલાક ગ્રહો માટે ચંદ્ર શત્રુ ગણાય છે.

૩. મંગળના મિત્ર સૂર્ય અને ચંદ્ર છે.

૪. બુધ માટે ચંદ્ર શત્રુ છે.

૫. ગુરૂના મિત્ર સૂર્ય, ચંદ્ર અને મંગળ છે.

૬. શુક્રના શત્રુ સૂર્ય અને ચંદ્ર છે.

૭. શનિના શત્રુ છે સૂર્ય, ચંદ્ર અને મંગળ.

આમ ચંદ્રના મિત્ર ગ્રહો છે સૂર્ય અને બુધ ચંદ્ર માટે મંગળ, ગુરુ, શુક્ર અને શનિ માટે શત્રુ છે.

ગ્રહોની યુતિ અને ફળ કથન :

ગ્રહોની યુતિ પણ ફળ કથનમાં ભાગ ભજવે છે. જુદા જુદા ગ્રહો સાથે ચંદ્રની યુતિ ચોક્કસ ફળનો નિર્દેશ કરે છે.

- ચંદ્ર-મંગળની યુતિ હોય તો જાતક માટી, ચામડું કે ધાતુ શિલ્પકરનાર, ધનવાન, યુદ્ધ કુશળ, પ્રતાપી, આચારહીન, કલહપ્રેમી, માતૃદ્વેષી અને ર્કત વિકારના રોગથી પીડિત હોય છે.
- ચંદ્ર-બુધની યુતિ હોય તો જાતક ધનવાન, ગુણવાન, કવિ, સુંદર, હસમુખ, કૂળધર્મી, સ્ત્રીરક્ત, બહુભાષી, પ્રિયવાદી, દયાળુ અને દુર્બળ શરીરવાળો હોય છે.
- ચંદ્ર-ગ્રહની યુતિ હોવાનો જાતક બ્રાહ્મણનો આદર કરનાર, પરિવાર પ્રેમ, મૈત્રી પ્રિય, સુશીલ, ધનવાન, વિનમ્ર, પરોપકારી, ધર્માત્મા અને ગુપ્તમંત્રજ્ઞાતા હોય છે.
- ચંદ્ર-શુક્રની યુતિ હોય તો જાતક ક્રયવિક્રયમાં કુશળ, શુદ્ર જેવું વર્તનાર, ઝઘઢાખોર, વ્યસની, સાધારણ અને કાર્યવિધિ જાણનાર હોય છે.
- ચંદ્ર- શનિની યુતિ હોય તો જાતક વ્યવસાયી, જીવનનિર્વાહ કરનાર, પરસ્ત્રી પ્રેમી, પુરુષાર્થહીન, હાથી-ઘોડાવ પ્રાણીઓનો પાલક, વ્યસ્ક સ્ત્રીઓમાં આસક્ત, અલ્પ સંતતિવાન અને વારાંગના દ્વારા ધન પ્રાપ્ત કરનાર હોય છે.


બે ગ્રહોની યુતિની જેમ બે થી વધુ ગ્રહોની યુતિનો પણ અલગ પ્રભાવ હોય છે.

ગ્રહોની શાંતિ :

જ્યોતિષશાસ્ત્રમાં નવ ગ્રહો જન્મકુંડળી અનુસાર જાતકને નડતા હોય છે કે અયોગ્ય પ્રભાવ પાડતા હોયછે, તેમની શાંતિ કરાવવાની સલાહ આપવામાં આવે છે, તથા આ અંગેની વિધિ પણ દર્શાવાઇ છે. મનુષ્ય પૂર્વજન્મોનાં પાપપુણ્યના કર્મોના ફળ ભોગવે છે છતાં તેમાં ગ્રહો તેમના સ્થાન અનુસાર નિમિત્ત બને છે, તેથી ગ્રહશાંતિ કરાવવી જરૂરી છે, જે જાતકક્રમે અમુક અંશે ગ્રહદશામાં રાહત અપાવે છે.

ચંદ્ર ગ્રહ જો વિષમ હોય તો સોનું, ચાંદી, મોતી, શંખ, કપુર, ગાય, ચોખા, ધોળું વસ્ત્ર, જળપૂર્ણ ઘડો, સફેદ વગેરે વસ્તુ પુણ્યદાનમાં આપવાની સલાહ આપવામાં આવે છે. ચંદ્ર ગ્રહ નડતર હોય તો જ્યોતિષાચાર્યો ચંદનદાનનું પણ સૂચન કરે છે. વરાહમિહિરે દર્શાવ્યું છે કે ગાય, સફેદફુલ, ચાંદી અને મિષ્ઠાન્નથી ચંદ્રની ભક્તિપૂર્વક પૂજા કરવાથી જાતકનો મુશ્કેલીઓથી બચાવ થાય છે.

ભૃગુ જ્યોતિષ અનુસાર ભૃગુ કુંડલીમાં જે તે રાશિમાં રહેલા ગ્રહો લખવાના હોય છે. પરંતુ ચંદ્ર લખવામાં આવતો નથી. આમ જ્યોતિષ વિદ્યામાં ચંદ્રનું મહત્ત્વનું સ્થાન મનાય છે.





૫
ભાષા-સાહિત્યમાં ચંદ્ર

ચંદ્ર એ શીતળતા અને સૌંદર્યનું પ્રતીક છે. ચંદ્ર તેની વિવિધ કલાઓમાં અત્યંત મોહક લાગે છે. રાત્રે આકાશમાં સૌ કોઇનું ધ્યાન ચંદ્ર તરફ જતું હોય છે. ચંદ્ર સોહામણો, લોભામણોને પ્રભાવી લાગે છે. ચંદ્રનો પ્રકાશ ચાંદની રૂપે પૃથ્વી પર રેલાય છે તે શીતળતા અને શાંતિ આપે છે. ચાંદની તન અને મનને ઠંડક પહોંચાડે છે. ચંદ્રનું અપ્રતિમ સૌંદર્ય ઘણા લોકોનાં મનને મોહી લઇ પાગલ બનાવે છે.

યુવા હૈયાઓ અને પ્રેમી પંખીડાઓને ચંદ્ર એવું તો ઘેલું લગાડે છે કે તેઓ પાગલપણાની હરકતો કરવા લાગે છે. ચંદ્રને પ્રેમીઓ મિલન તેમજ વિરહની પળોમાં મિત્ર, સાથી, હમસફર માનીને પોતાના મનની વાત-મનની લાગણીઓ ચંદ્ર સમક્ષ વ્યક્ત કરે છે. પ્રેમીઓ પોતાના સાથીની ફરીયાદ પણ ચંદ્ર સમક્ષ કરે છે. તો પોતાનો સંદેશ પ્રિયતમ કે પ્રિયતમા સુધી પહોંચાડવા પણ જણાવે છે. ઘણા ગુજરાતી-હિન્દી- ગીતોમાં વિશેષ કરીને ફિલ્મી ગીતોમાં પ્રેમીઓના મનો ભાવોને ચંદ્રના માધ્યમ વડે વ્યક્ત કરવામાં આવ્યાં છે.

ચાંદની રાતે લોકો ખુલ્લાભાગમાં, મેદાનમાં, ટેરેસ ઉપર, નદી કિનારે, સાગર કિનારે ટહેલવાનો લહાવો લૂંટે છે. ચાંદની રાતે નદી કે સરોવરમાં નૌકા વિહારનો આનંદ ઘણા લોકો માણવાનો મનસુબો રાખતા હોય છે. શરદ પૂર્ણિમાના દિવસે લોકોનું ચંદ્રનું એવું તો ઘેલું લાગે છે કે સૌ કઈ ગરબેઘુમવા તૈયાર થાય છે, ને દૂધ પૌંઆ તથા ગરબાની મહેફિલ વડે શરદોત્સવ ઉજવીને એ રાત્રિને રઢિયાળી રાત બનાવી દે છે. એ રાત્રે દૂધ પૌંઆમાં સાકર ભેળવીને વાસણ ઉપર ચાયણી ઢાંકીને, ચંદ્રપ્રકાશ ચાંદનીમાં ઠારીને દૂધપૌંઆનો સ્વાદ માણવાનું સૌ કોઇ ઇચ્છે છે.

આપણા ગુજરાતી ગરબા મુખ્યત્વે ત્રણ પ્રકારનાં છે. ગરબામાં મુખ્યત્વે માતાજીનીભક્તિ તથા કૃષ્ણભક્તિ હોય છે. આ સિવાય ગરબામાં કૌટુંબિક અને સામાજિક સંબંધો વણાયા હોય છે. ગરબામાં ત્રીજું પરિબળ છે. મસ્તી, પ્રેમ,

ઉત્સાહ, રોમાંચ જેવાં હૃદયની ઉર્મિઓ અને મનના તરંગોની અભિવ્યક્તિ થાય છે, અને આ પ્રકારમાં ચંદ્ર પૂર્ણિમાનો સથવારો લેવાય છે.

શરદઋતુ દરમ્યાન નિર્મળ આકાશમાં ચંદ્ર તારાઓ સહિત ઘણો જ તેજસ્વી દેખાય છે. જે માનવ મનને ખૂબ જ પ્રસન્ન કરે છે. આથી જ ગરબારાસ માટે શરદઋતુ શ્રેષ્ઠ ગણાય છે. શ્રીમદ્ ભાગવતમાં કહ્યા મુજબ, શરદ ઋતુની પૂર્ણિમાની રાત્રિએ ગોપીની મનોકામના પૂર્ણ કરવા માટે યોગમાયાની ભૂમિકા પર સુવાસિત પુષ્પોનો શણગાર રચીને-શ્રીકૃષ્ણને ગોપીઓ સાથે રાસલીલા કરી હતી. આ પરંપરામાં જ ભારતીય સમાજમાં શરદોત્સવની ઉજવણી ગરબા-રાસ સ્વરૂપે થાય છે. શરદ ઋતુના ચંદ્રની અતિ તેજોમય ચાંદનીમાં ગવાતા-રમાતા રાસ-ગરબામાં હૃદયની ઉર્મિઓ અને મનના તરંગો વ્યક્ત થાય છે. આમ ચંદ્ર એ યુવાનોમાં મસ્તી, ઉત્સાહને રોમાંસ માટે ઉદ્દીપકની ભૂમિકા ભજવે છે.

ગુજરાતી ગીત, ગઝલ, ગરબામાં ચંદ્ર, ચાંદની, પૂર્ણિમા-પૂનમનો સારો એવો ઉપયોગ થયો છે. આ બાબત લગભગ બધી ભારતીય ભાષાઓને લાગું પડતી જ હશે.

ચંદ્રની સુંદરતા અન્ય આકાશી પદાર્થોના મુકાબલે બેમિસાલ હોવાથી અત્યંત સ્વરૂપવાન સ્ત્રીને ચંદ્ર સાથે સરખાવવાની પ્રથા છે. રૂપરૂપના અંબાર સમી સ્ત્રીના મુખને ચંદ્રની ઉપમા કે રૂપક આપવામાં આવે છે. ચંદ્રમુખી શબ્દ આ માટે પ્રાચીન કાળથી પ્રચલિત છે. ચંદ્ર જેવા મુખ વાળી, મુખ જાણે કે ચંદ્ર એનું સુંદર મુખ એટલે ચંદ્ર- એ જ ચંદ્ર. ઉપમા, ઉત્પ્રેક્ષા અને રૂપક અલંકારો સ્ત્રીના સૌંદર્યને વ્યક્ત કરવા વપરાય ત્યારે ઘણા અંશે ચંદ્રનો જ ઉપયોગ કરવામાં આવે છે. વળી કેટલાકને તો સ્ત્રીનું સૌંદર્ય-સ્ત્રીના મુખનું લાવણ્ય ચંદ્ર થીય અધિક લાગે છે. ત્યારે વ્યતિરેક-અલંકારનો પણ ઉપયોગ કરે છે અને કહે છે- એના રૂપને જોઇને ચંદ્ર પણ શરમાઇ જાય. એના મુખના લાવણ્યની તોલે ચંદ્ર પણ ના આવે!

ચંદ્ર અને સ્ત્રીના મુખના સૌંદર્યની તુલના સંદર્ભે કહેવાતો તથા ઘણા શબ્દ પ્રયોગો ગુજરાતી-હિન્દી ભાષામાં છે. સૌંદર્ય ઉપરાંત પ્રભાવ, ચમક, તજેસ્વીતા, આભા જેવા અર્થો- સંદર્ભોમાં પણ ચંદ્રનો ઉપયોગ કહેવતો- મુહાવરા- શબ્દપ્રયોગોમાં થાય છે, જેમ કે-

ચંદ્રમુખી, ચાંદનો ટૂકડો, જાણે પૂનમનો ચાંદ, ચૌદહવી કા ચાંદ- વગેરે સ્ત્રીના રૂપની ચંદ્ર સાથે અલગ અલગ રીતે થયેલી તુલના છે. ચાંદસા રોશન ચહેરા- ચંદ્ર જેવા પ્રકાશિત ચહેરાવાળી, ચંદ્રમુખી ચંદ્ર જેવા મુખ વાળી, ચાંદનો ટૂકડો- ચંદ્રના સૌંદર્યના અંશવાલી સ્ત્રી, ચૌદહવીકા ચાંદ- ચંદ્રની જેમ લખલખતા જતા રૂપવાળી, પૂનમનો ચાંદ - પૂર્ણ પણે ખિલેલારૂપ વાળી સ્ત્રી. સ્ત્રીના રૂપને વધારી-પધારીને પણ રજૂ કરવામાં આવે છે. જેમ કે- હુશ્નસે ચાંદ ભી શરમાયા હૈ। ચાંદ જાને કહાં જો ગયા?, દેખ કે તેણે રૂપ સલૌના ચાંદભી સર કો ઝૂકાતા હૈ.

ચંદ્ર એક અટલ મેઘાવી પદાર્થ છે તે અંગે શબ્દ પ્રયોગ છે- યાવત્ ચંદ્રદિવાકરૌ - જ્યાં સુધી સૂર્યચંદ્ર તપે- ચમકે ત્યાં સુધી મિલકતના કરારલેખમાં દસ્તાવેજોમાં માલિકી હક્ક કાયમી ધોરણે દર્શાવવા માટે આ શબ્દ પ્રયોગનો ઉપયોગ થતો હોય છે. આવા કેટલાક બીજા મુહાવરા કહેવત પણ છે જેમ કે-

- હથેળીમાં ચાંદ બતાવવો- લોભામણા સપનાં બતાવવા.
- બારમાં ચંદ્રમા- દુશ્મનાવટ, વેરભાવ કે અણબનાવ હોવો.
  જ્યોતિષ શાસ્ત્ર મુજબ કુંડલીમાં ૧૨મા સ્થાને ચંદ્ર હોય તે નુકશાનનું ફળ સૂચવે છે.
- ચંદ્રને ચકોર (ચંદા ઔર ચકોર) - ચંદ્ર અને ચકોર જેવો ઉત્કટ પ્રેમ હોવો ચકોરને ચંદ્રનું તીવ્ર આકર્ષણ હોવું.
- ચાંદ તારાથી માંગ ભરી દેવી- પ્રિયતમાને પત્નીને કિંમતી ભેટ સોંગાદોથી, ઉત્કટ પ્રેમ- લાગણીઓથી અત્યંત ખુશ કરી દેવી.
- આસમાનથી ચાંદ-તારા તોડી લાવવા- પ્રિય પાત્રને ખુશ કરવા માટે અતિશય કિમતી કે મન પસંદ ભેટો લાવી આપવી /માંગણીઓ લાગણીઓ સંતોષવાનું વચન આપવું.
- જબતક સૂરજ-ચાંદ શું - નામ અમર રહેવું, પ્રેમ અમર રહેવો / હંમેશાં રહેવો (જબતક સૂરચજ ચંદા ચમકે)
- ચાર ચાંદ લાગવા- પ્રસંગ દીપી ઊઠવો, વધુ ખિલી ઊઠવું વધુ સારૂં- સુંદર થવું.
- ચંદ્રમાં દાગ, ચંદ્રમાં કલંક- સુંદર ચીજમાં અપૂર્ણતા હોવી.
- ઇદકા ચાંદ- ઇદનો ચાંદ - ખૂબ પ્રિય પાત્ર.
- દૂજ કા ચાંદ - જવલ્લે દેખાતી વ્યક્તિ, ક્યારેક જ દેખાતી મોંઘેરી વ્યક્તિ.
- ચાર દિવસની ચાંદની- અજવાળિયું પછી અંધારિયું તેમ સુખના - ખુશીના દિવસો (ચાર દિનોકી ચાંદની ફિર અંધેરી રાત) થોડા દિવસ હોય ને પછી દુઃખ ગમ હોય.

પૂર્ણ ચંદ્ર જેમ જેમ આભમાં ચમકે, શોભે તેમ ચંદ્ર જેવું ગોળાકાર સૌભાગ્યનું ચિન્હ-ચાંદલો-ચાંલ્લો સ્ત્રીના કપાળ ભાલમાં શોભ છે, આથી જ સૌભાગ્યવતી (પરિણીત) સ્ત્રીના કપાળમાં સૌભાગ્યની નિશાની રૂપે લગાવવામાં આવતા ગોળાકાર-વર્તુળકાર ચિન્હને ચાંદલો (ચાંલ્લો) કહેવામાં આવે છે. ચાંદને સુણકા ચાંદ અને મન્નતોકા ચાંદ પણ કહે છે.

ચંદ્ર એ પૃથ્વીનો ઉપગ્રહ છે અને ત્યાં સુદૂર એવી તેજસ્વી-સુંદર ધરતી-દુનિયા છે, જ્યાં અતિ સુંદર માયાવી પરીઓનો વાસ હોવાની માન્યતા સદીઓથી ચાલી આવે છે. પરીકથાઓ ઘણે અંશે ચંદ્ર સાથે જોડાયેલી છે. ચંદ્રની ધરતી ઉપર કલ્પના સભર સૃષ્ટિ છે. ચંદ્રલોકએ પરીલોક-સ્વપ્નલોક છે. ચંદ્ર સફેદ ચાંદી જેવો ચમકતો પદાર્થ છે તેથી તેનું ચિત્રણ ચાંદી જેવી સફેદ ધરતી અને સફેદ વસ્ત્રોમાં સજ્જ સુંદર પરીઓ સ્વરૂપે થયું છે. પરીઓનો દેશ એટલે ચંદ્ર.

રામચંદ્રજી બાલ્યાવસ્થામાં ચંદ્ર મેળવવા માટે હઠ કરે છે ત્યારે તેમને પાણી ભરેલા થાળીમાં ચંદ્રનું પ્રતિબિંબ બતાવીને ખુશ કરવામાં આવે છે એ વાર્તા જાણીતી છે. એક પૌરાણિક વાર્તા મુજબ દેવતાઓ દ્વારા કરાયેલ સમુદ્રમંથન વેળા નીકળેલા ૧૪ રત્નો પૈકી એક રત્ન ચંદ્ર મનાય છે. ચંદ્રગ્રહણ વખતે રાહુકેતુ ચંદ્રને ગળી જાય છે. તેવી માન્યતા છે અને ચંદ્રને ગ્રહણથી મુક્ત કરાવવા માટે દાન-પૂણ્ય કરવાનો મહિમા છે.

બાળવાર્તાનું એક સામયિક ઘણાં વર્ષોથી પ્રસિદ્ધ થાય છે., જેનું નામ છે. ચાંદામામા, જે દેશની ઘણી ભાષાઓમાં પ્રસિદ્ધ થાય છે. ગુજરાતી સાહિત્યની એકમાત્ર સૌ પ્રથમ મહાનવલ સરસ્વતીચંદ્રમાં નાયકના નામ સાથે જોડાયેલ છે. વિવેચક અને લેખક - નિબંધકાર શ્રી ભોળાભાઇ પટેલના એક નિબંધ સંગ્રહનું શીર્ષક છે- ચૈતરચમકે ચાંદની. લોક સંસ્કૃતિના ધબકાર યુક્ત ગીતોના સર્જક કવિ શ્રી લાલજી કાનપરિયાના એક કાવ્ય સંગ્રહનું નામ છે- નવા ચંદ્રની કૂંપળ. ડૉ. નિરંજન રાજગુરૂના ભજન-લોકગીત સંગ્રહ ગ્રંથનું નામ છે. શરદની રાતડી. કવિશ્રી જયંત શુક્લનું એક બાળગીત છે- ચાંદલો ગમે. સ્નેહરશ્મિના હાઇકુ સંગ્રહનું શીર્ષક છે. સોનેરી ચાંદ રૂપેરી સૂરજ. શ્રી ઊમાશંકર જોશીના એક સોનેટ કાવ્યનું શીર્ષક છે. - નખી સરોવર પર શરદ પૂર્ણિમા. ગુજરાતી ખંડકાવ્ય પ્રકારના સર્જક મણિશંકર રત્નજી ભટ્ટ કાન્તના એક કાવ્યનું શીર્ષક છે. સાગર અને શશિ. કવિ કાન્તે કવિમિત્ર ન્હાનાલાલને ગુજરાતી કવિતાનાં આકાશમાં ઉગેલ અમીવર્ષણ ચંદ્રરાજ તરીકે બિરદાવ્યા હતા, જેનો શબ્દો હતા ઉગ્યો પ્રફુલ્લ અમીવર્ષણ ચંદ્રરાજ. કવિ ન્હાનાલાલના એક કાવ્યનું શીર્ષક છે. શરદપૂર્ણિમા. સાહિત્યકારો માને છે કે કાન્ત અને ન્હાનાલાલ એ બે કવિમિત્રોએ ગોપનાથના દરિયા કિનારે સાથે શરદપૂર્ણિમા ઊજવેલી. કાન્તની એક કાવ્ય પંક્તિમાં ચંદ્રનો ઉલ્લેખ આ રીતે થયો છે.


આ જ મહારાજ, જલ પર ઉદય જોઇને
ચંદ્રનો હૃદયમાં હર્ષ જાગે.

સુંદરજી બેટાઇ અને બોટાદકરના ઊર્મિ કાવ્યોમાં ચંદ્ર ચાંદનીના ઘણા ઉલ્લેખો છે.

મૂળ ભાદરણ (ખેડા- ચરોતર)ના વતની અમેરિકા સ્થિત NRI શ્રી પ્રવીણ પટેલ વ્યવસાયે બીઝનેસ મેન છે. તેમણે અમાસનો ચંદ્ર નવલકથા ત્રણ ખંડમાં પ્રકાશિત કરી છે. તથા કાવ્યધારા સંગ્રહ રંગરંગીલો ચંદ્ર મનોહર શીર્ષકથી પ્રકાશિત કરી છે.

હિન્દી કવિ શ્રી હરિશ્ચંદ્ર રચિત નાટિકા ચંદ્રાવલી તથા મદનચંદાનો ગુજરાતી અનુવાદ કવિ બાલાશંકર કંથારિયાએ કર્યો હતો. ચંદ્રમામા વાર્તા માસિકની જેમ ગુજરાતી ભાષાના ચાંદની તથા ચંદ્રભાગા સામયિકો પણ જાણીતા છે.

પ્રિયકાન્ત પરીખે સૂર્યચંદ્રના પડછાયા નવલકથા રજૂ કરી છે. ભૂપત વડોદરિયાની એક નવલકથાનું શીર્ષક છે. ચાંદની. શેખાદમ આબુવાલા અને ભૂપત વડોદરિયાની એક નવલકથાનું શીર્ષક છે, ચાંદની. શેખાદમ આબુવાલાના એક પુસ્તક નોંધનું નામ પણ ચાંદની છે. મનસુખલાલ ઝવેરીના કાવ્ય વિવેચનનું શીર્ષક છે. ચંદ્રદૂત સ્નેહરશ્મિના એક હાયકુ કાવ્ય સંગ્રહનું નામ છે- સોનેરી ચાંદ રૂપેરી સૂરજ.





૬
કાવ્યમાં ચંદ્રનો ઉપયોગ- માનવજીવનના વિવિધ પાસાંઓની અભિવ્યક્તિ

ચંદ્ર, રાત્રી અને પ્રેમી હૈયાં (પ્રિયા અને પ્રિયતમા) અરસ પરસ કેવા તો ગાઢ રીતે સંકળાયેલા છે. આકાશમાં સિતારા તો ઘણા છે પણ એ બધા ઘણા દૂરદરાજ અને ઝાંખા દેખાય છે, જ્યારે આભમાં ચંદ્ર તો એક જ છે, પણ એનું તે બધા તારાઓને ઝાંખા કરી દે છે. વળી ચંદ્રની કળાઓ નિરાલી. ક્યારેક વધતો, ક્યારેક ઘટતો, ક્યારેક વાદળા સાથે લૂપાચૂપી ખેલતો, ક્યારેક સાવ છુપાઇ જતો, ક્યારેક ડોકિયાં કરતો, ને ક્યારેક પૂર્ણતાની નજીક પહોંચતો ને ક્યારેક પૂર્ણ રીતે ખિલતો. ચંદ્ર અટલ અને પ્રકાશિત પદાર્થ છે, જે માનવ મનને આકર્ષે છે, મોહે છે, ઘેલું લગાડે છે. રોમાંચિત કરે છે, તો વિશેષ સ્થિતિમાં કેટલાકને વિરહીજનોને હતાશ પણ કરે છે.

ચંદ્ર ક્યારેક કંપેનીયન (સાથી, પરિચિત) ક્યારેક મેસેન્જર (સંદેશ વાહક,) ક્યારેક કેટાલીસ્ટ (ઉદ્દીપક, ઉત્તેજક, રોમાંચિત કરનાર), ક્યારેક લ્યુનેટીક (ઘેલછા લગાડનાર) તો ક્યારેક ઇન્ટ્રુડર (વગર નિમંત્રણે આવી જતો- ડોકિયાં કરતો આગંતુક) ધૂપેણ માટે જેવો હોય છે.

પ્રેમીઓના હેપ્પી (સુખી-આનંદી) તેમજ શેડ (દુઃખી ગમગીન) મુડમાં ચંદ્રની ઉપસ્થિતિ વિશેષ હોય છે. પ્રેમીઓ એકલા હોય (અલગ અલગ કે સાથે બીજાઓથી એકલા) ત્યારે ચંદ્ર તેમનો સાથી, મિત્ર હોય છે કે કમ સે કમ પરિચિત હોય છે. ચંદ્ર જાણે કે પ્રેમીઓના મનોભાવોને જાણે છે, સમજે છે. વળી પ્રેમીઓ પોતાના મનોભાવો અને લાગણીઓ અને મનની વાતો ચંદ્રને પોતીકો માનીને ચંદ્ર સમક્ષ વ્યક્ત કરે છે. ચંદ્ર તો પ્રેમીઓનો જાણે હમસફર હમદર્દ વિરહી પ્રેમીઓ પોતાના પ્રિયપાત્રને પોતાની મનની વાતો પહોંચાડવા માટે ચંદ્રને વિનવે છે. જાણે ચંદ્ર તેમનો વિશ્વાસુ દૂત, સંદેશવાહક, ટપાલી ઘણા પ્રેમીઓ ચાંદની ઉપસ્થિતિમાં, ચાંદનીમાં રોમાંચ અનુભવે છે તો વળી કેટલાક પ્રેમીઓ મુનલાઇટ શાપ લવર્સ હોય છે.તેઓ ચાંદ-ચાંદનીની ઉપસ્થિતિમાં ખુલીને પ્રેમાલાપ કરતા હરખાય છે!

માનવીના જીવનના વિવિધ મુડ, પાસા, લાગણીઓ, વગેરે ચાંદ-ચાંદની સાથે જોડાયેલા છે. જેને સાહિત્યમાં વિશેષ કરીને કાવ્યમાં-ગીતોમાં વિવિધ રીતે વ્યક્ત કરવામાં આવે છે. પ્રાચીન ફ્રેંચ ગીતોમાં પણ કવિઓએ ચંદ્ર માંથી પ્રેરણા લીધી હતી. એમ મનાય છે. સાહિત્યકારો અને કવિઓ માટે ચંદ્ર પ્રેરણાસ્રોત સમાન છે.

ચંદ્ર તેની સુંદરતા અને મોહકતા (પ્રભાવકતા)ને કારણે સૌંદર્યનું પ્રતીક મનાય છે. અને સ્ત્રીની સુંદરતા દર્શાવવા માટે ચંદ્રની ઉપમા કે રૂપક આપવામાં આવે છે. પ્રેમીકે, પ્રેમીકાની ચંદ્ર સાથે તુલના કરાય કે ઉપમા-રૂપક અપાયત્યારે ફર્ક એ હોય છે કે સ્ત્રીની ચંદ્ર સાથેની તુલનામાં સંદર્ભ સ્ત્રીની સુંદરતાનો હોય છે, જ્યારે પુરુષની ચંદ્ર સાથેની તુલનામાં પુરુષની તેજસ્વીતા અને પ્રભાવ-પ્રતિભાનો સંદર્ભ હોય છે. આમ ચંદ્ર સૌંદર્યનું પ્રતીક હોવા સાથે પ્રભાવ તેજસ્વીતાનું પણ પ્રતીક છે.

સ્ત્રીનું સુંદર મુખ ચંદ્ર જેવું, સ્ત્રીનું મુખ જાણે કે ચંદ્ર અને તેથી આગળ સ્ત્રીનું સુંદર મુખ એ જ ચંદ્ર (એક રાતમેં દો દો ચાંદ ખિલે) એ પ્રકારે ઉપમા, ઉત્પ્રેક્ષા અને રૂપક અંલકારો વડે સ્ત્રીના સૌંદર્યને ચંદ્ર સાથે સરખાવવામાં આવે છે. ઘણા પ્રેમીઓને તેમની પ્રેમીકા અતિ સુંદર લાગતી હોય છે, ચંદ્રથીયે વધુ સુંદર (તુઝે દેખ ચાંદ ભી શરમા જાયે) સ્ત્રીની અતિ સુંદરતાને જોઇનેચંદ્ર પણ તેની ઇર્ષ્યા કરે, ચંદ્ર પણ શરમાઇ જાય તેવા ભાવ કેટલાક ગીતોમાં વ્યક્ત કરાય છે.

ચંદ્ર વધતો હોય, ઘટતો હોય, પૂર્ણ હોય, અધૂરો હોય, પૂર્ણ પ્રકાશિત હોય કે ઝાંખો હોય, ચંદ્ર એ ચંદ્ર છે અને તેના બધા રૂપ, બધી કળાઓ સુંદર અને મોહક ય છે. આથી જ કવિઓએ આઘા, ઘટતા, ઝાંખા, આછા એવા ચંદ્રની મોહકતાને પણ ગીતોમાં વર્ણવી છે.

ચંદ્ર એ પ્રિયતમ અને પ્રિયતમા વચ્ચેનો પ્રેમ અને લાગણીઓની અભિવ્યક્તિનો જ સેતુ નથી, પરંતુ ભાઇબહેન, પિતાપુત્ર, માતાપુત્ર ના સ્નેહનો પણ સેતુ છે. બહેન ને માટે ભાઇ તેમ માતા-પિતા માટે પુત્ર લાડકવાયો, દુલારો, પ્યારો ચંદ્ર જેવો છે.

ચંદ્ર ખાસ તો તેના તેજ-ચાંદની વડે અત્યંત મોહક લાગે છે અને પ્રેમીઓ માટે રોમાંચક વાતાવરણ સર્જે છે. ચંદ્ર-ચાંદનીની ઉપસ્થિતિમાં પ્રેમી પંખીડાંનો પ્રેમ પરવાન ચડે છે અને ચંદ્ર ચાંદની ઉદ્દીપકનું કામ કરે છે. પ્રેમીઓના મનોભાવ ચંદ્રની ઉપસ્થિતિમાં સોર ખિલી ઉઠે છે. જો કે કેટલાક પ્રેમીઓ ચંદ્રના પ્રકાશમાં પ્રેમગોષ્ઠિ-પ્રેમાલાપ કરતાં શરમાય છે, સંકોચ અનુભવે છે. બિચારા મુન શાય લવર્સ.

ચંદ્ર એ રોમાન્સનું પૂર્ણ પ્રતીક છે. મિલનની ઘડીમાં ચંદ્ર પ્રેમનો- રોમાંચનો ઉદ્દીપક છે. પરંતુ વિરહની વસ્મીવેળામાં ચંદ્ર ચાંદની દાહક છે. ચંદ્રની ચાંદની મિલન માટે તલસતા વિરહી હૈયાંઓને ખૂબ દઝાડે છે. જેમ શ્રેષ્ઠ કક્ષાનાં રોમાંચક ગીતો ચંદ્રની ઉપસ્થિતિને લઇને રચાયા છે તેમ ઉત્કૃષ્ટ કક્ષાનાં વિરહ-વ્યથાનાં ગીતો પણ ચંદ્રની ઉપસ્થિતિને લઇને જ સર્જાયા છે.





૭
ગુજરાતી ગીત-ગરબા ગઝલમાં ચંદ્ર-ચાંદની

ચંદ્ર આકાશમાં ઉગે એટલે આકાશમાં ચંદ્રનું સામ્રાજ્ય સ્થપાઇ જાય. ધરતી પર ચંદ્રની ચાંદની રેલાય જે પ્રકાશ અને શીતળતા તો આપે જ એ સાથે સૌ માનવીઓનાં મનને આકર્ષે અને વિશેષ કરીને પ્રેમી-યુવા હૈયાંઓને મોહિની લગાડે. ગરબા એ ગુજરાતી સંસ્કૃતિનું આગવુ અને અભિન્ન પ્રતીક છે. માતાજીની ભક્તિ માટે ગવાતા નોરતા ના ગરબાઘણે ભાગે તો રાત્રે જ ગવાય છે. ચૈત્રી નવરાત્ર કે શારદેય નવરાત્ર બન્ને મહદ્અંશે સુદમાં, શુક્લ પક્ષમાં ઉજવાય છે, તેથી રાત્રિના આગલા પહોરે આકાશમાં ચાંદો ચળકતો હોય છે. માતાજીની ભક્તિમાં ગવાતા ગરબાની જેમ જ કૃષ્ણ ભક્તિ કે શરદોત્સવ નિમિત્તે ગવાતા ગરબામાં ચંદ્ર-ચાંદલિયો અને ચાંદનીનો ભરપૂર ઉપયોગ થયો છે. ગુજરાતી લોકગીતોનો વારસો ઘણો સમૃધ્ધ છે અને તેમાં પણ સામાજિક સંબંધો અને પરંપરાઓ સાથે ચંદ્ર-ચાંદો પણ હોય છે. ગુજરાતી ગરબા, લોકગીત, ફિલ્મીગીત, ગઝલ એ બધામાં ચંદ્ર, ચાંદો, ચાંદલિયો, પૂનમ અને ચાંદની ખાસ્સી એવી ઉપસ્થિતિ વર્તાય છે. ચંદ્રની સાક્ષીએ ચાંદની મોહક અજવાળામાં ગવાતા ગરબા રાત્રિને રઢીયાળી-રળિયામણી બનાવી દે છે.

પ્રાચીન તેમજ અર્વાચીન ગરબામાં તેમજ લોકગીતોમાં ચંદ્રનો પ્રભાવ એક સમાન વર્તાય છે. કવિતાના ભાવ વિશ્વમાં ચંદ્રચાંદનીની ઉપસ્થિતિ વાળા કેટલાક ગુજરાતી ગરબા, ગીત, ગઝલ અહીં પ્રસ્તુત છે. કેટલાક ગરબા-લોકગીતો પારંપારિક છે તો કેટલાક ગીત-ગરબા-ગઝલ કવિઓનું સર્જન છે. મોટા ભાગના ગરબા-લોકગીત સમયાંતરે એક કરતાં વધુ કલાકારોએ ગાયાં છે પ્રસ્તુત કર્યાં છે.લગભગ બધા જ જાણીતા ગુજરાતી ગાયકોએ ચાંદ-ચંદ્રના ઉપયોગવાળા ગરબા-ગીત-ગઝલ ગાયા છે. શક્ય હોય ત્યાં રચયિતા તથા પ્રસ્તુત કર્તા કલાકારના નામનો ઉલ્લેખ કર્યો છે.રૂઝુ ગઢવી, ક્ષેમુ દિવેટીયા, પુરુષોત્તમ ઉપાધ્યાય, વેલજીભાઇ ગજ્જર, સોલી કાપડિયા, નીશા ઉપાધ્યાય, જીગરદાન, પ્રફુલ્લદવે, દોંગી ચૌહાણ, દમયંતી બારડાઇ, કીર્તિદાન ગઢવી, પાર્થિવ ગોહિલ, આશિત દેસાઇ, હેમા દેસાઇ, ઔશ્વર્યા, મજમુદાર, સોનાલી

બાજપાઇ, રેખા ત્રિવેદી, મનહર ઉધાસ, લતા મંગેશકર, આશા ભોંસલે, ગીતા દત્ત, મુકેશ, મહેન્દ્ર કપૂર જેવા કલાકારોએ આ ગીતોમાં કંઠ આપ્યો છે.

કેટલાક ગરબામાં ચંદ્ર

•

શરદ પૂનમની રાતડી, ચાંદની ખીલે છે ભલી ભાતડી
તારા વિના શ્યામ મને એકલડું લાગે
રાસ રમવાને વેલો આવજે

-પ્રફુલ્લ દવે (S)

•

પૂનમની રાતે સખીઓ સૌ ગરબે રમે
આવોને સૌ ગરબે રમવા આવોને

•

આસો માસો શરદ પૂનમની રાત જો
ચાંદલિયો ઉગ્યો રે સખી મારા ચોકમાં

•

રંગ તાળી રંગ તાળી રંગ તાળી રે રંગમાં રંગ તાળી
થઇ પૂનમની અજવાળી રે રંગમાં રંગ તાળી

•

સાહ્યબો રે મારો સાહ્યબો
પૂનમની રંગ ભરી રાતમાં, રંગભર રમશું રાતમાં

•

કહો પૂનમના ચાંદને આજ ઉગે આથમણી કોર... (૨)
મારા મનડાના મીત, મારા જીવન સંગીત
લઇને આવ્યા છે મારી પ્રિત
પૂનમની રાત થમી જાશે તો ઝૂલશું, ફૂલડાને સેજ ધરીને.
નદિયોના નીરમાં નાવલડી તારશું... (૨)
ગીતોના ગુંજન કરીને.

-જયકર ભોજક કવિતા દાસ વગેરે

•

શરદ પૂનમની રાતમાં ચાંદલિયો ઉગ્યો છે.
કે મારૂં મનડું નાચે કે મારૂં તનડું નાચે
એના કિરણો રેલાય છે આભમાં

-ફાલ્ગુની બ્રહ્મભટ્ટ (S)

•

ચાંદો ચઢ્યો આકાશકે ઝીણા ઝીણા મોતી વેરાણા માના ચોકમાં

•

આજનો ચાંદલિયો લાગે મુને પ્યારો   કહી દો સૂરજને કે ઊગે નહિં કાલે

-હેમંત ચૌહાણ (S)

•

ચાંદનીના અજવળે રાત માંડવડી

•

માતાજીની રેલગાડી બેટા છે મા મોહલા
ચંદા સૂરજની વેણી ગૂંથી...

•

આભમાં ઉગ્યો ચાંદલિયોને જામી ગરબાની રમઝટ રે લોલ...

•

આવી નોરતાની રાત ઉગ્યો ચાંદલિયો આંકાશ
આવો, આવો ને માડી ગરબે ઘુમવાને આજ

•

ઓ.... પૂનમની પ્યારી પ્યારી રાત
સાથ રમે છે રાધાને કાન, તુ ના જાતી
આજની આ પૂનમની રૂપાળી રાત ના જાતી.

-હેમંત ચૌહાણ (S)

•

શરદ પૂનમની રાતલડી રંગ ડોલરિયો
ચાંદો ચઢ્યો આકાશ રંગ ડોલરિયો.

•

આસો પૂનમની રાતમાં ચાંદલિયો ઉગ્યો છે.
મારૂં મનડું નાચે કે મારું તનડું નાચે

-જયકર ભોજક (S)

•

કુમકુમના પગલા પડ્યા માડીના હેત વધ્યા... (૨)
જોવા લોકો ટોળે વળ્યા માડી તારા આવવાના એંધાણ થયા.
સૂરજના તેજ તપ્યા, ચંદ્રકિરણ હૈયે વસ્યા... (૨)
તારલિયા આભમાં ટમટમે રે, માડી તારા આવવાના એંધાણ થયા.

-હેમંત ચૌહાણ અને બીજા કલાકારો

•

ચંદ્રમાનું ચંદનને સૂરજનું કંકુ... (૨)
આસમાની ઓઢણીમાં ટપકીવાળી ભાત
ગગન કેરે ઘાટ આવી નોરતાની રાત, આવી નોરતાની રાત
હવે મંદિરનાં બારણાં ઉઘાડો મોરી માત
ગગન કેરે ઘાટ આવી નોતરતાની રાત

-અવિનાશ વ્યાસ (L)

•

શા શા રૂપ વખાણું સંતો રે શાં શાં રૂપ વખાણું?
ચાંદાને સૂરજ વિના મારે વાયું છે વાણું..

-અખો (L)

•

તાલીઓના તાલે, તાલીઓના તાલે ગોરી ગરબે ઘુમતી જાયરે પૂનમની રાત, ઊગી પૂનમની રાત.
આસમાની, આસમાની રંગની ચૂંદડીના લહેરનિયા લહેરાય રે પૂનમની રાત, ઉગી પૂનમની રાત.
ગોરો ગોરે ચાંદલિયો ને બીજો લાગે નાવલિયો
દેખું ઉમંગની વાતરે, ઊગી પૂનમની રાત, ઊગી પૂનમની રાત.
ઓરી ઓરી આવ ગોરી ઓરી ઓરી
ચંદનિયે હીંચોલી તારા હૈયા કેરી ડોરી... (૨)
રાતડી રઢિયાલી રે, ઉગી પૂનમની રાત, ઉગી પૂનમની રાત.

-ગીતા દત્ત(S)

•

ચાંદો ઉગ્યો ચોકમાં ઘાયલ ચાંદો ઉગ્યો ચોકમાં
એ લે રીડા હરણ્યું આથમી રે હાલાર શેરમાં, અરજણિયા.

ઝવેરચંદ મેઘાણી (સંકલન) હેમુ ગઢવી) (S), અભેસિંહ રાઠોડ, દમયંતી બરડાઇ (S)
રાજભા ગઢવી, કિર્તિદાન ગઢવી વગેરે...

કેટલાક ગીત-લોકગીતમાં ચંદ્ર

•

ચૈતર ચમકે ચાંદની
વૈશાખે ઝરતી લૂ- જીવણ શું કરીએ?
આધી પાછી કેડીએ મારગ રોકી ઊભો તું
જીવણ શું કરીએ?

•

તારી આંખનો અફીણી, તારા બોલનો બંધાણી
તારા રૂપની પૂનમનો પાગલ એકલો... (2)

-વેણીભાઇ પૂરોહિત (L), દિલીપ ધોળકીયા (M.D.) ક્ષેમુ દિવેટીયા (S)
ઘણા ગુજરાતી ગાયકોએ આ ગીત ગાયું છે. સોલી કાપડિયા, આશીત દેસાઇ, ઐશ્વર્યા મજમુદાર વગેરે.

•

નણદી નખરાળી હશે,હું ગોરી એ કાળી હશે
ભાઇને ન વ્હાલી હશે, ચાંદની ચરકાળી હશે
ચાડી ખાશે, ચોરી ચારે સહ બોલાબોલ
પાણી ભરવા જાઉં ત્યાં મારી સાસરિયાની પોળ
બેડલું ઝાકમઝોળ મારૂં બેડલું ઝાકળ જોળ

-લોકગીત

•

ચમકે ચાંદ આકાશમાં ને નીર ઉછલે સાગરમાં
મારૂં પણ એમ થાય મારૂં મન ઉછળે ઉમંગમાં
મળતા રહો છો જેમ, આવતા ને જતા મળતા રહે જો
હોઠના ખૂલે તો આંખોથી હૈયાંની વાત કહેતા રહેજો.

-મનહર ઉધાસ (S)

•

હે તને જાતા જોઇ પનઘટની વાટે મારૂં મન મોહી ગયું
હે તારા રૂપાળા ગોરા ગોરા ઘાટે મારૂં મન મોહી ગયું.

મારૂં મન મોહી ગયું, મારૂં મન મોહી ગયું
રાસે રમતીને આંખને ગમતી
પૂનમની રઢિયાળી રાતે મારૂં મન મોહી ગયું

-મુકેશ (S)

•

આગમન એનું સુણીને ઉર્મિઓ હરખાઇ ગઇ.
ચાંદ ઊગ્યો પણ નહીં ને ચાંદની ફેલાઇ ગઇ.
બીજી તો કોઇ રીતે ન ભૂંસાય ચાંદની... (૩)
ઝાકળની થોડી બુંદોથી ધોવાય ચાંદની.
પીને શરાબ ઊભો તો સપનાય ના જુઓ.
તરસ્યા રહીને જાગો તો પીવાય ચાંદની.
તુ આંખ સામે હોય તો એવુંય પણ બને.
ખિલ્યો હોય ચંદ્રમા ને ન દેખાય ચાંદની... (૩)
ઝાકળની થોડી બુંદોથી ધોવાય ચાંદની
તારા ચરણનું પેજ મને ડંખતું રહે
બીજી તો કોઇ રીતે ન ધોવાય ચાંદની
ઊપરથી પાછી એમાં ઉમેરાય ચાંદની
ઝાકળની થોડી બુંદોથી ભૂંસાય ચાંદની
બીજી તો કઇ રીતે ન ભૂંસાય ચાંદની
ઓઝસ ધરે છે કોણ આ દર્પણ ગગન ઉપર
દિવસનું તેજ રાતે બની જાય ચાંદની
ઝાકળની થોડી બુંદોથી ધોવાય ચાંદની
બીજીતો કોઇ રીતે ન ભૂંસાય ચાંદની.

-મનહર ઉધાસ (S), ઓઝસ પાલનપુરી (L)

•

રહે મારું જીવન જો એક જ દિશામાં
હવેથી ચમનમાં બહારો ન આવે.
રહે ચાંદ પાછળ સાવરો ન આવે.
તમે મને ભૂલી જાઓ ને
મને તમારા વિચારો ન આવે.
હતું કોણ સામે અને ક્યાં હતો હું

ન કહેજે કોઇને ભલી ચાંદની તુમ
સિતારા કરે વાત ગઇ રાતની તો... (૨)
કહે જે કે ઉલ્લેખ મારો ન આવે.

-મનહર ઉધાસ (S), ગની દહીંવાલા (L)

•

ઓ શરદ પૂનમની ચંદા આ મને જવાબ દેતી જા
આ દરદી દિલને મળે વિસામો આ દુનિયામાં ક્યાં
મારો પહેલા સવાલ આ મને જવાબ-દેતી જા.

-રેખા ત્રિવેદી (S)

•

તારી વાંકી રે પાઘલડીનું ફૂમતુંરે મને ગમતું રે
આ તો કહું છું રે પાતળિયા તને અમથું.
એક તારા પગનું એ પગરખું ચમચમતું રે.
ને અંગનું રે અંગરખું મને ગમતું રે
આ તો કહું છું રે પાતળિયા તને અમથું..
કોણ જાણે કેમ મારા મનની ભીતરમાં એ મોતી વીંધાયું
એક મને ગમતો આભનો ચાંદલો ને બીજો ગમતો તું... (૨)
હે તનમાં ને મનમાં, ધરતીના પડમાં, તારી નસનસમાં
રહેવું મને ગમતું રે મને ગમતું રે
આ તો કહું છું રે પાતળિયા તને અમથું.

-મહેન્દ્ર કપુર, આશા ભોંસલે (S), અવિનાશ વ્યાસ (MD)
લોકગીત - લાલજીભાઇ ગજ્જર (S)
આશિત દેસાઇ, હેમા દેસાઇ (S)
ઐશ્વર્યા મજમુદાર (S)

•

આ નભ ઝૂક્યું તે કાનજી ને. .. (૨)
ચાંદની તે રાધા રે
આ કરવટ લે તે કાનજી ને પોઢી છે તે રાધા રે

-પ્રિયકાન્ત મણિયાર (L)

•

મને માર્યા નેહાના બાણ રે... (૨)

વાલમજી વાતોમાં
મારા મનને ચંદરવે આજ ચમક્યો ચાંદલિયો... (૨)
એ તો અણજાણે વાતમાં દીઠો પાતળિયો
ને મને ભેટીને કીધી લજામણી
મને માર્યા નહોતા બાણ રે વાલમજી વાતોમાં

-ગીતા દત્ત (S)

•

કહો કોઇ ચંદાને ડુબી મરે... (૩)
પેલી પૂનમની રાતે ઉરને સતાવતો આકાશે રોજ ફરે.
કહો કોઇ ચંદાને કે ડૂબી મરે... (૨)
ઉગે શું મોઢું લઇને નકરો નઠારો
રાતે એ કોણ? ગોરી એ તો લૂટારો
રખે કોઇ દેખે ધારી અબળા પર
ચાંદનીનો ધૂતારો ચાંદ કરે...
એના કરતાં તો તપતો સૂરજ સારો
રાત ગઇને આપે તેજ બિચારો
આ તો અમૃત કહીને તરસ્યા હૈયામાં ઝળાહળ ઝેર ભરે.

-ગીતા દત્ત (S)

•

માડી તારૂં કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો
જગ માથે જાણે પ્રભુતાએ પગ મૂક્યો
કંકુ ખર્યું ને સૂરજ ઉગ્યો.
મંદિર સર્જાયું ને ઘંટારવ ગાજ્યો
બ્રહ્મનો ચંદરવો માંનો આખ્યું માં આંજ્યો
દીવો થવા મંદિરનો ચાંદો આવી પૂગ્યો
કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો..

-આશા ભોંસલે (S), અવિનાશ વ્યાસ (M.D.)

•

મને માર્યા નેહાનાં બાણ રે વાલમજી વાતોમાં
મારા મનને ચંદરવે આજ ચમક્યો ચાંદલિયો.. (૨)

એ તો અણજાણે વાલમમાં કિયો પાતળિયો... (૨)
હે મને ઘેલી કરી દીધી લજામણી વાલમજી વાતોમાં... (૨)
મને માર્યા નેહાનાં બાણ રે વાલમજી વાતોમાં

-ગીતા દત્ત (S)

•

ધન્ય હો! ધન્ય જ પુણ્ય પ્રદેશ !
અમારો ગુણિયલ ગુર્જર દેશ
કૃષ્ણ ચંદ્રની કૌમુદી ઉજળો
કીધો પ્રભુએય સ્વદેશ
અમારો ગુણિયલ ગુર્જર દેશ... ધન્ય હો

-કવિ ન્હાનાલાલ (L)

•

હું રે રબારીની છોરી, કે મારૂં રૂપ ગયો ચાંદલિયો ચોરી
હું થોડી કાળીને થોડી ગોરી, હું રે રબારાની છોરી
ચારવાને જાઉં મારી ગાયો લઇ
કાનો આવે મારો પડછાયો થઇ

-સોનાલી બાજપાઇ (S)

•

પૂનમનો ચાંદ ઊગ્યો મનના આકાશમાં
આવતા ને જતા રહેજો... (સોલી કાપડિયા (પ).

•

ચંદ્રિકાના ધવલ પ્રકાશે આરતી ઉતારૂં તારી હેમા શારદા...

•

હો... ક્યારે પૂરા થસે મનના કોડ
કે સાયબો મારો ગુલાબનો છોડ... (૨)
કલકલત્તા ઝરણામાં નદીઓ છલકાય છે.
નદીઓના વહેણમાં સાગર મલકાય છે.
ચાંદાને જોઇ સાગર ઝૂલે છે ગેલમાં
ધરતીનો છેડો આભમાં લહેરાય છે.
હો નદીને સાગર થવાના જાગ્યા કોડ

કે સાયબો મારો ગુલાબનો છોડ... (૨)

-લોકગીત. સોલી કાપડિયા, નિશા ઉપાધ્યાય (S)
પ્રફુલ્લ દવે, પુરુષોત્તમ ઉપાધ્યાય વગેરે કલાકારો.

•પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા
જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ
એક તરણું ડોલ્યું ને તમે યાદ આવ્યા
જરા ગાગર છલકીને તમે યાદ આવ્યા.
જાણે કાંઠા તોડે છે કોઇ મહેરામણ રામ
સહેજ ચાંદની ચમકીને તમે યાદ આવ્યા.

-હરિન્દ્ર દવે (L), સોનાલી બાજપાઇ (S)

•

સૂરજ બદલે ચાંદો બદલે બદલે ભલે તારા

-રાજદીપ બારોટ (S)

•

શૈયર મોરી રે ચંદાને પછવાડે સૂરજ કે દિ ઊગશે

-લોકગીત કીર્તિદાન ગઢવી (S)

•

ઉગશે પૂનમનો જ્યારે ચાંદલો રે લોલ... (૨)
ચાંદને જોઇ આવસે મારી યાદ જો
નહિ રે ગુલાલ મારી પ્રિતડી રે લોલ
પૂનમની ચાંદની હતી પ્રિતડી રે લોલ.... (૪)
હે નજરો લાગી કોની મારી પ્રિતને
દન રે લગાડ્યો મારા દલડેરે લોલ

-શૈલેષ બારોટ (S)

•

ઉગ્યો ઉગ્યો પૂનમ કેરો ચાંદ રે એવા બગદાણા ગામે બાપા કરે સીતારામ.

•

અમે ચાંદો સૂરજ રમતાતા, રમતા રમતા કોડી જડી
કોડીનાં મે ચીભડાં લીધાં, ચીભડે મને બી દીધાં.. (બાળગીત)

કેટલાક ફિલ્મના ગીતો અને શેર-શાયરીમાં ચંદ્ર

•

માઝમ રાતે નીતરતી આભની ચાંદની અંગે અંગ ભીંજાય

-મહેંદી રંગ લાગ્યો (૧૯૬૦) લતા મંગેશકર (S), અવિનાશ વ્યાસ (M.D.)

•

થઇને પૂનમની રાત તમે આવ્યા હતા
થઇને જીવન પ્રભાત તમે આવ્યા હતા
તમે આવ્યા હતા તમે આવ્યા હતા
વિરહની આગ સળગાવીને ચાલ્યા ક્યાં તમે
નજરનાજામ છલકાવીને ચાલ્યા ક્યાં તમે

-અખંડ સૌભાગ્યવતી (૧૯૬૩), મૂકેશ (S), કલ્યાણજી આણંદજી (M.D.)

•

મારા તે ચિત્તનો ચોર રે મારો સાંવરિયો... (૨)
કે જેવો રાધાને નંદનો કિશોર એવો મારો સાંવરિયો
જોયા ના તારલા ને જોઇ ના ચાંદની, જોઇ ના કાંઇ રાત રાણી
તરસ્યું છે. નૈન ને ફરકે છે રૈન એવી વાલમની વાણી.
હેએ... ભૂલી છું ભાન કાંઇ એના તે શાન
ઊભી થઇ આભના ભોર એવો મારો સાંવરિયો.

-અખંડ સૌભાગ્યવતી (૧૯૬૩) લતા મંગેશકર (S)

•

એક પાટણ શેરની નાર પદમણી, આંખ નચાવતી ડાબીને જમણી
સૂરત જાણે ચાંદ પૂનમની બીચ બજારે જાય.
ભાંતીગળ ચૂંદડી લહેરાય
ઝાંઝરીયું ઝમક ઝમક ઝમક ઝમક ઝમક ઝમક થાય.
પાટણ શેરની નાર પદમણી...

-લાખો ફૂલાણી- મહેન્દ્ર કપૂર, આસા ભૌંસલે (S)

•

ચંદા સૂરજને સથવારે, સાજનને સથવારે (સૌગંધ છે મા-બાપની.

•

ચાલો એ રીતે તો કચરો થશે ઓછો આ ધરતીનો

સુણ્યું છે દંપતિઓ ચંદ્ર પર રહેવા જવાના છે

-જલન માતરી (L)

•

વરસાદ પછીની આયના જેવી રાત
પાણીમાં પગ મૂક્યો તો હલી ગયો ચાંદ.

•

તારી માંગ ચાંદ તારાથી ભરી દઉં
પણ તું સવારે આવે તો હું શું કરું?

-ચિનુ મોદી (L)

•

તમે ઊઠાવ્યો ઘુંઘટ એ પળે જ છલકાઇ.
છે એ જ ચાંદની આજેય મારા કૂબામાં

-જલન માતરી (L)

•

આ ચાંદની આંખે જુઓ સૂરજના સપનાને
આકાશની લીલામાં તો સામેલ છે બન્ને

-શેખાદમ આબુવાલા (L)

•

ચાંદને કહો આજે આથમે નહિં... (૨)
પલવિતી જાયે તોય. રહી જાયે ના
વાત અધૂરી આજે
ચાંદને કહો કે આજે આથમે નહિં

-ચાલ જીવી લઇએ (૨૦૧૭) જીગર (S), સચિન જીગર - (MD)

•

હું વાસ્તવમાં કાંઇ નથી, રસ્તે પડેલો પથ્થર છું
શ્રદ્ધાથી તેને પૂજો તો પથ્થરમાં પણ ઇશ્વર છું.
હું વાસ્તવમાં કાં ઇનથી, ધોર અમાસની રાત છું.
અગિયારી બનીને નિહાળી શકો તો પૂનમનો ખિલેલો ચાંદ છું.

-શુભારંભ(૨૦૧૭) હર્ષ છાયા (S)
-ફિલ્માંકન- હર્ષ છાયા, પ્રાચી શાહ

•

ઓ ચાંદલીયા સાસુ માને કહેજે કે આણા મોકલે..

-લોકગીત - લગ્નગીત...

•


બાંધતી નહીં અંબોડલો બની ઇમરને છુટી ગયો.
રાહુ બની ઘુંઘટડો મારા ચાંદને ગળી ગયો.
કાળજા કેરો કટકો મારો ગાંઠથી છૂટી ગયો.
મમતા રૂવે જેમ વેળુમા વીરડો ફૂટી ગયો.

-લોકગીત

•

એક નજર ચાંદ પર હું કરી લઉં.
તારા ચહેરાને દૂરથી જ જોઇ લઉં.
હો મારા દિલને તસલ્લી આપી દઉં.
તારા ચહેરાને દૂરથી જ જોઇ લઉં.

-રીયા સોલંકી, અમીત બારોટ (S), રીયા સોલંકી (L)





૮
ગુજરાતી ગદ્યમાં ચંદ્ર

ચંદ્ર જેમ કવિઓનો પ્રેરણા સ્રોત અને કાવ્યોનો પ્રમુખ પહેલ રહ્યો છે તેમ લેખકો માટે પણ ચંદ્ર પ્રિય વિષય રહ્યો છે. ચંદ્ર એક અટલ તેજસ્વી આકાશી પદાર્થ તરીકે હંમેશા આકર્ષણનું કેન્દ્ર અને રહસ્યમય રહ્યો છે. ચંદ્રલોકની કાલ્પનિક વાર્તાઓ પરીકથાઓ સ્વરૂપે વર્ણવાઇ છે.પરીકથાઓમાં ચંદ્રની કલ્પનાસભર સૃષ્ટિ આલેખાઇ છે. પૌરાણિક સાહિત્યમાં ચંદ્ર વિશે માન્યતાઓ મીથ રજૂ થઇ છે જેમાં ચંદ્રને એક દેવ તરીકે, એક જીવંત પુરુષ તરીકે વર્ણવવામાં આવ્યો છે.

ચંદ્રના નામ સાથે જોડાયેલા કેટલાક સામયિકો ગુજરાતી ભાષામાં (અન્ય ભાષાઓમાં પણ) પ્રકાશિત થાય છે, જેવાં કે ચાંદામામા, ચંદ્રભાગા, ચાંદની વગેરે.

ગુજરાતી સાહિત્યની સૌ પ્રથમ મહાનવલ સરસ્વતીચંદ્રમાં ચંદ્ર શબ્દ સમાવાયો છે. તથા તેના નાયકનું નામ પણ ચંદ્ર સાથે જોડાયેલું છે. સરસ્વીચંદ્ર ઘણાં સાહિત્યાકરોનાં નામો પણ ચંદ્ર સાથે જોડાયેલાં છે.

ગુજરાતી વિવેચક અને લલિત નિબંધોના સર્જક શ્રી ભોળાભાઇ પટેલના એક નિબંધ સંગ્રહનું શીર્ષક છે. ચૈતર ચમકે ચાંદની. ભાદરણ (ચરોતર)ના વતની અને અમેરિકામાં ધંધા-બીઝનેશ ક્ષેત્રે કારકિર્દી બનાવનાર NRI શ્રી પ્રવીણ પટેલ સાહિત્યક્ષેત્રે પણ સક્રિય છે. જેમની એક નવલકથાનું શીર્ષક છે. અમાસનો ચંદ્ર, જે ત્રણ ખંડોમાં પ્રકાશિત થઇ છે.

સર્વશ્રી ભોળાભાઇ પટેલ, સુરેશ જોષી, ઉમાશંકર જોષી, કાકા સાહેબ કાલેલકર, પ્રવીણ દરજી, ચંદ્રકાંત શેઠ, જેવા લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારોએ વાર્તા, નિબંધમાંચંદ્રના સુંદર વર્ણનો કર્યા છે. નર્મદા પરિક્રમાને આધારે પ્રવાસ વર્ણનો આધારિત વિવિધ નવલકથાઓના સર્જક શ્રી અમૃતલાલ વેગડે હિન્દી તેમજ ગુજરાતી ભાષામાં ઘણાં પુસ્તકો આપ્યાં છે જેનાં અંગ્રેજી, મરાઠી, બંગાળી વગેરે ભાષાઓમાં અનુવાદો પણ થયા છે. અને ગુજરાતી તેમજ હિન્દી ભાષાનાં પ્રાન્તીય તેમજ રાષ્ટ્રીય કક્ષાનાં પુરસ્કારો પણ મેળવ્યાં છે. શ્રી વેગડનાં

નર્મદાયાત્રા આધારિત મુખ્ય ત્રણ પુસ્તકોમાં મુખ્યત્વે ત્રણ મુખ્ય પાત્રો જણાય છે. એક લેખક પોતે અને બીજો ચંદ્ર અને ત્રીજી નર્મદા મૈયા.

મોટાભાગનાં વાર્તા તેમજ નિબંધોમાં ચંદ્રના ઉલ્લેખો તેમજ ચંદ્રના મોહક વર્ણનો છે. તથા ચંદ્રની માનવમન પર થતી અસરોનાં વર્ણનો છે. ચંદ્રનું અપ્રતીમ સૌંદર્ય તથા તેની માનવીના ચિત્ત અને હૃદય પર થતી વિવિધ રૂપો, વિવિધ કલાઓનું વર્ણન કરવા સાથે સૂર્ય તથા તારાઓ સાથે ચંદ્રની કલ્પનાસભર તુલના પણ કરે છે. લેખક બ્રહ્માંડ- આકાશની વાસ્તવિકતાઓને કલ્પનાઓ સાથે જોડીને અદભૂત વિચારો આલેખે છે. ચંદ્ર જાણે કે લેખકનો ગાઢપરિચય, હમસફર ન હોય. ચંદ્રનાતેજોમય મેઘાવી વર્ણનોસાથે ફિલોસોફીકલ આલેખન અદભૂત છે.

શ્રી વેગડે 25 થી વધુ વર્ષો દરમ્યાન નર્મદાની પરિક્રમા તૂટક તૂટક રીતે કરી છે અને તેમના 75માં જન્મ વર્ષની (અમૃત મહોત્સવની) ઉજવણી નિમિત્તે પત્ની સાથે સજોડે પણ નર્મદા પરિક્રમા કરી. શ્રી વેગડનાં નર્મદા પરિક્રમા આધારિત મુખ્યત્વે ત્રણ પુસ્તકો છે.

૧. પરિક્રમા નર્મદા મૈયાની (૧૯૯૪)

૨. સૌંદર્યની નદી નર્મદા

૩. તીરે તીરે નર્મદા.

નર્મદા પરિક્રમા દરમ્યાન રાત્રિના સમયે આકાશમાં નિરીક્ષણ દરમ્યાન લેખકે અદ્ભૂત કલ્પનાઓ કરી છે અને ચંદ્ર, સૂર્ય અને તારાઓનુ વિવિધ ઉપમાઓ સહિત વર્ણન કર્યું છે. લેખકને ચંદ્રના વિવિધ રૂપોને જોઇને સ્ફૂરતું તત્ત્વચિંતન ખૂબ જ દાદ માગી લે તેવું છે.

શ્રી વેગડ શરદપૂર્ણિમાને ચંદ્રના રાજ્યાભિષેકની રાત્રિ કહે છે. વિધાતા ચંદ્રને ચૌદ દિવસ ધીરે ધીરે ઘડે છે ને ૧૫મા દિવસે એમાં પ્રાણ પ્રતિષ્ઠા કરે છે. પછી અમાસના નીલગગનમાં એનું વિસર્જન કરે છે. આ સર્જન-વિસર્જનનો ક્રમ નિરંતર ચાલતો રહે છે.

લેખક ચંદ્રના કલંકને એનાં છૂંદણાં કહે છે. ચાંદો તો રમતારામ. ક્યારેક દિવસે દેખાયને રાત્રે ગાયબ થાય. ક્યારેક પૂર્ણ કુંભને ક્યારેક બારીક રેખા। ક્યારેક સવળો તો ક્યારેક અવળો. સૂરજની મજાલ છે કે રાત્રે દેખાય? ચાંદો તો દિવસે પણ દેખા દે.

લેખકની કલ્પનાઓ અને ઉપમાઓ અદભૂત છે. ચંદ્રએ તડકાનો ચાંદનીમાં અનુવાદ કરતો અનુવાદક છે. બિચારા સૂર્ય પાસે તો આવું કોઇ મેળવણા જ નથી કે દૂધનું દહીં કે તડકાની ચાંદની કરે.

લેખક એક જગ્યાએ સહયાત્રીઓની ઘરતી સંખ્યા વિશે લખે છે- અમારૂં દળ કૃષ્ણ પક્ષના ચંદ્ર જેવું છે- ક્રમશઃ ઘટતું જશે. લેખક ચંદ્રગ્રહણનું કેવું તો સુંદર રૂપક રચે છે. રાહુ એકબિલાડો ને ચંદ્ર એ ખીરનો કટોરો. મોકો મળતાં રાહુ ખીરનો કટોરો ખાવા ત્રાટકે એ છે ચંદ્રગ્રહણ.

અમાસનું વર્ણન તો અદભૂત છે. અમાસની રાતે ચાંદો પોતાને નેપથ્યમાં મૂકીને ગ્રહ, નક્ષત્ર, તારાઓને- એના સાજિંદાઓને આગળ લાવે છે. જાણે કોઇ ગાયક ગાતાં ગાતાં વચ્ચ ચૂપ થઇ જાય છે, જેથી સંગીત કરતા કલાકારોને પ્રતિભા બતાવવાનો અવસર મળે. લેખક કહે છે કે ચંદાનો આ કંઇ નાનો સુનો ત્યાગ નથી. સૂરજમાં આવી ત્યાગભાવના છે જ કયાં ? લેખક કહે છે, અમાસનું વર્ણન પણ ચાંદા વિના ન કરી શકાય!

લેખક શુક્લ- કૃષ્ણપક્ષના બબ્બે અઠવાડિયાના મળી કુલ ચાર અઠવાડિયાને ચંદ્રના જીવન આશ્રમો સાથે સરખાવે છે. શુક્લ પક્ષનું પહેલું અઠવાડિયું એ ચંદ્રનો બ્રહ્મચર્યાશ્રમ બીજું અઠવાડિયું એટલે ગૃહસ્થાશ્રમ, પૂનમે ઐશ્વર્યની ટોચે પહોંચે ને પછી કૃષ્ણપક્ષમાં વૈરાગ્ય તરફ ઢળે. ત્રીજું અઠવાડિયું વાનપ્રસ્થાશ્રમ અને ચોથું અઠવાડિયું ચંદ્રનો સન્યાસ્તાશ્રમા છેલ્લે અમાસે એ અજ્ઞાતવાસમાં ચાલ્યો જાય. સૂર્યનો તો એક જ આશ્રમ- બ્રહ્મચર્યાશ્રમ અને એટલે જઆવો તેજસ્વી છે.

લેખકે ચંદ્રને મહાપ્રતાપી પરશુરામની ઉપમા આપે છે, જે કેટલીય વાર આકાશને નક્ષત્રી કરી ચૂક્યો છે, એને જોઇને ભલભલા નક્ષત્રો ઉભી પૂંછડીએ નાસી જાય છે.

ચાંદની અને તડકાના રૂપની ઉપમા કેટલી કલ્પનાસભર છે ?સૂર્યનો તડકો અર્ધનારીશ્વરને ચાંદની એનું ડાબું અંગ!

ચાંદાને લેખક સૂરજનો ધોબી કહે છે, કેમ કે એ સૂરજના તડકાને ધોઇને ચાંદની કરી દે છે. ચાંદની એટલે ધોવેલો તડકો સૂરજ, ચંદ્રને તારા ના અરસ પરસ કેવા વ્યવહારો લેખકે કલ્પ્યાં છે ? ચાંદો સરસ અજવાળું આપી રહ્યો છે. પણ સૂરજ આવતાં જ એના મોં પરથી નૂર ઊડી જાય. સૂરજ એને ફૂંક મારીને ઓલવી નાખે, તે વળી ચાંદો આવો જ વ્યવહાર તારાઓ સાથે તો કરે છે.

શ્રી વેગડ કહે છે કે આપણે અંધારિયાના ચંદ્રને અન્યાય કર્યો છે. પૂનમ પણ યે ચાંદોને ચાંદની લગભગ એટલાં જ હોય, પણ તિથી ૧૫માંથી એકાએક ૧ થઇ જાય. ચંદ્રુ સોળ કળામાંથી એકાએક એક કળાનો નથી થઇ જતો. અજવાળિયામાં જેમ એક એક પગથિયું ચડે, તેમ અંધારિયામાં એક એક પગથિયું ઉતરે. તેથી કૃષ્ણપક્ષની તિથીઓ ૧૪, ૧૩, ૧૨ એમ ઘટતા ક્રમમાં હોવી જોઇતી હતી. લેખક કહે છે અંધારિયામાં જ અંધેર છે. જેમ જેમ ચાંદની ઘટે તેમ તેમ તિથીઓ વધે.

શ્રી વેગડ ચાંદને મહાદાની કહે છે. ચાંદો એની અજવાળિયામાં એકઠી કરેલી ચાંદની એટલી હદ સુધી લૂટાવતો જાય છે કે એક દિવસે ખુદ નિઃશેષ થઇ જાય છે. આવો ઉદાત કોણ હશે ? સૂરજ પણ આપે છે. પણ એ એટલી હદ સુધી નથી આપતો કે સાવ ખાલી થઇ જાય.

જોકે ચાંદાની દોલત તોસૂરજની દીધેલી છે આપણે એને ચાંદાની સમજી લઇએ છીએ. શાહુકાર તો સૂરજ છે, ચાંદો તો એના કરજમાં ડૂબેલો છે. પણ કાચો માલ સૂરજનો છે ને તૈયાર માલ ચાંદાનો છે. ચાંદા સૂરજની ભાગીદારી વગર આપણને ચાંદની ન મળત!

શ્રી વેગડ ચંદ્રના માધ્યમથી રાત્રિનો કેવો તો મહિમા કરે છે તેઓ કહે છે, દિવસનું આકાશ છે રેગિસ્તાન- સૂર્ય સિવાય કંઇ ન મળે. રાતનું આકાશ છે ફૂલોની ઘાટી વધઘટ થતા ચંદ્રને જુઓ, ઝગમગ થતા તારાઓ


જુઓ, દમકતા ગ્રહો જુઓ... રાત્રીનું આકાશ વિપુલ સંપદાનું સ્વામી છે. એમાં એક વાર દાખલ થઇએ તો કલાકોના કલાકો રહી શકાય.

શ્રી વેગડનાં પુસ્તકોના એક વાચક પત્ર લેખકે તો પ્રતિભાવ લખ્યો છે કે અલૌકિક ઉપમા દ્વારા લેખક આપણને ચંદ્રનગરીમાં લઇ જાય છે. શ્રી વેગડનાં પુસ્તકોના મરાઠી અનુવાદક શ્રી માધવગડકરીએ અનુવાદની પ્રસ્તાવનામાં લખ્યું છે કે ચંદ્રતો જાણે આ પુસ્તકનો નાયક.

શ્રી અમૃતલાલવેગડ ચંદ્રમાંથી, રાત્રીના આકાશમાંથી ચંદ્રના વિવિધ રૂપોમાંથી અદભૂત વિચારો મેળવે છે અને તેને ગદ્યમાં એવા તો ઢાળે છે કે પદ્ય પણ ઝાંખું લાગે. આ કાવ્યાત્મક ગદ્યને લીધે લેખક નર્મદા મૈયાની દિવ્ય પરિક્રમાને અત્યંત રોચક બનાવે છે.

શ્રી કાકા સાહેબ કાલેલકરે પ્રવાસ નિબંધોનું ઉત્તમ સાહિત્ય ગુજરાતી ભાષાને આપ્યું છે. હિમાલયનો પ્રવાસ તથા તાજમાં કાકા સાહેબે ચંદ્રને ચાંદનીથી સર્જાતા અદભૂત દ્રશ્યોનું રોચક વર્ણન કર્યું છે.

સુરેશ જોષી, ચંદ્રકાન્ત શેઠ, ભોળાભાઇ પટેલ, પ્રવીણ દરજી વગેરે લેખકોએ વાર્તા-નિબંધોમાં ચંદ્રના વિવિધ રૂપોનું અને તેમાંથી સર્જાતા વિવિધ મનોભાવોનાં વર્ણનો કર્યાં છે, જે વાર્તા-નિબંધને વધુ રસીક બનાવે છે.





૯
નામમાં ચંદ્રનો પ્રભાવ

સ્ત્રી પુરુષના વ્યક્તિગત નામો, અટકો, ગામ-નગર, રહેઠાણ, હોટલ, ઘર, એપાર્ટમેન્ટ, સોસાયટી, નદી, સરોવર, વાવ, કુંડ વગેરેના નામોમાં પ્રકૃતિ અને આકાશી પદાર્થોનો ઘણો અંશે ઉપયોગ થાય છે, જે પૈકી ચંદ્રનો સૌથી વધુ ઉપયોગ જોવા મળે છે. વેપાર ઉદ્યોગના અગ્રણીઓ, રમતવીરો- ખેલાડીઓ, સ્વાતંત્ર્ય સેનાનીઓ, પ્રાચીન ઐતિહાસિક પાત્રો, સાહિત્યકારો, કારીગરો, સામાન્ય લોકો એમ વિવિધ ક્ષેત્રના લોકોના નામોમાં ચંદ્રનો પ્રભાવ જોવા મળે છે. ઘણી જ્ઞાતિઓ તથા અટકોમાં ચંદ્, ચંદ્ર, ચંદા, ચંદ્રનનો બહોળો ઉપયોગ થાય છે. ચંદ્ર-ચાંદ-ના ઉપયોગ વાળા ઘણા ગામો-નગરો ભારતનાં વિવિધ પ્રદેશોમાં છે. સ્થળ વાચક નામો પણ ચંદ્ર સાથે સંકળાયેલા જોવા મળે છે. આમ વિવિધ નામોમાં ચંદ્રનો ભારે પ્રભાવ જણાય છે.

ચંદ્રના પર્યાયવાચી શબ્દો પરથી પણ ઘણા નામો પડ્યા છે. ચંદ્રના 108 જેટલા પર્યાયવાચી નામો ગુજરાતી શબ્દ કોશમાં દર્શાવાયા જે પૈકી કેટલાંક નામો આ પ્રમાણે છે.

પર્યાયવાચી નામો :

અધીશ, અમલેન્દુ, અમ્રીતાંબુ, ચંદ્ર, ચંદ્રભાવ, ચંદ્રકાન્ત, ચંદ્રકિશોર, ચંદ્રકુમાર, ચંદ્રમ, ચંદ્રન, ચંદ્રનાથ, ચંદ્રરાજ, ચંદ્રિકા, ચંદ્રિમા, દિપેન્દુ, દિવ્યેન્દ્ર, દૂરીજેશ, દિવગેશ, દ્વિજેન્દ્ર, દ્વિજેન, હરમેન્દુ,હિમાંશુ, ઇન્દુ, ઇન્દુભૂષણ ઇન્દ્રલેખા ઉડુપતિ, કલપ, કુમુદેશ, કુમુદંપતિ, કલાધર, કલાનિધિ, ગ્લૌ, નિલેશ, નિલાભ, નિશીથ નિશેશ,નિશિકાન્ત, નિશાકર, નિશાચર, મૃગાંક, યામીર, રજનીશ, રજનીપતિ, રાજેશ, રોહિણિ, રોહિનિશ, રાત્રીશ, વરાલી, વિપ્રા, શશા, શશાંક, શશી, શશીકાંત, શશીની, શીતરશ્મિ, શુભાન્શુ, શીતધૂતિ, શીતગ, શીતાંશુ, સોમ, સોમેશ્વર સુધાકર, સુધાન્સુ.

ચંદ્રના કેટલાક પર્યાયવાચી શબ્દોના ઉપયોગ વડે બીજા ઘણાં વ્યક્તિવાચક નામો બન્યા છે.

અંગ્રેજી શબ્દો તથા શબ્દસમૂહ:

ચંદ્રના અંગ્રેજી શબ્દો અને તે પરથી બનેલા કેટલાક શબ્દ તથા શબ્દ સમૂહ આ પ્રમાણે છે.

Moon, Lunar - ચંદ્ર

Lunar month - ચંદ્રમાસLunar eclipse- ચંદ્રગ્રહણ

Lunatic - પાગલ, તરંગી

Lunacy - ઘેલછા, અતિ મોદ

Moon light- ચંદ્ર પ્રકાશ

Moon beam - ચંદ્ર કિરણ

Moon Shine- ચાંદની

Moonish- ચંદ્ર જેવું

Moon calf- મૂર્ખ, ખોટો ગર્ભ

Moon blind - રાત્રે જોઇ ન શકે તેવું- આંધળું

Moon striken

MNoon crazed - પાગલ, તરંગી, ચંદ્ર ઘેલું

Moon Crazy.

Honey Moon - મધુરજની, યુગલનું, પ્રથમ પ્રારંભિક પૂર્ણ મિલન.

Full moon - પૂર્ણ ચંદ્ર, પૂનમ, પૂર્ણિમા.

ચંદ્રુ માટે લોકબોલીમાં વપરાતા શબ્દો:

ચંદ્ર સ્ત્રીલીંગ તેમજ પુલિંગ (Male, Feale) બન્નેમાં વપરાય છે.

પુરુષ:

ચંદ્ર, ચાંદો, ચંદો, ચાંદલિયો, ચંદવો, ચાંદવો, ચાંદલો, ચાંદનિયો, ચાંદા રાજા, ચંદા મામા, ચાંદા મામા, ચાંદા રાણા, ચાંદ...

સ્ત્રી :

ચંદ્રી, ચંદ્રા, ચંદ્રિમા, ચંદ્રેશી, ચંદના, ચંદનવા, ચંદનિયા, ચાંદનિયા, ચંદ્રિકા, ચંદવા, ચંદુજા, ચંદ્રમા, ચંદરી, ચંદા.

ચંદ્રનો પ્રકાશ :- Moon light

ચંદુનો પ્રકાશ એ સૂર્ય પ્રકાશનું પરાવર્તન છે જે ચંદ્રકિરણ, ચાંદની, ચંદ્રિકા વગેરે નામોથી ઓળખાય છે. ચંદ્રનો પ્રકાશ ચાંદની શીતળ હોય છે, સફેદ હોય છે, મોહક હોય છે. મુનલાઇટ જેવો જ શબ્દ છે મુનલીટ- Moonlit. મુનલાઇટ ચાંદની માટે વપરાય છે જે કોઇ પણ તિથિ કે કદના ચંદ્રના પ્રકાશ મટે પ્રયોજાય છે, જ્યારે મુનલીટ ચાંદનીથી સભર, વધુ ચાંદની, સ્પષ્ટપણે જોઇ શકાય તેવી તેજોમય ચાંદની માટે વપરાય છે.

ચંદ્ર પ્રકાશ-ચાંદની એ ચંદ્રની કળાઓ તથા ચંદ્રની પૃથ્વીથી દૂરીની સ્થિતિ તેમજ આકાશમાં રજકણો વગેરેને આધારે વત્તા ઓછા પ્રમાણમાં હોય છે. ગુજરાતની લોકભાષામાં ચંદ્રપ્રકાશ ચાંદની માટે ચાંદરણું શબ્દ પ્રયોજાય છે.

ચંદ્ર સાથે જોડાયેલ શબ્દ સાથે બનેલ કેટલાક સામાન્ય નામો :

ચંદ્રમાસ, ચંદ્રલાલ, ચંદ્રદેવ, ચંદ્રરજ, ચંદ્રમણિ, ચાંદ્રાયણ, ચંદ્રધરા, ચંદ્રલોક, ચંદ્રફળ, ચંદ્રકળા, ચંદ્રકલા, ચંદ્રકૂળ, યદુવંશ, ચંદુવંશી, ચંદ્રબિંબ, ચંદુઆભા, ચંદુરાત, ચંદ્રપ્રભા, ચંદ્રધર, ચંદુયાન, ચંદ્રયાત્રા, ચંદ્રયાત્રી, ચંહદીપ, ચંહગીત, ચંહમીત, ચંદ્રપ્રિત, ચંદ્રમણિ, ટાંકહાર.

ચંદ્રવલય ચંદ્રધૂન, ચંદ્રઋણ, ચંદ્રરૂપ, ચંદ્રકેતુ, ચંદ્રપૂજા, ચંદ્રમંડળ, ચંદ્રયાન, ચંદ્રદદૂત, ચંદ્રગામન, ચંદ્રનયન, ચંદ્રનમન, ચંદ્રવધ્ન, ચંદ્રપૂજન, ચંદ્રશય,ન ચંદ્રદર્શન, ચંદ્રજીવન, ચંદ્રમિલન, અચંદ્ર ભૂવન, ચંદ્રકમલ, ચંદ્રફલક, ચંદ્રદગ્રહણ, ચંદ્રકિરણ, ચંદ્રપ્રકાશ, ચંદ્રજ્યોત, ચંદ્ર જ્યોતિ, ચંદ્ર બ્રભાત, ચંદ્રરજની, ચંહાકાર, ચંહાયન, ચંહાનન, ચંદ્રાસન, ચંદ્રાવલોકન, ચંદ્રધનુષ, ચંદ્રલોક, ચંદ્રોદય, ચંદ્રાસ્ત, ચંદ્રાવલી (શ્રીકૃષ્ણની પ્રિય ગોપી), ચંદ્રાયણ (વ્રત) ચંદ્રભેદી (યોગનો) પ્રકાર), ચંદ્રદષ્ટા (નવરાત્રિના નોરતાના ત્રીજા દિવસે પૂજાતું માતાજીનું સ્વરૂપ- ચંદ્રઘંટામાતા) ચંદ્રોત્તર (ચામડીનો પ્રકાર), ચંદ્રકલા (બિહારી મીઠાઇ) ચાંદ રાત (મુસ્લિમોનો નવા વર્ષનો - ઇદનો તહેવાર) ચાંદરણું, ચારૂચંદ, ચેટીચાંદ, (સિંધી તહેવાર) ચંદ્રદહોરા (દક્ષિણ ભારતમાં શુભ સમય) ચંદ્ર બની (માતાજી), ચંદ્રબંધુ (શંખ) ચંદ્રહારા (ડિઝર્ટભોજન), ચંદ્ર કોશ (શાસ્ત્રીય રાગ) ચંદ્ર નાડી, ચંદ્રદેવ, ચંદ્ર પ્રભુ, ચંદ્રનંદન, ચંદ્ર ધાની (સંગીતનો રાગ) ચંદ્ર વાલા (મોટી ઇલાયચી)

સ્થળ, રહેઠાણ, નગર, નદી, સરોવર, પર્વત વગેરે સાથે જોડાયેલ ચંદ્ર, ચાંદ, વગેરે...

ચંદ્ર, ચંદા, ચાંદ વગેરે જોડીને ઘણા સ્થળ વિશેષ નામો છે જેમ કે રહેઠાણ- મકાન, દુકાન,પાર્ક, નગર-ગામ, પોળ, ફ્લેટ, એપાર્ટમેન્ટ, સોસાયટી, વાડી, પાર્ટીપ્લોટ, મહેલ, દરવાજા, મંદિર, પર્વત, નદી, સરોવર, વાણિજ્ય સંસ્થાન - કંપની વગેરે.

ચંદ્ર વીણા, ચંદ્રવિલાસ, ચંદ્રવિહાર, ચંદ્ર કુંજ, ચંદ્ર વિજય, ચંદ્રલોક, ચંદ્રભૂવન, ચંદ્રરત્ન, ચંદ્રમહલ, ચંદ્ર પેલેસ, ચાંદોસૂરજ મહેલ, ચંદ્રએપાર્ટમેન્ટ, ચંદ્ર ફ્લેટ્સ, ચંદ્રરત્ન ફ્લેટ્સ, ચંદ્ર પ્રભુ ફ્લેટ્સ, ચંદ્ર પાર્ક સોસાયટી, ચંદ્રમણિ ફ્લેટ્સ,ચંદ્ર પ્રભુ કોમ્પલેક્ષ, ચંદ્રવાડી, ચંદ્ર પાર્ક, ચંદ્રદીપ પાર્ટી પ્લોટ, ચંદ્રદ્વાર, ચંદ્રપોળ, ચંદ્ર વાડા, ચંદ્ર ધાની (રીસોર્ટ) ચંદ્રગિરિ ફોર્ટ (A.P.)

ચંદ્રપુર, ચંદ્રપુરી, ચંદ્રનગર, ચંદ્રનગરી, ચંદ્રપુરા, ચંદ્રલા, ચંદ્રગિરિસીટી, ચંદ્રભાગા નગર, ચંદ્રાવતી (નગરી), ચંદ્રાવલ, ચંદ્રાવલિ, ચંદ્રાવલ્લી, ચંદર, ચંદરવા, ચંદોર, ચંદ્રોલિ, ચાંદવા, ચંદવાજી, ચંદ્રાસર, ચંદાપુર, ચંદાસીટી, ચંદ્રાવાડા, ચાંદાપુર, ચાંદાપુરી, ચાંદખેડી, ચાંદખેડા, ચાંદ (છીડવાડા-એમ.પી.), ચંદ્રાલા, ચાંદવડ, ચાંદાવાડ, ચાંદગડ, ચાંદગઢ, ચાંદલોડિયા, ચાંદરડા, ચાંદણસર, ચાંદાનગર, ચાંદ બાલી, ચંદના, ચંદાવલ, ચાંદોદ, ચંદેરી, ચાંદેરી, ચંદ્રૌતિ, ચંદ્રમાણા, ચુડા ચાંદપુર, નાની ચંદૂર, મોટી ચંદૂર, ચાંદેરી, ચંદ્રૌણિ, ચંદ્રમાણા, ચૂડા ચાંદપુર, નાની ચંદૂર, મોટી ચંદૂર, હરચંદપુર, ચંદ્રપ્પા, ચૂઢચંદપૂર (મણિપુર)

ચંદ્રગિરિ(નદી) ચંદ્રતાલ, ચંદ્રબંધ, ચંદ્રકુંડ, ચંદાકૂંડ, ચંદ્રસર, ચંદ્રતાલ, ચંદ્રઝીલ, ચંદ્ર નદી, ચંદ્રપુલ, ચંદ્રઘાટ, ચંદ્રોડા (તળાવ, ચંદ્રાવતી, ચંદ્રલોઇ, ચંદ્રભાગા, ચંદ્રવંદા, ચંદ્રવાગા, ચંદ્રગુપ્તા, ચંદ્રગિરિ (પર્વત), ચાંદલિયો (ડુંગર), ચંદ્રગિરિન (નદી) ચંદ્રશીલા (ઉત્તરાખંડ), ચંદ્રતીર્થ, ચંદ્રકોના, ચંદ્રગુપ્તા, ચંદ્રભાન, ચંદ્ર સ્થાલમાં, ચંદ્રક્ષેત્રમ્, ચંદ્રશીલા (ઉત્તરાખંડ), ચંદ્ર તીર્થ ચંદ્રકોના ચંદ્રગુપ્તા, ચંદ્રભાન, ચંદ્રસ્થલમ્, ચંદ્રક્ષેત્રમ્, ચંદ્રોદય (શ્રીકૃષ્ણ મંદિર-ઇસ્કોન, પં. બગાળ), ચંદ્રકેતુગ્રહ (પુરાવતત્વ સાઇટ- પ. બંગાળ), ચંદા પેરાડાઇઝ (મેરેજ પાર્ક પ્લોટ), ચાંદવાવડી (રાજસ્થાન) ચંદ્રના અંગ્રેજી શબ્દ મુન પરથી મુનલાઇ, મુનલેન્ડ, મુનસ્પોટ, મુનપાર્ક, મુન સ્ટોન, મુનપીક, મુન સાઇન, મુન સીટી જેવા રહેઠાણ સ્થલ લક્ષી નામો છે.

ચાંદ વેબ સાઇટ લોજીસ્ટીક સપોર્ટ માટેની છે. એસ ચાંદ એન્ડ કંપની દિલ્હી સ્થિત પબ્લીશર (પ્રકાશક) કંપની છે.

ચંદ્ર, ચંદની જેમ ચંદર વાળી અટકો :

કૃષ્ણ ચંદ્ર પરથી કૃષ્ણચંદર થયું. આવી અન્ય અટકો ત્રિલોક ચંદર, ત્રિલોકી ચંદર, ત્રિલોગ ચંદર, બાલાચંદર, કૃષ્ણચંદર, મહાચંદર, રવિચંદર વગેરે... પંજાબ અને હરિયાણામાં ચંદર અટક વધુ વપરાય છે.

ચંદ્રન :

ચંદ્ર, ચંદને બદલે ચંદનનો ઉપયોગ ચંદન એ ચંદના અપભ્રંશ તરીકે વપરાય છે. નીતાચંદ્રન, સુધાચંદ્રન, રવિચંદ્રન, રામચંદ્રન, શિવચંદ્રન, જગદીશચંદ્રન, બાલચંદ્રન, બાલચંદ્રન, ગીતાચંદ્રન, ગીથાચંદ્રન, શરથચચંદ્રન વ. દક્ષિણ ભારતીયોમાં ચંદ્રન અટક વધુ વપરાય છે.

ચંદ્રા :

ચંદ્ર નામની જેમ અટકની પાછળ પણ લખાય છે. અથવા ચંદ્ર જ અટક તરીકે લખાય છે.અંગ્રેજીમાં ચંદ્ર લખાય ત્યારે છેલ્લો અક્ષર એ - વ આવે છે તેથી ચંદ્રને ચંદ્રા તરીકે બોલાય છે. આથી જ અટકમાં ચદ્રને સ્થાને ચંદ્રા લખવા બોલાવાનો રીવાજ પ્રચલિત છે.

અમત ચંદ્રા, એન ચંદ્રા, જગદીશ ચંદ્રા, જય ચંદ્રા, નવીન ચંદ્રા, નીતુ ચંદ્રા, મધુ ચંદ્રા, સુધા ચંદ્રા, સુભાષ ચંદ્રા, રવિ ચંદ્રા, રીતુ ચંદ્રા, વગેરે વળી ચંદ્રાવતમાં ચંદ્રા આગળના ભાગે આવે છે. એક મહારાષ્ટ્રીયન અટક છે- ચંદ્રાત્રે.

ચંદા :

ચંદા નામની પાછળ કે અટક તરીકે લખાય છે જે ચંદના અંગ્રેજી વર્ણનને કારણે પ્રચિલત થયેલ છે. ચંદ અંગ્રેજીમાં લખાય ત્યારે છેલ્લો અક્ષર એ - વ લખાય છે. તેથી ચંદને સ્થાને ચંદા બોલાય- લખાય છે. જેમ કે, મહન ચંદા, મધુ ચંદા, મન ચંદા, માનચંદા, નયન ચંદા, ઋતુ ચંદા.

વિવિધ પ્રદેશો તથા ભાષાઓમાં ચંદ્ર ચાંદ સંલગન શબ્દો વાળી અટકો :

અટકમાં ચંદા :

મધુ ચંદા, મન ચંદા, મદન ચંદા, માન ચંદા, નયન ચંદા

ચંદથી શરૂ થતી અટકો :

ચંદવાણી જે મૂળ રૂપે ચંદ્રવાણી હોય, ચંદવાણી અંગ્રેજીમાં લખતા-વાંચતા ચંદવાની થયું. ચંદના, ચંદનાની ચાંદના જેવી અટકોચંદ, ચાંદ પરથી બની છે.

કેટલીક સિંધી અટકો :

ચંદ પરથી ચંદાણી કોઇક શબ્દની પાછળ લગાવીને અટકો બની છે, જે સિંધી સમાજમાં પ્રચલિત છે. અંગ્રેજીમાં ચંદાણી લખતા Chandani થાય તેથી ચંદાણીને બદલે ચંદાનીનો ઉપયોગ પ્રચલિત થયો છે, જેમ કે, ઉત્તમ ચંદાની (ઉત્તમ ચંદાણી), કરમ ચંદાની, ખૂબ ચંદાની (ખૂબ ચંદાણી), ચંદવાની (ચંદવાની0, ચંદી રામની, ટેકચંદાની, દીપચંદના, બાલચંદાની, ભગચંદાની, ભાગચંદાની, માનચંદાની, મીરચંદાની, મૂલચંદાની, રામચંદાની, રાયચંદાની, લાલચંદાની, હેતચંદાની, ખાનચંદાની, હરખચંદાની

સામાન્ય અટકો :

ચંદ્ર, ચંદ્રગડે, ચંદ્રવાડિયા, ચંદ્ર, ચાંદ, ચંદર, ચંદ્રન, ચંદ્રપ્પન, ચંદ્રપ્પા, ચંદા, ચંદ્રા, ચંદ્રુ, ચંદરૂ, ચંદે, ચંદેકર, ચંદરે, ચંદેશી, ચંદેરિયા, ચંદ્રાની, ચંદાણી, ચંદાની, ચંદ્રાણી, ચંદના, ચંદ્રવંશી, ચંદ્રમૌલિ, ચંદ્રાવત, ચંદ્રાવત, ચંદ્રાવલિ, ચંદ્રાવલ, ચંદ્રાકર, ચંદાવાકર, ચંદાવરકર, ચંદ્રરવાકર, ચંદ્રૈયા ચંદ્રૈયાહ, ચંદવાણી ચંદવાની, ચંદ્રવાણી, ચંદ્રપાણિ, ચંદ્રગડે, ચંકીરામાણી, ચંદ્રરામાણી, ચંદના, ચંદારાણા, ચંદાવાલા, ચાંદના, ચાંદુરકર, ચાંદે, ચાંદેકર, ચાંદેસર, ચાંદેસરા, ચાંદગાડે, ચાંદુપરી, ચાંદનવાબ,

એકપારસી અટક :

દાદા ચંદ્રજી

સ્ત્રી નામોમાં ચંદ્ર :

